વિવેકની ન્યુનતા.

Reg No. B. 2917
છુટક નકલ ૧ આનો

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતન યુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ સી. કોઠારી.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
વાર્ષિક લવાજમ રૂ. ૨-૮-૦

વર્ષ ૨ જું, અંક ૨૩ મો.
શનીવાર તા. ૧-૪-૧૯૩૩.

## જૈનો ને અસ્પૃશ્યતા.

જૈનોમાં તો અસ્પૃશ્યતાની ગંધ સરખીયે ન હોવી જોઇએ એમ જૈન પુસ્તકોના અને જૈન મિત્રોના પરિચયથી જાણ્યું છે. પણ અસ્પૃશ્યતાનો સ્પર્શ તો જૈનને પણ સારી પેઠે લાગેલો છે. કવિશ્રી રાજચંદ્ર કહેતા કે જૈન મત મુખ્યત્વે વણિકવર્ગમાં પ્રસર્યો તેથી જેમાં અલૌકિક વીરતા હોવી જોઇએ તેમાં ભીરુતા આવી વસી, અને જેમાં ઉત્તમ જ્ઞાન હોવું જોઇએ તેમાં શુષ્કતા આવી ગઇ, અને જ્ઞાનહિન તપનો કશો પ્રભાવ ન રહ્યો. જૈનોનો સારો પરિચય હોવાથી આ આરોપમાં જે સત્ય ભરેલું છે તેનો હું સાક્ષી છું ને તેથી મને હંમેશાં દુઃખ રહ્યું છે. અહિંસા ધર્મ જૈનોએ પોતાનો ઇજારો માન્યો છે, પણ તેનું ખરું સ્વરૂપ તો છેક ઢંકાઇ ગયું છે. મનુષ્યેતર જીવો પ્રત્યેની દયાએ પણ વક્ર સ્વરૂપ પકડ્યું છે, ને તેનો અમલ બળાત્કારે કરાવતાંયે ઘણા જણ અચકાતા નથી. જો જૈનોમાં અહિંસા શુદ્ધ રૂપે જળવાતી હોત તો અસ્પૃશ્યતાની ગંધ સરખી જૈનોમાં ન હોત ને જૈન માત્ર પ્રેમની મૂર્તિરૂપે જોવામાં આવત અને જૈનોમાંથીજ સેવકો ને સેવિકા હજારોબંધ નીકળી પડત.

**મોહનદાસ ક. ગાંધી.**

[હરિજન બંધુમાંથી]

# હું નાશ માગું છું.

હું આજની આપણી એ સમાજ-રચનાનો નાશ માગું છું કે જે સમાજ-રચના ખાસિયતોને માટે સરજાયેલી માનવજાતની અંદર પરસ્પર વિરોધી વર્ગો ઉભા કરે છે; જે સબળ અને નિર્બળના વાડા પેદા કરે છે, શ્રીમંત અને મુફલીસના ભેદભાવોને જન્મ આપે છે, અને જે માનવીઓને વિશિષ્ટ અને અનિષ્ટ બનાવે છે. કેમકે આ જાતનાં વર્ગીકરણ આપણને સહુને સરખેસરખા અભાગી બનાવે છે.

આજના સમાજ તંત્રમાં કરોડો માનવીઓ મુઠીભર માનવીઓની ગુલામી બરદાસ્ત કરે છે, અને એ મુઠીભર માનવીઓ પોતાની દોલતની ગુલામી ઉઠાવે છે. હું આજના આવા સમાજ-તંત્રનો નાશ માગું છું.

હું એ તંત્રનો નાશ માગું છું કે જે તંત્ર મજૂરીમાંથી મોજ હરી લે છે, જે તંત્ર મજૂરીને ગુલામી સમી બનાવે છે અને મોજને દુર્ગુણ સમી બનાવે છે. આજના એ તંત્રનો નાશ માગું છું કે જે એક માનવીને જરૂરત કરતાં ખૂબ ઓછું આપીને કંગાલ રાખે છે અને બીજા માનવીને જરૂરત કરતાં ઘણું વધારે આપી ચિન્તાતુર બનાવી દે છે.

હું આજના એ સમાજ તંત્રની ઇમારતને જમીનદોસ્ત કરવા માગું છું કે જે તંત્ર અર્થહીન મીલોની પાછળ, મરેલા માણસોની પૂજા પાછળ, માનવજાતની સર્વોત્તમ રચના શક્તિ વેડફી નાંખે છે.

જે તંત્ર માનવજાતના એક ભાગને અર્થહીન ધંધાઓમાં પરોવી રાખે છે, જે તંત્ર લશ્કરી, કારકુની, સટ્ટાખોરી, વ્યાજખોરી અને એવાં બીજાં અનેક સુસ્ત કામકાજોની પાછળ, હજારો માનવીઓ પાસે એમની જુવાનીનાં જોમનું બલિદાન અપાવે છે, અને આ તિરસ્કાર યોગ્ય ધંધાઓમાં સામેલ નહિ એવી શેષ માનવજાત પાસે અસહ્ય મજૂરી કરાવી એમની જીંદગીનો તમામ રસ લૂંટી લે છે. હું એ તંત્રનો નાશ માગું છું.

બળાત્કાર, જુઠાણું, આંસુ, ગમગીની, ત્રાસ, દુઃખ કંગાલિયત, દગાખોરી અને ગુન્હેગારીની ઇંટોથી ચણાયેલી, સન્નિપાતના ઓથાર સમી આજના સમાજ-તંત્રની ઇમારતનું નામોનિશાન રદ કરવાની મને તમન્ના છે. એ સમાજ તંત્રની એકેએક યાદગીરીનો હું નાશ ચાહું છું.

[ફુલછાબ માંથી]

રિચર્ડ વાગનર.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો; સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧-૪-૩૩


## વિવેકની ન્યુનતા.

ધર્મને નામે ઉજવાતા ઉત્સવો કે રૂઢીઓ હજુએ એની એ ઘરેડે ચાલે છે. એમાં સુધારાને અવકાશ છે. એમાં સંગીન દીર્ઘદ્રષ્ટિની આવશ્યકતા છે. જ્યાં લાભ-હાનીનો હિસાબ કાઢનાર વણિકો આજે પોતાની વિવેક શક્તિ ગુમાવી દઈ 'આગેસે ચલી આતી હૈ' એ કહેવત અનુસાર જાણે કે એમાં પરિવર્તન કે સુધારણાને જરાએ અવકાશજ ન હોય તેમ વિચાર શૂન્ય બની એની એ સ્થિતિમાં ચલાવ્યાજ કરે છે, એ અતિ દુઃખદાયક છે. શાસ્ત્રકાર મહારાજનો કહે છે કે **तम्हा सव्वाणुण्णा सव्वनिसेहो य पवयणे नत्थि, आयं वयं तुलिज्जा लाहकंखिव्व वाणियओ ॥** ભાવાર્થ "જૈનદર્શનમાં એકાંત કોઈ પણ કોઈ બાબતની અનુજ્ઞા એટલે ફરમાન અને નિષેધ નથી. પણ લાભને ઇચ્છનાર વાણીયાની જેમ લાભ અને હાનીનો વિચાર કરવાનું કહી જૈન દર્શનમાં એકાંતે આદેશ કે નિષેધ નથી એમ બાપોકાર જાહેર કરે છે ત્યારે આપણે વાણીઆઓ એટલે વ્યાપારીઓ લાભ હાનીનો વિચાર કરવામાં ધર્મના નામે ઉજવાતા ઉત્સવો કે રૂઢીઓ, સંબંધે લાભ-હાનીનો બીલકુલ વિચાર કર્યા સિવાય ચલાવી લઈએ તો તેમાં આપણી વિવેક શૂન્યતાજ કહેવાય.

આપણે જો વિચાર કરીશું તો જણાશે કે આપણા ધાર્મિક ઉત્સવોમાં-પર્યુષણ પર્વ લ્યો કે આપણા ઓચ્છવો જુવો, આપણા ઉજમણાં જુવો કે ઉપધાન જુવો, દરેકમાં વિકૃતિ સિવાય કાંઈ નજરે નહિ પડે. આનું કારણ ફક્ત એકજ છે અને તે એ કે આપણને **ધર્મ કરતાંએ આપણા યશોકીર્તિની ફીકર છે.** જો ધર્મના ખાતરજ આ ઉત્સવો કે રૂઢીઓ પોષાતી હોત તો આપણે વિચાર શૂન્ય બની એને ન પોષત; પરંતુ આપણું ધ્યેયજ લગભગ આપણી નામદારી કરવાનું હોય છે એટલે જૈન સમુદાયમાં સારૂં શું કહેવાશે, લોકોમાં વાહવાહ શી રીતે થશે એ દૃષ્ટિબીંદુથીજ તે પ્રસંગો ઉજવાતા હોવાથીજ આપણે તેનો આત્મા ગુમાવી દઈ ક્લેવરનેજ પુષ્ટ રાખી છીએ. એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી.

ધાર્મિક તહેવારો, ઉત્સવો કે રિતરિવાજોમાં ઉજમણાં સંબંધમાં હાલ તુર્ત વિચાર કરીશું તો જણાશે કે એમાં મોટે ભાગે વાહવાહ અને સસ્તી કીર્તિ મેળવવા સિવાય બીજું કશો હેતુ નથી. કદાચ એમ કહેવાને લલચાઈએ કે કોઈ મહાપુરૂષ-સાધુ-ઇત્ર ઉજમણામાં મુકાએલ મુનિના ઉપકરણ માત્રથી ચારિત્રની ઇચ્છાવાળો થાય તો તે મહાલાભનું કારણ છે. અમારે કહેવું જોઈએ કે આ લાભ આપણે સ્વીકારી લઈએ તો પણ એ કદાચિત્ બનનાર પ્રસંગ છે. એટલે દરેક ઉજમણામાંથી આ જાતનો લાભ મળશે એમ નજ કહી શકાય અને તેવા કવચિત્ મળતાં લાભ ખાતર દર વર્ષે લાખો રૂપીઆનો ખર્ચ કરવો એ કેવળ વિવેકશૂન્યતાજ છે.

લાભને ઇચ્છવાવાળા વાણીઓ લાભ-હાનીનો વિચાર પ્રથમથીજ કરે તેમ ઉજમણાના સંબંધમાં વણિક વૃત્તિવાળા આપણે લાભહાનીની દૃષ્ટિથી વિચાર કરીએ તો જણાશે કે ઉજમણું એટલેજ ઉજવવું, ઉજમણાની શરૂઆત ક્યારથી થઈ એ ઐતિહાસીક વિષય છે એટલે એ વિષયની અનભિજ્ઞતા-થીએ ન કહી શકીએ તો પણ એટલું તો ખરૂંજ કે વર્તમાનમાં જે રીતે ઉજમણું કરવામાં આવે છે તે રીતે તો નહીંજ થતાં હોય, કારણ આજની માફક કેવળ ચંદરવા પુંઠીયામાંજ ઉજમણાની ઇતિ કર્તવ્યતા નહિંજ ગણાતી હોય. આજે તો ઉજમણાની વાસ્તવીક કિંમત એમાં બાંધેલા ચંદરવા પુંઠીયાની કિંમતમાંજ આવીને રહે છે. ચંદરવા, પુંઠીયા અને અમુક ઉપકરણો એજ ઉજમણાની વિશેષતા નજ હોય, એ સહેજે વિચારી શકાય તેમ છે. એટલે અમને એમ લાગે છે કે ચૈત્યવાસીઓએ પોતાનું પોષણ કરવા જે જુદી જુદી આમ્નાયોઓ શરૂ કરેલી તેમાંની આ પણ એક હોય તો ના ન કહી શકાય. આ કેવળ અનુમાનજ છે. સત્ય સત્ય જ્ઞાની ગમ્ય છે. ગમે તેમ હોય તેની સાથે નીસ્બત નથી પરંતુ વર્તમાનમાં ઉજવાતા ઉજમણાઓથી શાસનને, ધર્મને કે ઉજમણું કરનારને લાભ છે? અને હોય તો કેટલો? એજ વિચારવાના મુદ્દા છે.

અમારે કહેવું જોઇએ કે આથી ધર્મને કે શાસનને કશો પણ લાભ નથી ઉજમણું માંડનારને લાભ હોય તો ફક્ત એટલોજ કે જેટલા પ્રમાણમાં વધુ આડંબર કરવામાં આવ્યો હશે તેટલા પ્રમાણમાં વધુ વાહવાહ મેળવી નામદારી યાને કીર્તિ મેળવશે. એ દૃષ્ટિએ લાભ તો ખરેજ એમાં કોઇથી પણ ના કહી શકાય તેમ નથી. પરંતુ એ નામદારી કે કીર્તિ ધર્મના નામે મેળવાય છે એ ભુલી જવા જેવું તો નથીજ.

ધર્મના નામે શું કમાવાનું હોય? ધર્મના નામે તો તોડવાના હોય કર્મના બંધ કોઇ મહાપુરૂષ જણાવશે કે ચંદરવા પુંઠીયારૂપી ઉજમણાથી પુણ્ય કમાવાય છે કે ધર્મનાં બંધ તુટે છે?

અમારી દૃષ્ટિએ તો લાગે છે કે જ્ઞાન નિમિત્તે થતા તપની પુર્ણાહુતી પછી તેના ઉજવવામાં આવતા ઉત્સવનેજ ઉજમણું કહેતા, અને તેવા ઉજવવામાં આવતા ઉજમણાથી ધર્મને, શાસનને લાભ થાય એ પણ તેમાં હેતુ હતો. ઉજમણું જ્ઞાન નિમિત્તે થતાં હોવાથી ઉજમણાના બહાને તે કાળના જમાનામાં જ્ઞાનની પુજા નિમિત્તે આગમો અને શાસ્ત્રીય ગ્રંથો લખાવીને તેનું બહુમાન કરવા ખાતર વસ્ત્રોનાં વગેરે ચઢાવીને, પુસ્તકોને સુંદર બાંધવા વિગેરેમાં કીંમતી ચંદરવા પુંઠીયા બાંધી ચૈત્યોના દર્શનાર્થે (સારૂં લખાયેલા) પુસ્તકો પધરાવવામાં આવતાં અને ઉત્સવ મનાવાતો, આથી એમાં એ હેતુ સિદ્ધ થતો કે પોતે જ્ઞાન પ્રાપ્તિ નિમિત્તે જ્ઞાનાવર્ણીય કર્મના ક્ષયોપશમ માટે તપશ્ચર્યા કરી જ્ઞાનને મેળવે અને સાધન સંપન્ન હોય તો બીજાઓ પણ જ્ઞાનનો લાભ લઇ શકે. પોતાની શક્તિ અનુસાર જ્ઞાનનો ફેલાવો કરવા ખાતર પુસ્તકો લખાવી આ પ્રમાણે તેનું બહુમાન કરે કે જેથી બીજાઓને એ રીતે જ્ઞાન મેળવવામાં અને જ્ઞાનના સાધનો રૂપ પુસ્તકોનો ફેલાવો કરવાના

# અયોગ્ય દીક્ષા પધ્ધતિ એ સામાજિક બદી છે.

( તા૦ ૫-૩-૩૩ ના રોજ મુંબઇમાં મળેલી જાહેર સભામાં શ્રી પરમાનન્દ કાપડીઆએ 'અયોગ્ય દીક્ષા' અંગે જે મંતવ્યો રજુ કર્યાં, તે સમાજ આગળ વિસ્તારથી અમે રજુ કરીએ છીએ. —તંત્રી.)

ગતાંકથી ચાલુ.

આ તો મોટી ઉંમરે દીક્ષા લેનારની ત્યાગ ભાવનાનું વિવરણ કર્યું, પણ નાની ઉંમરના અજ્ઞાન છોકરાઓને દીક્ષા આપી દેવાનો આપણા કેટલાક સાધુઓને શા માટે આટલો બધો આગ્રહ બંધાયો છે તે મારી સમજમાંજ આવતું નથી. કેટલાક સાધુઓ તો એમ માની રહ્યા છે કે દીક્ષા આપવા ખાતર કોઇના પણ છોકરાને ભગાડવામાં, નસાડવામાં, છુપાવવામાં, તેની ખાતર લાંચો આપવામાં અને ગમે તેવા માયામૃષાવાદ સેવવામાં કશો દોષજ લાગતો નથી. આતે જૈન ધર્મની કઇ જાતની સમજણ છે એ કોઇ સમજાવશો? આમાં સાધુના પંચ મહાવ્રતનું કઇ રીતે પાલન થાય છે તે સમજવામાં આવતું નથી. આમાં અહિંસા ક્યાં જળવાઇ? સત્ય ક્યાં જળવાયું? અસ્તેય ક્યાં રહ્યું? અપરિગ્રહવ્રત શી રીતે રક્ષાયું? આતે કઇ જાતનું ગાંડપણ સમજવું? આ છોકરાઓને સમજણ પૂર્વક અને માબાપની સંમતિથી દીક્ષા આપવામાં આવતી હોય તો પણ તે દીક્ષા એકદમ વાંધા પડતી છે, કારણ કે દીક્ષાનો પાયો વૈરાગ્ય છે. અને વૈરાગ્યનો પાયો અનુભવ છે. કેવળ પોપટીયા જ્ઞાનથી 'સંસાર અસાર છે' એમ બોલનારને વૈરાગી કહેવો તે પોતાની તેમજ સમાજની વંચના કરવા બરોબર છે. આવી રીતે દીક્ષા જેવા કડક વ્રતથી અજ્ઞાન બાળકોને જીવનભરની પ્રતિજ્ઞાથી બાંધી લેવાનો કોઇ પણ સાધુ યા શ્રાવકને અધિકાર નથી. એટલુંજ નહિ પણ તે બાળકના માતા પિતાને પણ તેવો અધિકાર છેજ નહિ. કેટલાક મધ્યમ માર્ગી સાધુઓ એમ સૂચવે છે કે માબાપ રજા આપે તો પછી આપણે બાળ દીક્ષા સામે વાંધો લેવો ન જોઇએ. આના જવાબમાં જણાવવાનું કે પ્રથમ તો માબાપને આ રીતે પોતાના બાળકોને જીંદગીભર કડક જીવનની પ્રતિજ્ઞાથી બાંધી લેવા દેવાનો અધિકારજ નથી. જેવી રીતે આજે બાળલગ્ન નિષેધ સંબંધમાં સમજુ સમાજમાં બે મત રહ્યાજ નથી, તેવીજ રીતે બાળદીક્ષાને પણ આજની વિચારક દુનિયા કદિ સંમતિ આપી શકે તેમ છેજ નહિ. બીજું આજ સ્વતંત્રમાં એ જણાવવાનું છે કે આપણા ગરીબ, દરિદ્ર અને અધઃ-પતિત દેશમાં માબાપની સંમતિ ખરીદી શકાય છે એ શું આજે કોઇને અજાણ્યું છે? હજુ થોડાજ વર્ષો પહેલાં કન્યા વિક્રયની પ્રથા આપણા સમાજમાં શું ઓછી પ્રચલિત હતી? તેથી માબાપની સંમતિ હો યા ન હો—બાળ દીક્ષાને આજના કાળમાં કોઇ રીતે સંમતિ આપી શકાય તેમ છેજ નહિ.

આ વિચાર સામે કેટલાક લોકો પૂર્વકાળમાં બાળવયે દીક્ષા લઇને આગળ ઉપર બહુ સુપ્રસિધ્ધ બનેલા આચાર્યોના દાખલા ટાંકે છે અને ખાસ કરીને શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો દાખલો આગળ ધરે છે. આના જવાબમાં જણાવવાનું કે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને તેમના જેવા અન્ય મહાન્ આચાર્યો સામે આપણે કશું કહેવાનું છેજ નહિ. પણ મારો સામે પ્રશ્ન છે કે પૂર્વકાળમાં બાળ લગ્નથી પ્રચલિત થયેલા છતાં આગળ ઉપર ખુબ મહાન પદને પહોંચેલા અનેક મહાપુરૂષોના નામ આગળ ધરવામાં આવે તેથી આપણે કદિ પણ બાળ લગ્નને સંમતિ આપીશું ખરા? પૂર્વાચાર્યો કે પૂર્વ શાસ્ત્રકારોને આક્ષેપ કે કશું પણ બોલવાનો આપણને અધિકાર નથી. પહેલાં કદાચ નાની ઉંમરે દીક્ષા આપવાની પ્રથા હશે; આજ એ પ્રથામાં છેલ્લા છેલ્લાં પચાસ સો વર્ષના અનુભવ ઉપરથી આપણે ફેરફાર કરવા માંગીએ છીએ. ધાર્મિક પ્રથામાં ફેરફાર માંગવો એમાં ધર્મના અંગભૂત તત્વોને કશો બાધ આવતોજ નથી.

આ સંબંધમાં બાળ દીક્ષા આપવાને અધીરા બનેલા સાધુઓને મારો તો એ પ્રશ્ન છે કે જે આવ્યું તેને તેની ઉંમર, સંયોગ કશું પણ વિચાર્યા સિવાય તમને દીક્ષા આપી દેવાનો આટલો બધો આગ્રહ કેમ બંધાયો છે? તેમ બાળકો કે જેને તમે દીક્ષા આપવા ઇચ્છતા હો તેને સાથે રાખો, ફેરવો, ધર્મશાસ્ત્રોનું સંગીન જ્ઞાન આપો, અને તે બધી રીતે તૈયાર થાય અને યોગ્ય ઉમ્મરનો થાય એટલે દીક્ષા આપો. દીક્ષા આપવાને ઉત્સુક સાધુઓ તેમજ ગૃહસ્થો શા માટે દીક્ષાને માટે તૈયાર કરે એવી કેળવણીની સંસ્થા કાઢતા નથી, અને આવી સંસ્થામાં પાંચ પાંચ કે દશ દશ વર્ષની સાંગોપાંગ કેળવણી આપી તેમજ ભિન્ન ભિન્ન ધર્મો, દર્શનો, તથા ભાષાઓમાં નિષ્ણાત બનાવી પરિપક્વ વયે તેની યોગ્યતા તપાસી તેને સાધુ પદે આરૂઢ કરવાની યોજના વિચારતા નથી? આવી યોજનાને સૌ કોઇ જનરી તેટલો સહકાર આપશે, શું તમે એમ માનો છો કે આપણને સાચા સાધુ નથી જોઇતા? સાચા સાધુ એ તો ધર્મનો ખરો આધાર છે. સાચા ત્યાગી અને વૈરાગી વિના સંસારનો ઉત્કર્ષ અસંભવિત છે. અયોગ્ય દીક્ષા સામેના વિરોધના મૂળમાં ખરી રીતે સાચા સાધુને પ્રાપ્ત કરવાનીજ તિવ્ર ઝંખના રહેલી છે. આ સૌ કોઇ સમજે અને ચાલુ પરિસ્થિતિમાં પ્રસ્તુત નિબંધ વર્તમાન દેશકાળ વિચારીને જે કાંઇ ફેરફાર કરવા માગે છે તેને સહર્ષ સૌ કોઇ વધાવી લે એ સર્વ જૈન બંધુ ભગિનીઓને મારી નમ્ર ભાવે વિજ્ઞપ્તિ છે. સંપૂર્ણ.

---

કાર્યમાં અનુકરણીય બને. આ હેતુથી ઉજમણા કરવામાં આવે તો જ્ઞાનનો ફેલાવો થઇ ધર્મને કે શાસનને જરૂર લાભ થાય અને સાથે સાથે બીજાઓને અનુકરણીય બની ફળ-ભાગી બને.

આજે પુસ્તકો લખાવાને બદલે છપાવી શકાય છે. એટલે ભંડારમાં અને પ્રકટ થયેલા પુસ્તકોનું સંશોધન કરાવી ઉજમણામાં પધરાવવામાં આવે અને પછી તે પુસ્તકોનો બહોળો ફેલાવો થાય તેમ એની વ્યવસ્થા કરવામાં આવે તો સમાજને કેટલો લાભ થાય, એ સહેજે કલ્પી શકાય તેમ છે. આપણે આજે ઉજવાતા ઉજમણામાં ચંદરવા પુંઠીયા પાછળ હજારો અને લાખો રૂપીઆનો જે ખર્ચ પુસ્તક પ્રકાશન નિમિત્તે ખર્ચી તેના ઉત્સવમાં બાકીનો ખર્ચ કરવામાં આવે તો પરિણામે પોતાને, ધર્મને—શાસનને ઉપયોગી અને લાભદાયી થઇ પડે.

**ન્યાતની બેઠક**.........અનુ. પૃષ્ઠ ૧૮૨ થી

**મોતીચંદ**—"મારી કને ભરાવા આવતાં મેં તો પરખાવી દીધું કે પ્રથમ શેઠના ભરાવી લાવો પછી વાત! ધોળીયા કંઇ મફત નથી પડ્યા."

હનુમાનના પુંછડા પ્રમાણે એક પછી એક મહાશયોના ટેકા શેઠની 'હા' માં ભળતા જોઇ રસિકની ધીરજ ખુટી ગઇ. તે પોકારી ઉઠ્યો.

"આટલી રકઝકમાં વખત ન ગુમાવતાં વાંચવા માંડોને. એમાં તે ક્યો તમારો કીર્તિનો કોટ તુટી પડવાનો છે?"

એટલામાં નાનુ આગળ આવી નમ્રતાથી બોલ્યો:—

"શેઠ સાહેબ, વિદ્યાર્થીની અરજી તો મેં લખી છે. મારે અભ્યાસ આગળ વધારવો છે. તે ખાતર થોડી રકમની મદદ માંગી છે. મેટ્રીક પસાર કરી જ્યાં હું કમાતો થયો કે તમારી રકમ હપતાથી ભરપાઇ કરીશ. આ ધરમાદાનું કામ હોઇ અગત્યનું છે. માટે એને અભરાઇ પર ન ચઢાવો. કેળવણી વિના આપણા સમાજનો ઉદ્ધાર નથીજ."

**ધરમચંદ**—"જેના નામે હમણાંજ રાજીઆ ગવાયા એવી નાસ્તિક બનાવનાર કેળવણી સારૂ ન્યાતના પૈસા અપાય! હરગીજ ન બને. જેને જરા પણ ધરમ વ્હાલો હશે તે કદી પણ હકારો ભણશેજ નહિં."

**એક યુવક**—"ધર્માકાકા, તમો સાચું વદો છો (!) તમારા સરખા ધર્મી (!) ભણવામાં સહાય કરે તો પાપ લાગે, પણ કોરટમાં કેસ લડવા સારૂ હજારોનું આંધણ મૂકે, દીકરીના ખાવા લેનારની ન્યાત જમે, જ્ઞાન ખાતાના ચંદરવા હોઇયા કરી જના-રના મશીહા ઉઠાવે, અને શરમમાં ધરમાદાના પૈસા ડૂબાવા દે, એ બધામાં આનંદથી ભાગ લીધો જ્યાં પાપનું નામ ન ગણાય! અરે એ તો મહાન 'ધરમ' કર્યો એમ ગણાય નહિં વારૂ!"

એક ડોસાજી ક્રોધથી રાતાપીળા થઇ બરાડી ઉઠ્યા:—

"કોણ છે એ હરામખોર? અમને બધાને આજે મૂર્ખા સમજી લવારો કર્યે જાય છે, એટલે શું? શેઠ, પરથમ એનો વહેવાર કાપો."

"મુરબ્બીજી, ચુપ રહો, નહિં તો યાદ રાખજો કે આજે રેવડી દાણાં દાણ કરી નાંખીશું. વાતવાતમાં યુવાનો સામે આંગળાં ચીંધવા માંડો છો, તેનું શું પ્રયોજન? શું ન્યાતના માલીક બાલીક છો?" યુવાનો એકદમ ગર્જી ઉઠ્યા. ઘડીભર ઘોંઘાટ મચી રહ્યો. કેટલાક તો સમય જોઇ વંજે માપી ગયા.

**શેઠ**—"જો આમ બધાને તકરારો કરવી હોય તો હું ઉઠી જાઉં. આ તો ન્યાત છે. એમાં સુધરેલી સીસ્ટમ ક્યાંથી હોય! જુવાનોએ ઘરડાનું માન રાખવુંજ જોઇએ. જવા દો એ કાગળોની વાત હવે જે કહેવાનું છે તે આજ મુદ્દાપર છે. કેટલાક ગૃહ-સ્થોનો એવો નિશ્ચય થયો છે કે જુવાનો મર્યાદા ઓળંગી ગમે તેમ લખે છે ને સ્વચ્છંદતાથી ઠરાવો કરે છે. જુવોને પેલા કાન્તિલાલે મુંબઇ બેઠાં કેવું ચીતરી માર્યું છે! વળી આ ચન્દ્રકાન્તના મંડળે વિરોધની સભા ભરી એવોજ ભભરકો ચાલ્યો છે. એથી ન્યાતને નીચું જોવું પડે છે, દેશાવરમાં આપણી હલકાઇ કહેવાય છે. કદાચ એકવાર ખોટું બન્યું હોય તેથી ઉઘાડું પાડવામાં શું લાભ! એમ કરવાથી તો આપણીજ જાંઘ ઉઘાડી પડી છે! કેટલાક તો મને એ બધાની સખત ખબર લઇ નાંખવાનું દબાણ કરે છે, પણ નકામો કચવાટ વધે નહીં, તેથી આજે હું એ વાત સાફ સાફ કહી દઉં છું કે એવી પ્રવૃત્તિથી પાછા હઠાય એમાંજ શ્રેય છે."

**ચન્દ્રકાન્ત**—"મુરબ્બી, આપના કહેવા મુજબ તો ખરી વાત પણ ન કહેવાય. પોતાના અંતરને સત્ય લાગે તે પણ કોઇની અંગત ટીકા વગર ન લખવું એમજને! પોલ ચાલવા દેવી! આપ સમજુ થઇને કેમ ભૂલો છો કે દરદને દબાવવા થી વૃદ્ધિ પામે છે."

**કલ્યાણચંદ**—"દલીલ બાજીમાં અમારે નથી ઉતરવું. સમજશો તો ઠીક છે, નહીં તો એ માટે અવશ્ય ન્યાત વિચાર ચલાવશે. અમે કાંઇ બંગડીઓ નથી પહેરી.

**શરતચંદ**—"કાકાશ્રી, આપ તે કરી લેજો. ડર દર્શાવવાના દહાડા હવે વહી ગયા છે. હૃદયને સાચું લાગે તે જરૂર કહેવાના. સામને જરા પણ આંચ આવતી નથી." સંપૂર્ણ

# કદમ્બગીરી.

સામાન્ય સ્થળ કોઇ સુભગ ઘડીએ મહાન્ અને પ્રખ્યાત થઇ પડે છે. તેમ જૈન યાત્રાનું એક સ્થાન હમણાં વધ્યું છે. ઓળખી તાબાના ચોક થાણાના ગામ બોદાનાનેસ પાસે કમળાનો ડુંગરો એક ટેકરી જેવો દેખાય છે. ત્યાં હુતાસણીને આગલે દિવસે કામળીયા આહેર લોકો પોતાની કુળદેવીનું સ્થાન હોઇને હુતાસણી પ્રકટાવે છે ને વાળાક-હૃદ તથા કુંભારવાળાના લોકો છેટેથી દર્શન કરી સાંજે જમે છે. તે જગ્યાને કદમ્બગીરી ઠરાવી જૈનાચાર્ય નેમવિજયજીએ ઇંદ્રલાકા યજ્ઞ કરી પ્રતિમા પધરાવી છે. એક જુની વાવ ઉલેચાવતાં તેના પાણીથી હજારો માણસોને કોલેરા થઇ આવ્યું. પણ પાલીતાણા સ્ટેટે દવા અને ડાક્ટરની વખતસર મદદ પહોંચાડી, એટલે સારૂં થયું. ઓળામાં પૂરું આવડું હશે મારૂં કામ-એટલે પુષ્કળ માણસો દુઃખી થાત. સારા નશીબે તુરતજ તંબુની સગવડ પાલીતાણા રાજ્યે કરી આપી. શેત્રુંજયની સ્પર્ધામાં એજન્સીની હદમાં આવી રીતે નવુ તીર્થસ્થાન ઉપાડવાની વાતો બોલાય છે. પણ રાજ્યે ઉદાર ધોરણ રાખી તેવું કશું મનમાં ન લાવતાં દરેક પ્રકારની સગવડ પહોંચાડી તે બદલ ધન્યવાદ ઘટે છે. ભાંગડા રાજ્યનો હાથી પ્રદક્ષિણા તથા વરઘોડા માટે લાવેલા. બધી ચીજોના કોન્ટ્રા-ક્ટ અપાયલા, એટલે મોટીઓએ સેળભેળ માલની રમતો પણ કરેલી. વરઘોડાને પ્રદક્ષિણા વખતે રકમો દેવાના ચઢાવા થયેલા તેમાં એક બાઇએ રૂ. ૪૨ હજાર આપ્યાનું સંભળાય છે. અમદાવાદની આણંદજી કલ્યાણજીની પેઢીને બદલે અહિં જીનદાસ ધર્મદાસની પેઢી એવું નામ રાખેલું. ગુજરાત વિરૂદ્ધ મારવાડી જૈનોએ જુદું યાત્રાસ્થળ બનાવ્યું એમ કેટલાંક પંખીડાંઓ ફફડી રહેલાં સંભળાયું. ત્યાં તો અમદાવાદથી કસ્તુરભાઇ શેઠ ખાસ વિમાનમાં બેસીને આવ્યા અને સમજાવટ કરી આણંદજી કલ્યાણજીની પેઢીની શાખા ઠરાવી એક કલાકમાં પાછા ઉપડી ગયા. કદમ્બગીરી ઉપર પાલીતાણાના બારોટોનો લાગો શત્રું-જયની માફક કરીને રાખ્યો નથી. એટલે એ લોકોએ એજન્સીમાં અરજ કરેલી કહેવાય છે. કોળાંબાનો ડુંગર અથવા કમળાની ટેકરી સામાન્ય સ્થળમાંથી આવી રીતે કદમ્બગીરી બને છે.

[ગુજરાતી પત્રના તા૦ ૨૬-૩-૩૩ ના અંકમાં પ્રગટેલી ઉપરના સમાચાર કદંબગીરી અંગે બહાર પાડે છે. આ નવા તીર્થના વહીવટની વ્યવસ્થા અંગે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આજ સુધી કશું સત્તાવાર નિવેદન બહાર પડ્યું નથી તેમ તે પેઢીના બધાય વહીવટદારો આમાં જણાવેલી વ્યવસ્થા જાણે છે કે નહિ તે પણ અમુંઝિલ લાગે છે. માટે સમાજની જાણ ખાતર આ સંબંધમાં તાત્કાલિક ખુલાસો કરવાની અમે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહીવટદારો પાસે માગણી કરીએ છીએ. —તંત્રી.]

# સમાચાર.

**આલમને ઓવારે.**

—શ્રી. વીઠ્ઠલભાઈ પટેલને અમેરીકાએ કોઈ હિન્દીને નહિ મળેલું એવું અપૂર્વ માન આપ્યું છે. ત્યાંથી તેઓ ઇગ્લાંડ આવવા નીકળ્યા છે.

—પરદેશમાં યાહુદિ લોકોએ જર્મન માલનો બહિષ્કાર કર્યો છે. આની સામે આખા જર્મનીમાં યાહુદિઓની દુકાનોનો બહિષ્કાર પોકારવા દસ હજાર સભાઓ મળશે. મ્યુનિચ કે જે નાઝીઓનું મથક છે ત્યાં આ હિલચાલની તૈયારીઓ ચાલે છે.

—પેકીંથી (ન્યુયોર્ક તા૦ ૨૯) એવા ખબર મળ્યા છે, કે ભયંકર રીતે જમીન ધસી પડવાના અકસ્માતથી એક કામમાં લગભગ ૧૦૦૦ માણસોના જાન ગયા છે.

—શ્રી સુભાષચંદ્રબોઝની મુલાકાતે વીએનાના લોર્ડ મેયર ગયા હતા. અને કલકતા શહેરની મ્યુનિસીપાલીટીના વહીવટ અંગે વાતચીત કરી હતી.

—૬ ઠ્ઠી એપ્રીલ શ્વેતપત્ર વિરોધ દીન તરીકે પાળી દેશ ભરમાં વિરોધ સભાઓ ભરવાનો હિંદુ મહાસભાની કાર્યવાહી સમિતિએ ઠરાવ કર્યો છે.

—(૧) શ્રીજયા બ્હેન (દુર્લભજી ઉમેદચંદના પત્ની) ધરીપ્રને પોલીસે અટકમાં લીધા છે. (૨) કેશરીચંદ કલ્યાણજી નામનો ચાર વર્ષનો જૈન છોકરો ડોંગી આગ્યારી ગલીમાં પહેલા માળની બારીમાંથી જમીન પર પડી મરણ પામ્યો. (૩) જૈનોના ત્રણે ફીરકામાં સંગઠન કરવાના હેતુથી "જૈન જાગ્રતી" નામનું માસીક મહાવીરજયંતીથી શરૂ કરવામાં આવનાર છે. આ પત્રના મુખ્ય તંત્રી શ્રી ડાહ્યાલાલ મ. મહેતા છે.

કલકત્તાઃ (૧) કોઈપણ જાહેર અને ખાનગી મકાનનો કબજો લેવાની, ટેલીફોન સંબંધ બંધ કરવાની, તારો અટકાવવાની અને યોગ્ય લાગે તેવી વ્યક્તિગત અને સામુદાયિક ચળવળ પર અંકુશ મુકવાની સત્તા મેજીસ્ટ્રેટો અને અમલદારોને આપવાની જાહેરાત થઇ છે.

(૨) પોલીસની સખ્ત તકેદારી છતાં તા. ૧-૪-૩૩ ને રોજ સાંજે ચાર વાગે હિન્દી રાષ્ટ્રીય મહાસભાનું ૪૭ મું અધિવેશન કલકત્તામાં ભરાયું હતું. બેઠક ભરાયા પહેલાં અને પછી ઘણી

## સગીરને ભગાડવાનો કીસ્સો......................

અનુ પૃષ્ઠ ૧૮૪ થી

ના રોજ દિક્ષા અપાવવાનું કબુલ કરો તો છોકરાને પાછો બોલાવવા ચીઠી કરી આપું, તે સિવાએ છોકરો પાછો નહી આવે. મેં કહ્યું કે સાહેબ આવી આકરી શરત ન કરો, મ્હારા ભાઇ સાથે વાતચીત કરી જો તેમનું મન હશે તો અમે ખુશીથી છ મહીના પછી દિક્ષા અપાવીશું પણ તેઓ એકના બે ન થયા. આ ઉપરથી દેસાઇ નરોતમદાસ વીરચંદ વગેરેને સાથે લઇને હું શ્રી ભક્તી વિજયજી પાસે ગયો અને બુધ્ધીવીજયજી ને સમજાવવા કહ્યું, ભક્તીવિજયજી બુધ્ધિ વિજયજી ને બોલાવી કહ્યું કે તમે જાણતા હોવ તો ચીઠી કરી આપો અને જબરજસ્તી શા માટે કરવી જોઇએ, એ ઉપરથી બુધ્ધીવીજયજીએ ચીઠી કરી આપી.

તેજ દિવસે છોકરો અને તેને લઇ જનાર ઉંટવાળો પાછો આવ્યો, તેથી અમને હર્ષ સાથે આશ્ચર્ય થયું કારણ એવું બન્યું કે છોકરો ઉંટ ઉપરથી બીલડીયાજી જતો હતો રસ્તે રાધ્યાં ગામ આવે છે ત્યાં મારો ભાઇ રાયચંદ તેને મળ્યો, છોકરાને એકલો ઉંટ ઉપર જોઇને તેના મનમાં વીચાર આવ્યો કે આ છોકરો એકલો ક્યાં જાય છે ? માટે એને પુછી જોઉ ?

ઉંટવાળાને પુછ્યું કે છોકરાને એકલો ક્યાં લઇ જાય છે ? જવાબમાં ઉંટ વાળાએ કહ્યું કે તે દિક્ષા લેવા માટે ભીલડીયાજી જાય છે. રાયચંદે આ ઉપરથી ઉંટવાળાને ધમકી કરી સમજાવ્યું કે ભીલડીઆજી લઇ જવાનો ડોળ કરીને ગમે તે રીતે તેરવાડે લઇ જા, એ ઉપરથી છોકરો મારે ઘેર તેરવાડે આવી ગયો, અને તેને પુછતા તેણે બધી હકીકત કહી અને કહ્યું કે મને બુધ્ધિવિજયજીએ વાટ ખરચ માટે રૂ ૧૨) પંડીત પાસેથી અપાવ્યા હતા.

બીજે દિવસે છોકરો પાછો આવી ગયાની મહારાજ બુધ્ધિવિજયજીને ખબર પડી તેમણે મને બોલાવીને કહ્યું કે મારી ચીઠી અને પાછી આપો મેં આડું અવળું બતાવું કહાડી ચીઠી નહીં આપવાથી મહારાજ અહારપાણી કીધાવીના વિહાર કરી જતા હતા.

ઉપરાંત રૂ. ૧૨) પાછા અપાવવા આગ્રહ તેમણે ખુબ હ્યાણ કર્યું. મેં તેમની દરકાર ન કરીને કહ્યું કે આપ તેમજ પંડિત એમ કહેતા હતા કે અમે કહ્યું જાણતાજ નથી અને હવે રૂપીઆ પાછા શીરીતે માંગો છો.

મહોત્સવનો પ્રસંગ હતો અને સાધુ આમ વિહાર કરી જાય તેથી ગામવાળા-ને દુઃખ થવા લાગ્યું એટલે મારે નમતું આપવું પડ્યું ને ૧૨) પાછા આપવા પડ્યા. ને મહારાજ બુધ્ધિવીજયજીના કહેવાથી તેમની રૂબરૂમાં અત્રેના ઠાકોર સાહેબના કારભારી મિ અંબાલાલ ઝુમચંદના હાથમાં આપ્યા વળી દુઃખાતા મને પ્રસંગને ઓળખી ને અંતરઆત્માની વિરુદ્ધ એક માફી પત્ર પણ લખી આપ્યું.

ઉપરની હકીકત આપણી સમાજના કેટલાક દિક્ષાઘેલા સાધુઓ પ્રસંગ આવે સમાજ ઉપર કેવી સત્તાશાહી ચલાવે છે અને સમાજને કેવીરીતે મને કે કમને નમાવી લેવી પડે છે તેનુ તાદ્રશ દ્રષ્ટાંત પુરૂ પાડે છે.

તે સમાજની જાણ માટે રજુ કરવા ફરજ પડે છે ખાત્રી છે કે કેટલાક ભાઇઓને આવી સત્ય રજુઆત પણ ખૂચશે પણ સમાજે હવે સારા સારનો વિચાર કરવાની જરૂર છે.

આ હકીકત મારા પોતાના અનુભવની છે અને મહોત્સવ પ્રસંગે પધારેલા બહાર ગામના ઘણા ભાઇઓ જાણે છે.

તેરવાડા તા ૨૨ માર્ચ ૧૯૩૩

શ્રી૦ સેવક,

**કોઠારી અમૃતલાલ સોભાગચંદ.**

ઉપરની હકીકત અમારી માહીતી મુજબ બરોબર છે અને જે પ્રમાણે હકીકત બનેલ તે પ્રમાણે અક્ષરસહ છે.

**દ. અંબાલાલ ઝુમચંદ પોતે**

કુલ્લે ૧૭૫૦ કોંગ્રેસમેનોને પકડવામાં આવ્યા હતા. લાઠીચાર્જ થયો હતો અને પરિણામે દશ જણને ઇજા થતાં હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડેલીગેટોની ધરપકડ થતાં પહેલાં ચોકકસ ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા.

**લુણીઆઃ**-એક મારવાડીએ રખાત રાખી પોતાની સ્ત્રી રાધાને બહુ દુઃખ આપવાથી ચુની નામના મહારાજ સાથે દુઃખમાંથી છુટા થવા રાધા પોતાના બાપને ત્યાં જવા નાસી છુટી. પરંતુ ચુની મહારાજે તેને એક હજાર રૂપીએ એક નાગરને વેચી. છેવટે ભોપાળુ ફુટયું ને ચુની તથા નાગરને સજા થઇ છે. પુરૂષોના જુલ્મોથી કંટાળી કંઇક સ્ત્રીઓ ધર્મ ભ્રષ્ટ થાય છે, ને કુટણખાના ચાલે છે.

**ઉમ ત્વરીઃ**-એક મારવાડીએ પ્રેતભોજન કર્યું તે પર મરણુ ભોજન પ્રતિબંધક મંડળના યુવાનોએ ફ્રન્તેમંદ પીકેટીંગ કર્યું.

**બામણવાડાઃ**-શ્રી અખિલ ભારતવર્ષિય પોરવાડ સમ્મેલનના પ્રમુખ તરીકે શેઠ હસીચંદ વીરચંદની વરણી થઇ છે. સમ્મેલન માટે ભવ્ય મંડપ રચાયો છે. જનારે માટે સુંદર સગવડો કરવામાં આવી છે.

**અમદાવાદઃ**-કુ. મૃદુલા બ્હેનને બેલગામની હદ નહિ છોડવા હુકમ મળ્યો છે.

**પાટણઃ**-જેસંગલાલ છોટાલાલ ઝવેરીની વહુ, કાળીકા આગળના કુંડમાં પડી ગુજરી ગઇ છે. ત્હેના મગજનું બરાબર ઠેકાણું ન હતું એમ કહેવાય છે.

**ભાવનગરઃ**-(૧) સ્ટેટની શાળાઓ અને હોસ્પીટલો અસ્પૃશ્યો માટે ખુલ્લી મુકવાની જાહેરાત થઇ છે.

**ભાવનગર**

(૨) વડવામાં એક વૃદ્ધ મુનીના રૂ. ૩૦૦ એક ગૃહસ્થની પેઢીમાં હતા તે કહેવાય છે કે એક શ્રાવકની મારફત વૃદ્ધ સાધુને સમજાવી તે પૈસા પોતાના પુત્રના લગ્નમાં વાપરી નાખ્યા. પેલો સાધુ રૂપીયાની રોજ માગણી કરે છે પણ દાદ મળતી નથી.

(૩) મોહનસૂરિના શિષ્ય પ્રિતીવીજય ગુરૂથી એકલા વિહાર કરે છે. તેમની રહેણી કરણી શંકાભરી ને અસંતોષ ઉપજાવનારી છે. આમ સાધુનો વેશ કયાં સુધી રાખવો છે?

(૪) અહિં ચાલતા જ્ઞાતિકલેશનું સમાધાન કરવા ન્યાયમૂર્તિ હુંબરાજભાઇ તથા વોરા ખાંતિલાલને નીમવામાં આવ્યા છે. બંન્ને પક્ષોને લવાદ નીમ્યા છતાં હજુ સુધી કશી પ્રગતી થઇ નથી.

**પાટણ**

(વેરાવળ) આચાર્ય **મોહન સૂરિએ** એક બાઇને દીક્ષા આપી. (૨) એક પરદેશી અજાણ્યા માણસને મુંડી નાખવા સૂરિજીને સંઘની રજા ન મળતાં ગામથી બે ત્રણ માઇલ દુર જઇ કપડાં પહેરાવી દઇ ટોળામાં એકનો વધારો કર્યો. સૂરિજી વિહાર કરતાં પોતાની વહાલી સાધ્વીઓને છુટી મુકતાં નથી. (૩) એક વધારે ચેલી મુંડવાની લાલચે સૂરિજી પાલીતાણા ભણી કુચકદમ કરે છે.

**વડોદરા**

રામવિજયજીએ જૈન યુવક સંઘ સામે મોરચો માંડવા જૈન યુવક મંડળ સ્થાપ્યું છે. આગાઉ મુંબઇમાં પણ આ ઢબના યુવક સંઘના સામે સ્થાપ્યું હતું. જૈન સમાજ આવા ભળતા નામોથી સાવધાન રહે. અહિંનો યુવક સંઘ આ સાધુઓ વિરૂદ્ધ પ્રચાર કરી લોકમત કેળવે છે. તે માટે પોસ્ટરો છપાવી લોકોને ખરી વસ્તુ સ્થિતિ સમજાવવા પ્રયત્ન કરે છે. (૨) મુનિશ્રી વિદ્યાવિજયજીએ ગોધરાથી આ તરફ આવવા વિહાર શરૂ કર્યો છે. તેઓ આઠમ લગભગ આવી પહોંચશે.

**અજમેર**

સ્થા. કોન્ફરંસના નવમા અધિવેશનના પ્રમુખ તરીકે ભાવનગર સ્ટેટના ડેપ્યુટીમેનેજર શ્રી હેમચંદ રામજીભાઇ મહેતાની વરણી થઇ છે. પ્રતિનિધિઓના ઉતારા માટે વીશાળ જગ્યામાં લોંકાનગર બાંધવામાં આવ્યું છે.

**પાલીતાણાઃ**—પ્રેમકુંવર નામે એક બાઇને તેના ધણી કાન્તિલાલ વ્હોરાએ બહુ દુઃખ આપ્યાનું કહેવાય છે. આને અંગેની કેફીયત મહાજનની સભા સમક્ષ બ્હેન પ્રેમકુંવર રજુ કરે છે. મહાજન ન્યાય આપશે કે?

કોંકચ (ભાવનગર-કુંડલા)—અહિંના યુવાનોએ **વાઇંના રોગવાળા** એક ભાવનગરના વરરાજા કે જે પાનાચંદ ગીગાને ત્યાં પરણવા આવેલા તેમને વગર પરણ્યે પાછા કાઢયા છે.

**ઉદેપુરઃ**—કેશરીયાજીના તીર્થના સંબંધમાં શ્રી ઋષભદેવજી મહારાજના ઓસરાવાળા સમસ્ત પુજારીઓએ એક જાહેર નિવેદન છાપાઓ દ્વારા બહાર પાડયું છે અને તેમાં જણાવ્યું છે કે આ તીર્થ જૈન કોમનું નથી પણ દરેક કોમનું છે. તેમાં મોચીઓને પણ દર્શન કરવાનો હક્ક છે. એ વિષયમાં રાજ્ય પુરાણી માન્યતામાં લોકો સાથે સહમત છે. આ બાબતમાં જૈન શ્વે. છાપાઓમાં જે આક્ષેપો થાય છે તે સત્યથી વેગળાં છે અને તેનો ઉત્તર આપવા અમે તૈયાર છીએ. તેથી આ જાહેર નિવેદન દ્વારા જનતાને અમે અમારી પાસેની પ્રમાણભુત સાબીતીઓ જાણવાની વિનંતિ કરીએ છીએ.

(મંદિરના પુજારીઓનો પડકાર નિદ્રા ત્યાગી જૈન સમાજ જોશે તો જરૂર લાગશે કે આપણી નિર્બળતાને લઇનેજ આજ સુધી આપણે ખુબ ગુમાવ્યું છે. આ આખીયે ઘટના પાછળ કોઇ જબરજસ્ત શકિત કામ કરી રહી છે. હિન્દુસ્તાનના તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી જેવી મોભાદાર સંસ્થાએ મૌન તોડવુંજ જોઇએ અને આપણા હાથમાંથી કળાનો આ બેનમુન ખજાનો અને આપણા પૂર્વજોનો વારસો સરી જાય તે પહેલાં આ સંબંધમાં લોકમત કેળવવો જોઇએ. ગામે ગામના સંઘો અને સંસ્થાઓએ ઠરાવો કરી જોરદાર આંદોલન ખડું કરવું જોઇએ. કુંભકર્ણની નિદ્રા અમારા આગેવાનો ત્યાગશે કે? ધર્મનો ઇજારો લઇ બેઠેલા કહેવાતા શાસનપ્રેમીઓ દીક્ષાના નામપરજ ધમપછાડા કરવા કરતાં પોતાની શકિતનો વ્યય આ તરફ કરશે કે?          તંત્રી.)

## સ્વીકાર અને સમાલોચના.

નીચેના પુસ્તકો સમાલોચના અર્થે સસ્તી વાંચનમાળા-વાળા ભાઈ અમરતલાલ જગજીવન તરફથી અમોને મળ્યા છે. આ પુસ્તકો જૈન સસ્તી વાંચનમાળા મુ૦ પાલીતાણા (કાઠીયાવાડ) એ સરનામે મળી શકશે.

**અજારા પાર્શ્વનાથ ચરિત્રઃ**-લેખક મણીલાલ ન્યાલચંદ શાહ. કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

અજારા પાર્શ્વનાથનું તીર્થ આપણા સમાજમાં પ્રાચીન મનાયું છે, હેનો ઇતિહાસ જાણવો જરૂરી છે, આ પુસ્તકમાં એ તીર્થની ઉત્પત્તિ કેમ થઇ? અજય રાજાનું વર્ણન, ઉન્નતપુર, દેલવાડ, દીપદીવ અને કોડીનાર અને છેલ્લે કોડીનારના જગત પ્રસિદ્ધ અંબિકા દેવીનું પણ વર્ણન આપવામાં આવ્યું છે, એકંદરે પુસ્તક દરેકને માટે ઉપયોગી છે.

**કીર્તિશાળી કોચરઃ**-લેખક રા. સુશીલ. કિંમત બાર આના ૦-૧૨-૦ આપણા સાહિત્યમાં કોચર વહેવારીયાનો રાસ કે જે ઐતિહાસીક છે. તેના ઉપરથી પ્રસ્તુત નવલકથા ઉતારવામાં આવી છે. રા. સુશીલની કલમ આમાં ઠીક ઠીક ખીલી ઉઠી છે. નવલકથા પ્રેમીઓને આ પુસ્તક વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

**શ્રી ચંદકુમાર ચરિત્ર ભાગ ૧ઃ**-કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

ચંદકેવળીનો રાસ દરેક રાસોમાં પ્રધાનસ્થાન ભોગવે છે, હેના મૂળ રચયિતા શ્રી વિમળ સૂરિના રાસ ઉપરથી આ નવલકથા તૈયાર કરવામાં આવી છે, આ નવલકથા એટલી તો પ્રિય લાગે છે કે એક વખત હાથમાં લીધા પછી પૂરી કર્યા વગર છોડવાનું મન થતું નથી. ગ્રંથમાં મુખ્ય વસ્તુની પુષ્ટિ માટે પ્રસંગે પ્રસંગે જે સુબોધકારક ગાથાઓ અને અસરકારક શ્લોકો મૂકેલ છે, તે પુસ્તકની શોભામાં ઓર વધારો કરે છે.

**શ્રી ચંદકુમાર ચરિત્ર ભાગ ૨ઃ**-કિંમત દોઢ રૂપીઓ રૂા. ૧-૮-૦ ઉપરોક્ત પુસ્તકનો આ બીજો ભાગ છે, આખુયે ચરિત્ર બીજા ભાગમાં સમાપ્ત થાય છે. અને પહેલા ભાગ જેટલુંજ આકર્ષક અને મનોહારી છે.

**જૈન સતી રત્નોઃ**-સચિત્ર કિંમત ૧-૪-૦ સવા રૂપીઓ.

પ્રાતઃકાળમાં ઉઠીને આપણે જે સોળ સતીઓના નામ લઇએ છીએ તે બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, રાજીમતી, દ્રૌપદી, મૃગાવતી, સુલસા, સીતા, સુભદ્રા, શિવા, કુંતી, શીલવતી, દમયંતી, પદ્માવતી, અંજના સુંદરી અને કલાવતી, એ સોળ મહા સતીઓનું આમાં વિસ્તૃત જીવન આપવામાં આવ્યું છે.

**ચમત્કારિક ચોગીઃ**-ચારે પ્રત્યેક બુદ્ધ ચરિત્ર લેખક મોહનલાલ દીપચંદ ચોકસી કિંમત સવા રૂપીઓ રૂ. ૧-૪-૦

આ પુસ્તકનું પંડિત સમયસુંદર મહારાજ કૃત 'ચાર પ્રત્યેક બુદ્ધ ચોપાઇ' ઉપરથી સર્જન થયું છે, આમાં કરકંડુ પ્રમુખ ચાર પ્રત્યેક બુધ્ધોનું ચરિત્ર આપવામાં આવ્યું છે, સંસારની વિનશ્વરતા અને વૈરાગ્ય ડગલે ને પગલે ભરેલ છે. હાર્દિક શાંતિ માટે આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવું છે.

**જૈનોના પ્રભાવિક પુરૂષોઃ**-કિંમત દોઢ રૂપીઓ રૂા. ૧ ૮-૦

આમાં ભરત, બાહુબળી, શ્રેયાંસકુમાર. સૂર્યયશા, સુકોશલ, નંદીષેણ કુરઘટ, દંઢણ, ગજસુકુમાળ, પ્રદ્યુમ્ન, સ્કંદકસૂરિ વિષ્ણુકુમાર, વંકચૂલ, મૃગાંક, અગ્નિકાપુત્ર, ઉદાય, નાગદત્ત, કેશીમુનિ, પરદેશી રાજા, ઇલાચીકુમાર, ચીલાતીપુત્ર, સુબાહુ, અને અરણિક મુનિ વગેરેના જીવનની આછી આછી રૂપરેખાઓ અંકિત કરેલ છે. આ પ્રયાસ સ્તુત્ય છે.

## આપખુદીના દોર. લે-ભોગીલાલ પેથાપુરી.

કુદરતનો એવો નિયમ છે કે જમાનાના પરિવર્તન સાથે મનુષ્ય પોતાના વિચારોનું પરિવર્તન ન કરીશકે તો તે પોતાની જાતને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે. આજે જૈન સમાજમાં એક એવો વર્ગ અસ્તિત્વમાં છે કે જે હજારો વર્ષ પૂર્વે ઘડાએલા રિતરિવાજો યાતો ક્રિયાપદ્ધતિ ચાલુ રાખવા આપખુદીનો દોર ચલાવી રહ્યો છે. આજે દીક્ષા જૈન શાસનમાં મહાનમાં મહાન આદર્શ ભાવના રજુ કરતી ક્રિયા છે. તે ક્રિયા ફક્ત હાલના જમાનામાં નામનીજ રહેવા પામી છે. નથી જણાતો તેમાં તે ભાવનાનો મુખ્ય હેતુ યા નથી જણાતું તેમાં તે ક્રિયાની આંતરીક ભાવનાનું મનન, ફક્ત એ શબ્દની સાથે આપખુદીનો દોર ચલાવી એને અમલમાં મૂકવા હજારો વર્ષ પૂર્વેની તે ક્રિયાની ભાવનાનું ઓઠું આગળ કરી ગભરૂ બાળકો યાતે અજ્ઞાન કે તે વસ્તુથી તદ્દન અજાણ્યુ છે તેવાને બળજબરીથી તે મહાન સિધ્ધાંત ને લાદવા આજે સમાજમાં હોળી પેટાવી રહ્યા છે.

આટલુંજ એમના માટે કંઇ પુરતું નથી. પણ તેની સાથે સંસ્થાઓમાં ધર્મના નામે એકઠો કરેલો ધનસંચય પાણીને રેલે ખરચતાં પણ અચકાતા નથી. તેનું કારણ ખુલ્લું છે. જુઠના પાયાપર રચાએલો સિદ્ધાંત સત્ય તરીકે જનતાના હૃદયમાં ઠસાવવા દરેક પ્રયત્ન કરવા પડે છે. અને તેથી ગમે તેટલા ધમપછાડા કે ખરાકા પાડવા છતાં હાથ હેઠાજ પડે છે.

વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થએલા દીક્ષા નિયામક નિબંધ બાબતમાં પણ તેવીજ સ્થિતિ છે. પોતે સારીરીતે સમજે છે કે આ વસ્તુ ન્યાય દૃષ્ટિથી તપાસતાં સાચી છે, પરંતુ **જે મોઢે રામ કહ્યા તે મોઢે ફરીથી રહેમાન કેવી રીતે કહેવાય?** આવી હડબાહ સ્થિતિ તેમને સત્યને વળગી રહેતાં અચકાવે છે અને એની પાછળ ઘણું જુઠાણું પણ પ્રકાશમાં લાવવું પડે છે. અને આખરે જ્યારે તે બીજી જનતા ન માને ત્યારે તેની વચ્ચે વિરોધનાં બીજ રોપી ધર્મને તેમજ સમાજને કફોડી સ્થિતિમાં લાવી મૂકે છે.

આજે એ વસ્તુ સ્પષ્ટ થઇ ચુકી છે અને જનતા સારીરીતે સમજી શકી છે કે શ્રીમાન્ વડોદરા નરેશે દીક્ષા નિયામક નિબંધ પ્રસિધ્ધ કરી જૈન ધર્મની મહાન સેવા બજાવી છે. તેને આજે આંગળીના ટેરવે ગણી શકાય તેટલા મનુષ્યો તેનો વિરોધ કરવા બહાર પડી (વડોદરા) ખુદ પાટનગરમાં ધમાલ મચાવી ઘણા સાધુઓને એકઠા કર્યા છે. પણ આથી શ્રીમાન નરેશ પર કોઇ જાતની અસર થાય તેમ નથી કારણકે સત્યનો જ સદા જય છે. આરંભે જુઠ કદાચ જોરે ફાવી જાય પરંતુ સત્યજ પૂજાય છે એ ભુલવાની જરૂર નથી

અને ભલે તેઓ ધર્મના નામે સમાજમાં આપખુદી ચલાવે છતાં આજનો સમાજ તે સહન કરવા તૈયાર નથી એ સમજી જાય તો નકામી ધમાલો કરવાની જરૂરીઆત ન રહે અને પોતાનો સમય બીજા ઉન્નત કાર્યમાં વ્યતીત થાય.

# ન્યા ત ની..........બે ઠ ક.

લે-પદ્મકુમાર.

આજનો સમાજ (નાત કે જમાત) એટલે સમજની હિમ્મત આંકવામાં પાંગળું ને સામાન્યને દંડવામાં શૂરું, જ્યાં ધનિકની સ્હેમાં તણાઈ ન્યાય નીતિને ધરાળે મુકનારું એક ટોળું.

—પ્રાસંગિક.

૩

## ગોર–બાઇ તારાની અપીલ.

"મારા ધણીને આપણા ગુરૂમહારાજે બળાદી દીક્ષા આપી દીધી છે. આ વાતથી મને સાવ અંધારામાં રાખવામાં આવી છે. ન્યાત મંગલસ્વરૂપ કહેવાય છે, તો મારૂં આ કષ્ટ કાપવા કંઇ માર્ગ દેખાડશે?"

**શેઠ**—"બ્હેન, આમાં બીજું તે શું થાય? હું જાતે મહારાજને મળેલો, પણ જ્યાં રમણુનેજ ત્યાગ રૂચ્યો ત્યાં અન્ય ઇલાજ શો?"

**કલ્યાણચંદ**—"શા સારૂ આ સવાલ ન્યાતમાં આવે? ધરમના કાર્યમાં હાથ ઘલાયજ શી રીતે? મને તો અજાયબી લાગે છે કે આતે કેવો વાયુ વાયો છે કે કદિ ઉંબરા બહાર પગ મુકે નહિં, તેવી કુલીન બાળાઓ આજે રાત્રીના સમયે ન્યાતમાં હાજર થાય છે અને પુરૂષો સમક્ષ મર્યાદાને અળગી મુકી અપીલ કરે છે!"

**જીવણશા**—અને એમાં તો કેવો પહાડ તુટી પડ્યો છે? બનતું આવ્યું છે, તે બન્યું છે, આ તો ધર્મ પ્રભાવના ગણાય! પુન્યશાળીનેજ સંયમ ઉદય આવે."

**સુરચંદશાહ**—ધણી ગયો તે હવે પાછો આવવાનો છે? મરી જાય છે તેને શું કરીએ છીએ? એમ મન વાળીને રહેવાનું. હા, ભરણ પોષણનું દુઃખ હોય તો વિચાર કરી તોડ આણુય."

**વૃદ્ધ ટોળું**—"બાપરે, હડહડતો કળિયુગ આવ્યો છે! તે વિના ભાગવત દીક્ષા જેવા પવિત્ર કાર્યને બગાડવાની ઉપમા અપાય! એના તે આવા સુચેણુ થાય! ક્યાં પૂર્વકાળની સતીઓ નાગિલા, રૂકમણી વિગેરે ને ક્યાં આજની આ વેજાઓ! કન્યાશાળામાં ધાર્મિક અભ્યાસ છતાં તેમની આ મનોદશા! જોકે ખાધાપીધાનું દુઃખ નથી જ, પણ કદાચ હોય તોયે શું થયું? ગુરૂદેવે જે કર્યું તે સવાવીસ ગણી તહત્તિ કરવું જોઇએ!"

"મુરબ્બીઓ, મારે વિનય પૂર્વક કહેવું જોઇએ કે આજે તમો ગમે તેમ ધર્મનીતિના નામે માણુકા મુકો પણ યાદ રાખજો કે આ સંબંધમાં જરૂર તમારે વિચારવું પડશે. મને આશ્વાસન આપવાનું તો દૂર રહ્યું પણ એને બદલે ઉપાલંભનો મારા પર વર્ષાદ? કેમ જાણે હું જ ગુન્હેગાર હોઉં? તમ સરખા પ્રજ્ઞ સજ્જન મારા દુઃખ વિષે કંઈ પુછે છે પણ ખરા? ન્હાના મોઢે શું વર્ણવું? જરા કહેશો કે પેલા ડોસાજી પાંસઠ વર્ષે ઘોડે ચઢ્યા ને આ પટેલ થોડા વરસ પર બીજી લાવ્યા, તેનું શું કારણ? ભલા, તમારામાંના કેટલાક એકની રાખ સુકાયા વગર કેમ બીજીવાર વિવાહથી મંડાઇ જાય છે? શું બ્રહ્મચર્ય કે શિયળવ્રત મારા સરખી અબળાઓ કે બાળાઓ માટેજ રીઝર્વ રખાયલું છે? શું કંદર્પની બાધા કેવળ મરદોનેજ અનુભવવી પડતી હશે? આ કાયદાને તે કઇ ઉપમા અપાય."

"જરા આપવીતી કહેવા એકાદ નારી ઉભી થાય કે એના સામે ધર્મનીતિની તલ્વાર ઉંચકાય! ચોપગા પ્રાણી કરતાં પણ એની હાલત બુરી! ગુરૂદેવ પર ઓવારી જનારા આ સાહેબ શિખામણ આપ્યા મુજબ ઘેર વર્તે છે ખરા? એમાંના કોઇ વહુ દિકરીને સંયમ લેવો હોય છે તો રજા આપતાં વર્ષોના વહાણા વિતાવી દે છે અને કેટલીક વાર તો માર કુટ કરી એ વિચારજ બાપડીનો ગુંગળાવી દે છે, એ શું જગતથી અજાણ્યું છે?"

"પુરૂષનો વિચાર થાય તો સ્ત્રીને પૂછવા પણ થોભે નહીં ભલેને પછી પેલી બાપડી અન્નજળ વિના રખડતી મરે! પણ એથી ઉલ્ટું જો બાઇનો વિચાર થાય તો વાયદા પર વાયદા કરવામાં આવે, બળજબરીનો પાર પણ ન રહે. એ સમયે ગુરૂદેવ, ને ધર્મનીતિને તો ક્યાંય વિસારી દેવાય!"

**કલ્યાણચંદ**—"ધરમ તો પુરૂષ પ્રધાન છે. અનાદિ કાળથી આમજ બનતું આવ્યું છે. પુરૂષ તે પુરૂષ, એની બરાબરી સ્ત્રીથી ન કરાય ને નજ થાય."

**એક યુવાન**—"વાહ કાકા! પુરૂષ એટલે તો સીધો સ્વર્ગમાંથી ઉતરી આવેલ એમજ ને! પુરૂષ પ્રધાન એટલે એના સારૂ સર્વ દરવાજા ખુલ્લા, એના શિરે કાંઇ બંધનજ નહિ! ભલે આવો ગંદુ ન્યાય તમારે ત્યાં ચલાવાય! બાકી કર્મનો કાયદો તો સરળ છે."

**ચંદ્રકાન્ત**—"બ્હેન, મેં તો મૂળથીજ કહેલું કે આ તલમાંથી તેલ નહિ નીકળે. ધર્મને નામે હાંકનારાઓ જ્યાં જોતાજ નથી કે ધર્મ શી વસ્તુ છે, ત્યાં શી દાદ મળવાની? અંધ શ્રદ્ધાથી જેમના હાથપગ મુશ્કેટાટ કસાયલા છે તે બીજાને શું માર્ગદર્શક થઇ પડવાના હતા? જે માર્ગ હેનેં ઉચિત જણાય તે ગ્રહણ કર, કિંવા નારી સમુદાયને જાગ્રત કરવા ઉદ્યમશીલ બન તો અવશ્ય કંઈ કલ્યાણનો પંથ નીકળી આવશે."

**શેઠ**—"એક નનામો પત્ર તેમજ બીજો વિદ્યાર્થીએ લખેલ પત્ર વખતના અભાવે અને ઝાઝી અગત્યના ન હોવાથી હું રદ કરૂં છું."

**ઇન્દુલાલ**—"આ વ્યાજબી ન ગણાય. ન્યાત ખરેખ દરેક પત્ર વાંચવા ઘટે. વળી આખા પત્રો વંચાતા નથી માત્ર ભાવાર્થ જણાવાય છે, એટલે ઝાઝીવાર થવાની નથી. એમાં મહત્વ છે કે નહિં એ સાંભળ્યા વગર કેમ કહેવાય?"

**મણુકચંદ**—"બેસને હવે, શું શેઠ કરતાં તું વધારે સમજે?"

**પ્રેમચંદ**—"નહિં જેવી વાતમાં ઝટ થયા ઉભા, આ તે હડકવા કે શું?"

**હરખચંદ**—"એવાઓને જવાબ શું કરવા શેઠ આપે છે? છોને બબડે."

**કલ્યાણચંદ**—"અરે જવા દોને કંઇ કહેવાપણું નથી રહ્યું! આપણુંને ઉંઘતા મેલી એ ધર્મ નાશ કરનારી કેળવણી માટે પૈસા ઉઘરાવાય છે."

[વધુ માટે જુઓ પૃષ્ઠ ૧૮૦]

# હિન્દી વિભાગ.

## संकुचित वैवाहिक क्षेत्र.

क्या कारण है, जब पिछले दस वर्ष में भारत की जन संख्या ३३ करोड से ३५ करोड हो गई, तब जैनों की संख्या १२ लाख से ११ लाख रह गई? जैन समाज नाना विध छोटी जातियों में छिन्नभिन्न है, और जाति-बाडा-बंदी समाज के ह्रास का मुख्य कारण है। जैन धर्म अंगीकार करने वालों को जैन जातियों में स्थान न देने के सिवाए जैन अंतर-जाति विवाह की मनाई भी ह्रास के कारणों में एक प्रबल कारण है। यही वजह है जो कन्या-विक्रय और बाल-विवाह जैसी निंदनीय और नाशकर प्रथाएं प्रचलित है। मेरी चर्चा का विषय कन्या-विक्रय है और वह जैन समाज की अंगरूप विसा हुमड जाति के संबन्ध में है।

इस प्रथा से सारी इज्जत, सारी प्रतिष्ठा का नाश हो गया है और धर्मका सामना ढोंग बन गया है। विसा हुमड जैन युवक मंडल के सतत चार वर्ष पर्यन्त इस रुढी के विरुद्ध घोर आन्दोलन जारी रहते भी इस जाति में केवल ५ तालुकाओं में ही मात्र दो महीने के अन्दर कन्या-विक्रय के चार बनाव बनजाना एक शर्म का विषय है और इसकी गंभिरता इस कारण अधिक भयानक नजर आती है कि यह मामले जाति के उन आगेवानों के लिये हुये है जो आबरुदार सद्गृहस्थों की श्रेणी में गीने जाते है और धार्मिक विषयों में अच्छा दखल रखते है। मेरा इरादा इस दुखकर विषय की चर्चा में उतर कर किसी का दिल दुखाने का नहीं है, वरन् मैं इसके कारणों को बताते हुये दिखाना चाहता हूं कि आखिर ये बनाव क्यों बनते है?

क्षेत्र की संकुचितता के कारण समाज के आगेवान दूर वर्षों ५-७ वर्ष के बच्चों का गठजोडा सगाइ से करदेना आवश्यक समझते है और इसका कारण योग्य वर नहीं मिलने का बताया जाता है, दूसरी पंक्ती के वे आगेवान है जो अयोग्य बालकोंका गठजोडा कन्या विक्रयसे करते है, कितनेक ऐसे युवानों के लिये लडकियों की कमी है जो अपनी जवाबदारी समझे हुवे बगर ओकात की शक्ति रखते है, कितनेक ऐसे है जो अपनी जरुरीयात को पूरा करने पैसा देते है और लेते है।

वीसा हुमड जातिकी कुल मनुष्य संख्या ३२६७ तमामप्रान्तों से संबन्ध जारी न होने के कारण वरसावडा वालों का संसार मात्र ६०७ मनुष्यों में समाजाता है। क्षेत्र विस्तीर्ण करने के लिये आगेवानोंने प्रयास नहीं किया और जीन अभ्यासियोंने इसके लिये प्रयत्न किये उनका विरोध उन आगेवानों ने किया जिन्हें कठीनाई नहीं पडती। ऐसी न्यून संख्यक जाति में उपर बयान किये बनाव बनना मामुली बात है।

इसका उपाय मात्र वैवाहिक क्षेत्र विस्तीर्ण करना है और इस मकसद की पूर्तीके लिये जातिके आगेवानों द्वारा दूसरी जातियों के साथ संदेश चलाने के सीवाऐ यह ठराव किया जाना आवश्यक है कि "किसी भी जैन कामकी खान्दान कन्या के साथ विवाह किया जा सके और देने वालों को उनकी जाति वाडा बंदीसे बंद करे तो उसे अपनी जातिमें स्थान दिया जाय। जाति के वृद्ध, वस्तुस्थिति के अभ्यासियों ने इस मर्जकी यही दवा बताइ है।

विसा हुमड युवक मंडल की 'हम क्या चाहते है' नामक पत्रिका मैंने पढी है और उसपर गंभिरता से विचार किया है, विसा हुमड जाति की वर्तमान परिस्थिति के साथ तुलना करते मेरा अभिप्राय है कि परिस्थिति का सामना करने के लिये पत्रिका कारगार है।

अंत में समस्त जैन बन्धुओं से अपील करता हुं कि यह दशा केवल विसा हुमड जाति की ही है ऐसा न माने सारे जैन समाज की यही दशा है और सबके लिये वैवाहिक क्षेत्र जितना अधिक विस्तीर्ण होगा इतनी ही अधिक सुविधा वर कन्या की पसंदगी के लीये प्राप्त होगी। संबन्ध इसी प्रकार जोडने और परिस्थीती का सामना करने के लिये तैयार रहना चाहिये।

ले० अभ्यासी।

---

## જોઈએ છે—

પ્રબુદ્ધ માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સમાચાર આપનારા સેવા ભાવી યુવકો, પોષ્ટેજ આપવામાં આવશે.

લખો,
વ્યવસ્થાપક પ્રબુદ્ધ જૈન.

---

જ્યાં ભગવાન મહાવીરના કર્ણમાં ખીલ્લા નાખ્યાનો ઉપસર્ગ થયો હતો તે પવિત્ર પૂનિત તીર્થ

## શ્રી બામણવાડજીમાં

જવાનું રખે ચૂકતા!

હજારો યાત્રાળુ આવશે. ચૈત્રી ઓલી વિધિ વિધાન પૂર્વક ઉજવાશે આ આત્મ કલ્યાણના ઉત્સવમાં તમને આવવા

## નિમંત્રણ છે.

આચાર્ય વિજય વલ્લભ સૂરિશ્વરજી આદિ મુનિઓના દર્શન કરવાનો લાભ મળશે

વિમળ મંત્રીના વંશજોની અખિલ ભારત પોરવાડ પરિષદ મળશે

## સાથે સાથે

જ્ઞાતિ સુધારણા કરવાની આ સુંદર તક છે. સૌને ઉપરના ઉત્સવે પધારવાનું ખાસ આમંત્રણ છે.

# સગીરને ભગાડવાનો કીસ્સો.

## જુઠા સાધુઓને જડબાંતોડ જવાબ.

[ ના૦ ગાયકવાડ નરેશ જ્યારે સગીરોના હીતાર્થે કાયદો કરે છે. ત્યારે કેટલાય ધર્મમાં અન્ધ બનેલા ભકતો અને સાધુઓ કહે છે કે અમે કોઇને નસાડી, ભગાડી દીક્ષા આપતાજ નથી. તે સૌને જડબાંતોડ જવાબરૂપે તાજેતરમાંજ તેરવાડા ગામમાં બનેલો બનાવ શ્રી અમૃતલાલ કોઠારી જૈન સમાજની જાણ માટે અમને પ્રગટ કરવા મોકલાવે છે. જે અમે નીચે છાપીએ છીએ આ આખાય નિવેદનમાં અત્યારના સાધુઓ કેવી ખાલબાજી અને સંતાકુકડીની રમતમાં પાવરધા બની ગયા છે. તેમ આવા પ્રસંગોમાં કેવા ભેદી પત્રો લખે છે, વિગેરે બાબતો પર લેખકે ઠીક ઠીક પ્રકાશ પાડયો છે. —તંત્રી.]

વ્હાલા સાહેબ,

આપના અંકમાં નીચેનું નિવેદન પ્રગટ કરી આભારી કરશોજી.

અમારા ગામમાં ગત ફાગણ સુદી ૩ ના રોજ મહાન મંગળકારી અષ્ટોતરી સ્નાત્ર મહોત્સવ હતો અને તે પ્રસંગે આજુ બાજુના ગામોમાંથી આસરે બે હજાર જૈનો આવ્યા હતા, તેમજ સાધુ મુનિરાજના પણ સોળેક ઠાણું પધાર્યા હતા, તે પૈકીના મુનિ મહારાજ બુદ્ધિવિજયજી ભાભરવાળાએ દીક્ષાના અંગે એક ખટપટ જગાડી હતી તે અંગે જુદી જુદી જાતની વાતો ફેલાતી હોવાથી અને આ ખટપટના ભોગ થતા મારા ભાઇને અટકાવવા માટે મ્હારે કેટલોક ભાગ ભજવવો પડેલો હોવાથી, મારી જાણમાં આવેલી હકીકત જૈન જનતાની જાણ માટે નીચે લખી મોકલું છું.

મારો ભાઇ ભાભેરથી આ મહોત્સવ પ્રસંગે પંદરેક દિવસ અગાઉ આવ્યો હતો, અને જ્યારથી બુદ્ધિવિજયજી વગેરે અહીં આવ્યા ત્યારથી અવારનવાર તેમની પાસે જતો આવતો હતો, તે શું કામે તેમની પાસે જાય છે તેની મને શંકા પણ ન હતી. એકાએક મહા વદી ૧૧ ના દિવસે વ્હેલી સવારે પ્રતિક્રમણ કરવાના હેતુથી મહારાજ પાસે ઉપાશ્રયે ગયો અને પાછો આવી મને ખબર ન પડે તેવી રીતે છાનો માનો કપડાં લઇ ચાલ્યો ગયો, સવારના આઠેક વાગ્યા સુધી તે જ્યારે ન દેખાયો ત્યારે મને વિચાર થયો કે ચીમન ક્યાં ગયો છે? ત્યાંસુધી પણ મહારાજ બુદ્ધિવિજયજીએ એને ભગાડયો હશે તે વિચાર સુધ્ધાં ન આવ્યો.

ગામમાં આડું અવળું પુછ્યું તો મને શંકા થઈ કે રખેને જેમ બહાર ગામમાં સાધુઓ સગીર છોકરાઓને ભગાડે છે તેમ આમણે પણ એમ કર્યું ન હોય ને? એ ઉપરથી મહારાજ પાસે પુછવાનો વિચાર થયો, વળી વીચાર થયો કે તેની પાસે પૈસા ન હતા અને શી રીતે ગયો હશે? તપાસ કરતાં પૈસા પણ મહારાજે અપાવ્યા છે એમ જણાયું. આ ઉપરથી હું મહારાજ બુદ્ધિવીજયજી પાસે ગયો અને તેઓશ્રીને વીનતી કરી કે સાહેબ, ચીમન ક્યાં ગયો છે? તેની આપને ખબર છે? અને તેની પાસે પૈસા ન હતા તો કોઇની પાસેથી લીધાનું આપ જાણો છો?

મહારાજે સ્પષ્ટ રીતે ના સંભળાવતા બાજુમાં બેઠેલા તેમના પંડીતને પુછ્યું કે તમો કાંઇ જાણો છો? તેમણે પણ મહારાજ જેવો નકાર સંભળાવી દીધો.

મહારાજ પણ કાંઇ ન જાણવાનું કહે છે અને પંડીત પણ તેમજ કહે છે, ગામમાંથી વાત સંભળાય છે કે એ મહારાજની ખટપટ છે, સાચી હકીકત શું છે તેમ વીચાર આવવાથી હું મુંઝાયો કે હવે કરવું શું? અને છોકરાનો પત્તો કેમ મેળવવો? માત્ર પંદર વર્ષનો છોકરો કોને પુછશે? ક્યાં જશે? વીગેરે વિચારોથી મનમાં વધુ ચીન્તા થવા લાગી!

આ બધી હકીકત મેં અનેના-હાલ મુંબાઇમાં ઝવેરાતનો ધંધો કરતા નરોતમદાસ વીરચંદ દેસાઇને કહી જે મહારાજને સમજાવવા કહ્યું, તેમણે મહારાજને ખુબ કહ્યું કે સાહેબ, આ ઠીક થતું નથી, માટે આપ જાણો છો ને કહી દો. ગામમાં કોઇક પંદર ઘર આનંદ કરશે અને એક ઘર ખેદ કરશે તે સારૂં નહી કહેવાય, વળી આગળ જાય તો આપને અને સંઘને હેરાનગતી!

ઉપરની વાત થયા પછી બુદ્ધિવીજયજી મ્હારે ત્યાં આવ્યા અને મને કહ્યું કે જો તમે તમારા હાથે ફાગણ સુદી ૨

જુઓ પાનું ૧૮૦ ક

## ભેદી પત્ર.

શ્રી તેરવાડાથી લિ૦ બુદ્ધિવિ. આદિ ઠાણા શ્રી ભીલડીયાજી મધ્યે સુશ્રાવક દેવગુરૂ ભક્તિકારક સુજ્ઞપરા ચમનલાલ યોગ્ય-ધર્મ લાભ સાથે લખવાનું કે અત્રે સાતા છે. ધર્મના કાર્ય કરતાં રહેવું. બીજું તમારે ભીલડીયાજીથી આગળ નહિ જતાં આવેલ ઉંટ તથા માણસની સાથે પાછા અહીં આવવું. અને તેની સાથે તમારૂં ધારેલ કાર્ય ફતેહ થશે. આ કાગળ દેખત આગળ વધવું નહિ ને પાછું આવવું. મહા વદ ૧૧ સોમવાર વિક્રમાબ્દ ૧૯૮૯

લી૦ બુદ્ધિવિજયના ધર્મલાભ વાંચશો.

## લોખંડી મુક્કીના પ્રભાવે.

ગામ તેરવાડા મુકામે મુની મહારાજ બુદ્ધિવિજયજી મહારાજની સેવામાં વંદણા પૂર્વક લી૦ કોઠારી અમૃતલાલ સૌભાગ્ય ચંદ ચીમનને બોલાવવા બાબત માટેનો કાગળ આપે લખી આપેલ હતો તે કાગળ ચીમનના આવવાથી ફાડી નાંખેલ છે માટે પાછો આપી શકાયો નથી, છતાં પણ એ કાગળ બાબતની આપને શંકા રહેલ છે, તેથી આપને અરજ કરવાની કે કાગળ ફાડી નાંખેલ છે તે નકી વાત છે. માટે ક્ષમા કરશોજી.

ચીમનલાલની બાબતની વાતચીતમાં આપને કાંઇ અજુગતું બોલાયું હોય તો ક્ષમા કરશો. ને આપની બે હાથ જોડીને માફી માગું છું. માટે આપ ક્ષમા કરશો. એ અરજ માહ વદી ૧૨ મંગળવાર

લી૦ ...

અમૃતલાલ સૌ૦ કોઠારી.

આ પત્ર લાલજી હરશી લાલને મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, બાબા બિલ્ડીંગ મસજીદ બંદર રોડ, મુંબાઇ, ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ-૩, માંથી પ્રગટ કર્યું છે.

જગતનો ઉદ્ધારક.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રીઃ રતિલાલ સી. કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૪ મો. |
| સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨–૮–૦ | શનીવાર, તા૦ ૮–૪–૩૩. |

## વંદન હો! માનવ જાતના ઉદ્ધારકને.

ભારતવર્ષમાં ધર્મના નામે યજ્ઞની હિંસાએ કારમું રૂપ ધર્યું હતું. કુમળી કળી સરખાં બાળકો નિષ્ઠુરપણે હોમમાં હોમાતા હતા; માતા, પિતા, ભાઇ, બ્હેન, ઇત્યાદિ સ્વજનોનો ધર્મના નામે વધ થઇ રહ્યો હતો; અનાથ પશુઓની હિંસાથી નદીઓના કાચ સરખાં પાણી લોહીથી લાલ રંગના બની રહ્યાં હતાં; ચારે કોર હિંસાના નામે જ સ્વર્ગના પરવાના ફાટવાની રોમાંચક ઘટનાઓ બની રહી હતી.

પુરોહિતો, રાજાઓ અને મૂડીદારો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રના કિલ્લાઓ ઉભા કરી જ્ઞાતિવાડાના બીજને સીંચી ઉંચ–નીચના ભેદની છાપો મારી રહ્યા હતા. દેશભક્ષક રૂઢિયો, પ્રણાલિકાઓ અને વિધિઓ જે વખતે લોહીથી પોતાનું ખપ્પર ભરી રહી હતી તે વખતે સારાયે દેશનું વાતાવરણ ધર્મના નામે–હિંસાના પાપમય પથે વળેલું હતું, તેમાં જ ધર્મ મનાતો ત્યારે જગતને સાચા રસ્તે વાળનાર એક મહા પુરૂષની જરૂર હતી. નબળા પોચાની નહિ, પણ અથાગ હિમ્મતના બળે ગમે તેવા સંકટો સહન કરીને પણ પાપના રાહુથી ઘેરાતા જગતનો ઉધ્ધાર કરનાર એક મહા–વીરની જરૂર હતી. તેવા પ્રસંગે જેની વચમાં ગંગા વહી રહી છે તેવા નવ પલ્લવ મગધ દેશમાં સિદ્ધાર્થ રાજાને ત્યાં રાણી ત્રિશલા દેવીની કુક્ષિએ ચૈતર સુદ તેરશની રાત્રિએ એક મહા પુરૂષનો જન્મ થાય છે. તેમનું નામ વર્ધમાન.

ત્રીસ વર્ષ સુધી સંસારના સુખ વૈભવ ભોગવી યોગ્ય ઉમ્મરે મહાન સાધનાર્થે—જગતના કલ્યાણ અર્થે સંસાર છોડીને સંન્યાસ ધર્મનો સ્વીકાર કરી ઘોર તપ આદરે છે. કલ્પનામાં પણ ન આવી શકે તેવાં ભયંકર દુઃખો પડે છે છતાં અડગતાથી સમભાવથી સહન કરી મહાવીર તરીખે પ્રખ્યાતીમાં આવે છે.

આખો દેશ કળા કૌશલ્યમાં સર્વોપરી હતો. ધનધાન્યથી કુબેર ભંડારીના ભંડાર સરખો ભરપૂર હતો. છતાં વિધિઓ પ્રણાલિકાઓ અને સુકહાલ રૂઢિઓ પાછળ તે પાગલ બની અધર્મના રસ્તે વળેલો હતો, ત્યારે એકજ મહાવીરે તેની સામે સમર્થ ક્રાન્તિકારી તરિકે ઉદ્‌ઘોષણા કરી.

"હિંસાથી ભરેલા હોમ—હવન, કે ક્રિયાકાંડથી ખરો ધર્મ નથી થતો પરંતુ આત્મશુદ્ધિ કરવાથી ખરો ધર્મ પ્રાપ્ત થાય છે." "સદગુણી છે, તે ઉંચ છે અને દુરાચારી છે, તે નીચ છે—શુદ્ર છે." "આત્મશુધ્ધિથી દરેક પુરૂષ મહાન થઇ શકે છે—શું બ્રાહ્મણ? શું શુદ્ર? શું પુરૂષ? શું સ્ત્રી?"

"અહિંસા એજ પરમ ધર્મ છે."

"આત્માનો પુરેપુરો વિકાસ થતાં કોઇપણ મનુષ્ય પરમાત્મા બની શકે છે."

આ પ્રમાણે ત્રીસ વર્ષ સુધી દેશના જુદા જુદા ભાગોમાં ફરીને લોક ભાષામાં એકધારો ઉપદેશ–સતત વિહાર, અને પરિશ્રમ વેઠીને હિંસા સામે ઘોર બંડ જગાડી અહિંસાનો ડંકો બજાવ્યો. સ્ત્રી–પુરૂષના સમાન હક્ક સાબિત કર્યા. મુડીવાદની સામે વાડ બાંધી. અવળા રસ્તે વળેલા જગતના નાવને સવળા રસ્તે વાળી. સડેલા સમાજના ચારે વર્ણમાંથી આદર્શ જીવન ગાળનારનો સંઘ સ્થાપી વર્ણાશ્રમની દિવાલો તોડી નાંખી મહાન સુધારક કહેવાયા. અગણીત વંદન હો! એ માનવ જાતિના ઉદ્ધારકને.

**રાષ્ટ્રીય સપ્તાહમાં ખાદી ખરીદી દેશનું ધન દેશમાં રાખો.**

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चवस्स आणाए से उवहिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૮-૪-૩૩.


## જગતનો ઉદ્ધારક.

ઇસ્વીસન પૂર્વે છ સદી ઉપરનો એ સમય હતો. ઉંચ, નીચ અને જાતિ સંપ્રદાયોમાં માનવ રક્તનું શોષણ થઇ રહ્યું હતું. સમાજ વ્યવસ્થા તાંડવ નૃત્ય કરી રાક્ષસી સ્વરૂપમાં પ્રકાશી ઉઠી હતી, દીન અને દુઃખીયાઓનો આર્તનાદ અરણ્ય રૂદન નીવડતો હતો, ત્યારે કુંડ ગામના રાજા સિદ્ધાર્થને ત્યાં વર્ધમાનનો જન્મ થયો હતો. એ વાતને આજે પચીસો વર્ષનાં વહાણાં વ્હાયાં છતાં જગતથી ભૂલી શકાયું નથી. તેનું કારણ તેમનું આખુંયે જીવન લોક સેવામાં ઓતપ્રોત હતું તે છે. ભગવાન ગૌતમ બુદ્ધ જ્યારે બોધીજ્ઞાન પ્રાપ્ત કરી આર્યસત્યોની પ્રરૂપણા કરી રહ્યા હતા, ત્યારે વર્ધમાનનો બાલ્યકાળ હતો. વૈશાલીના સ્વતંત્ર વાતાવરણમાંથી એમના જીવન તત્વોને પોષણ મળ્યું હતું. ભર યુવાન વયે એ લોકોત્તર પુરૂષે રાજ્યપાટનો ત્યાગ કરી પૂર્ણ જ્યોત પ્રગટાવવા કોઇ અજ્ઞાત અને અમર પથે વિહાર કર્યો. જગતના ઉદ્ધારનું બીડું ઝડપી માનવતાની છેલ્લી ટોચ સુધીનો વિકાસ સાધ્યો અને દુઃખમય સંસારને ઉંચા પ્રકારના સુખનો અનુભવ કરાવવા સુંદર સ્વપ્ન સૃષ્ટિઓમાં પરિભ્રમણ કર્યું અને તેને મૂર્તિમંત સ્વરૂપ આપવા અનેક પ્રકારના માર્ગો નિયત કર્યા.

જગતના તે વખતના તમામ ફિલસુફરો અને ધર્મપ્રવર્તકોમાં વર્ધમાનનું સ્થાન અજોડ હતું: કારણ કે બીજા ફિલસુફરો અને ધર્મપ્રચારકો જ્યારે એકાન્તવાદની પ્રરૂપણા કરતા હતા, ત્યારે વર્ધમાને દરેક દર્શનોનો સમન્વય કરી એકાન્તવાદ–સ્યાદ્વાદની શોધ કરી જગતને ધાર્મિક ઝગડાઓથી બચાવવા પ્રચંડ પ્રયત્ન કર્યો હતો. આ સ્યાદ્વાદ અલૌકિક છે. યુક્તિવાદના પાયા ઉપર તેનું ચણતર કરવામાં આવ્યું છે. એટલે કે અમુક અપેક્ષાએ દરેક દર્શનકારોના સિદ્ધાન્તોને અપનાવી, ધાર્મિક સંઘર્ષણ તોડી પાડયું હતું, અને લોક સેવાના કાર્યમાં પોતાનું જીવન યોજી દીધું હતું.

મૂડીવાદનું પ્રભુત્વ અનંતકાળથી ચાલતું આવે છે. વર્ધમાનના સમયમાં પણ એ પ્રભુત્વ કાયમ હતું. વર્ધમાનને એ માનવતાનું દુશ્મન જણાયું એટલે તેમણે લોકોની ભીષણ લાલસાઓને અટકાવવા 'પરિગ્રહ પરિમાણ'નો ઉપદેશ કર્યો. અસંતોષની તીવ્ર આગથી પ્રજ્વલિત થએલ એ મૂડિવાદનાં અનિષ્ટ પરિણામો લોકો સમક્ષ ધરવા લાગ્યા અને જરૂરત કરતાં વધારે રાખવું એ 'પાપ' છે, એમ બાપોકાર જાહેર કર્યું. આજના સામ્યવાદના સિદ્ધાંતો અને વર્ધમાનના પરિગ્રહ પરિમાણમાં ઘણીજ સામ્યતા જણાય છે. ફરક માત્ર એટલોજ છે કે આધુનિક સામ્યવાદ યંત્રવાદના પાયા ઉપર રચાયો છે, જ્યારે તે વખતે યંત્રવાદનો અભાવ હતો, એટલે કે વર્ધમાનનો સામ્યવાદ અધ્યાત્મના પાયા ઉપર રચાયો છે તેથીજ 'આત્મવત સર્વભૂતેષુ' એવાં સૂત્રો અસ્તિત્વમાં આવ્યાં છે.

ત્યાગની વૃત્તિ કેળવવી એમાંજ સામ્યવાદનો સંપૂર્ણ વિજય છે. વર્ધમાને પોતાના જીવનને ત્યાગ માર્ગથી રંગી જગત સમક્ષ ત્યાગનું દૃષ્ટિ બિંદુ રજુ કર્યું અને તેની સાથેજ ઉંચ નીચના ભેદભાવોનું ઉન્મૂલન કર્યું. જાતિને પ્રધાનતા ન આપતાં ગુણને પ્રધાનતા આપવામાં આવી અને જગતના તમામ જીવો માટે દ્વાર ખુલ્લાં રાખ્યાં વર્ધમાનના સમયમાં સ્ત્રી અને શુદ્રોનું મનુષ્યત્વ છીનવી લેવામાં આવ્યું હતું ગૌતમ બુધ્ધે આ વસ્તુ વિચારી હતી અને તેનું મનુષ્યત્વ ખીલવવા ખુબ પ્રયાસ સેવ્યો હતો. વર્ધમાને તેને મૂર્તિમંત સ્વરૂપ આપ્યું. તેથીજ આપણે મેતારજ અને હરિકેશી જેવા નીચ જાતિના મનુષ્યોને પણ તેના શિષ્ય જગતમાં સ્થાન પામતા જોઈએ છીએ રૂઢિ રક્ષકોનું અસ્તિત્વ તે વખતમાં પણ હતું. એટલે વર્ધમાનની વિપ્લવકારી પ્રવૃત્તિને તેમાંથી ખુબ વેગ મળ્યો હતો. લોક માનસનું પરિવર્તન કરવા માટે તેમને પ્રચંડ પ્રયત્ન કરવો પડયો હતો. તેમાં તેમને ખુબ સફળતા સાંપડી હતી. આમ વર્ધમાનની પ્રવૃત્તિ વ્યાપક સ્વરૂપમાં કેંદ્રિત થઇ, જગતને નૂતન માર્ગ લાધ્યો. જનસમૂહ તેને અપનાવવા લાગ્યો. તેમાંજ તેને પોતાની ઉન્નતિનાં દર્શન થયાં. લાખ્ખો સ્ત્રી પુરૂષોએ એ પુરૂષોત્તમના આંતરનાદને પીછાન્યો, અપનાવ્યો અને તેને વ્યવહારૂ બનાવવા તમામ સફળ પ્રયત્નો કર્યા, વર્ધમાનની ફિલસુફીમાં કેટલીક એવી વિશેષતાઓ છે કે તેનાં મુળમાં ઉતરતાં આપણું મસ્તક સ્હેજે એ મહાપુરૂષ તરફ ઢળી પડે છે.

બીજા દર્શનોમાં સેવ્ય સેવકના ભેદભાવ અંત સુધી નજરે પડે છે. જ્યારે વર્ધમાન એમ કહે છે કે દરેક સેવ્ય બની શકે છે. મનુષ્ય પોતાનું મનુષ્યત્વ ખીલવે, તો જરૂર સેવ્ય થઇ જાય છે. આમ પ્રભુત્વની છેલ્લી કોટીમાં પણ સામ્યવાદનો સમન્વય કરે છે, આ વિશેષતા અપૂર્વ છે. જગતના કોઇ પણ દર્શનમાં આ વિશેષતા નહિં મળે. રાજાથી તે રંક સુધીના દરેક મનુષ્યોના મનુષ્યત્વનો આમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જગતનો તમામ માનવસમૂહ ઇશ્વર બની શકે છે તેવી ઉદ્ઘોષણા કરવામાં આવી છે. વિશ્વબંધુત્વ અને માનવતાનું દિવ્ય સંગીત આમાં સંભળાય છે.

બીજી વિશેષતા મંડનાત્મક નીતિથી એમના સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે, એ છે તેમાં તેઓશ્રીએ સહનશીલતાની પરાકાષ્ટા દાખવી છે. વર્ધમાનના પટ્ટધર ઇન્દ્રભૂતિ વર્ધમાનને પૂછે છે કે 'હે ભગવંત! જીવ, અજીવ, પુણ્ય, પાપ, લોક, અલોક, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ વિગેરે તત્વો નથી. એમ કેટલાક કહે છે એ શું સત્ય છે? વર્ધમાન તેના ઉત્તરમાં કહે છે કે 'હે ગૌતમ! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ, લોક, અલોક, વગેરે તત્વો છે. નથી એમ કહીશ નહિ.' આમ ઇન્દ્રભૂતિ ગૌતમને સમજાવવામાં આવ્યા પણ એ તત્વોને નહિ માનનારા ઉપર એમણે કદિ હુમલો કર્યો નથી. આ સહનશીલતાને અંગેજ જીજ્ઞાસુઓ તેમની

નોંધ—

## પોરવાડ મહાસંમેલન પર દ્રષ્ટિપાત.

લાંબા સમય સુધી ઘોર નિદ્રાવસ્થા પસાર કર્યાબાદ સમાજ કંઈક આળસ મરડીને ઉઠ્યો હોય તેમ હમણાનાં સંમેલનો ઉપરથી જણાય છે. સ્થાનકવાસીઓ મુનિસંમેલન અને કોન્ફરન્સ ભરી ઉન્નતિના રાહ નક્કી કરે છે, ત્યારે ઓશવાળો પોતાનું મહાસંમેલન ભરવાની ઉદ્દઘોષણા કરે છે, અને પોરવાડ સંમેલન પુરતી તૈયારી પછી તા. ૧૧-૧૨-૧૩ એપ્રીલ સન ૧૯૩૩ના દિવસોમાં ભરવાનું નક્કી થઈ ગયું છે. તેનો ડ્રાફ્ટ અમને અવલોકનાર્થે મળ્યો છે. આમ સમાજ વિભક્ત રીતે પણ પોતાની અજ્ઞાનતા જોઈ શક્યો છે અને એ અજ્ઞાનતાને વિદારવા કટિબદ્ધ થઈ રહ્યો છે, એ આપણું સદ્દભાગ્ય ગણાય.

આટલી પ્રસ્તાવના પછી આપણે પ્રસ્તુત વિષય ઉપર આવીએ. ડ્રાફ્ટ રેઝોલ્યુશનના પહેલા ઠરાવમાં મહારાજા સિરોહીને ધન્યવાદ આપવામાં આવ્યો છે. બીજામાં કેળવણીની આવશ્યકતા સ્વીકારી વિદ્યાલય, હાઈસ્કુલ, બોર્ડિંગ, કન્યાશાળા, ગુરૂકુલ, સ્કોલરશીપ, વ્યાયામશાળા વગેરે ખોલવા માટે આગ્રહ કરવામાં આવ્યો છે. ત્રીજા ઠરાવમાં સ્ત્રીઓ માટે પણ કેળવણીની જરૂરીઆત પીછાણવામાં આવી છે અને તેને વ્યવહારૂ રૂપ આપવા એક મહિલા વિદ્યાલય સ્થાપવા માટે કમીટી નીમવામાં આવે અને આગામી અધિવેશન ઉપર તે કમીટી પોતાનો રિપોર્ટ રજુ કરે એમ જણાવાયું છે. ચોથામાં મૃત્યુભોજન જૈન સિદ્ધાન્તથી વિરૂદ્ધ અને સમાજને હાનિકારક હોઈ બંધ કરવા માટે સૂચના કરવામાં આવ્યું છે. પાંચમામાં દેશ અને સમાજની આર્થિક સ્થિતિને અનુલક્ષીને લગ્નાદિ પ્રસંગોમાં જે ખર્ચ કરવામાં આવે છે, તે કમી કરવો, તે માટે નીચેની બાબતો ઉપર સમાજનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. વાજાં ગાજાંનો આડંબર કમી કરવો, વેશ્યાનૃત્ય, આતશબાજી અને ફુલવાડી બીલકુલ બંધ કરવી, દાંતનો ચુડો બંધ કરવો, ફક્ત લગ્ન વખતે કન્યા પહેરી શકશે. જનૈયાની સંખ્યા કમ કરવામાં આવે, કેવળ કૌટુંબિક પચાસ માણસોથી વધારે ન હોવા જોઈએ, જમણનું ખર્ચ ઓછો કરવો, લગ્ન પ્રસંગે રેશમી કપડાંનો ખર્ચ ન કરવો, છઠ્ઠામાં કન્યા વિક્રયને ઘૃણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે અને યુવાન તથા યુવતીઓને કહેવામાં આવ્યું છે કે તેઓ કોઈ પણ સંજોગોમાં એ પરિસ્થિતિને આધીન ન બને અને એ રાક્ષસી પ્રથાનો નાશ કરવાની ઘોષણા કરી છે. સાતમામાં વૃદ્ધ વિવાહને રોકવાને માટે લગ્ન કરવાની ઉંમર ચાલીસ વર્ષ સુધીની ઠરાવવામાં આવી છે અને બાળલગ્નના પ્રતિબંધ માટે અઢાર વરસથી કમ ઉંમરનો યુવાન અને ચૌદ વરસથી કમ ઉંમરની યુવતિના વિવાહ ન કરવામાં આવે. આ પ્રસ્તાવને મહત્વપૂર્ણ સમજવામાં આવ્યો છે અને તેને અમલમાં મુકવા માટે સમાજને અનુરોધ કરવામાં આવ્યો છે. આઠમામાં અજ્ઞાનતાના આવરણથી દિવસે દિવસે સંબંધ અને લગ્નના ક્ષેત્રો સંકુચિત થતાં જાય છે, એટલે દેશકાળની હાલની સ્થિતિનો વિચાર કરી સમાન આચાર અને સમાન વિચારવાળા સમાજના જુદા જુદા અંગ છે. તેને અવિભક્ત ગણાવી રોટી બેટી વ્યવહાર ચાલુ કરવાનો નિશ્ચય કરે છે, એવો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો છે. નવમામાં સંમેલનના ઉદ્દેશ અને ઠરાવોનો પ્રચાર કરવા માટે એક મુખ પત્ર ચાલુ કરવાની આવશ્યકતા સમજી તેને સંમેલનની ઓફીસમાંથી પ્રકાશિત કરવું, તે માટે દરેક વ્યક્તિને ગ્રાહક બનવાની પ્રાર્થના કરવામાં આવી છે. દશમામાં સંમેલનની કારવાઈ અને કર્તવ્ય બજાવવા ફંડની અપીલ કરી તેમાં યથાશક્તિ મદદ કરવા માટે જણાવવામાં આવ્યું છે. અગ્યારમામાં એક પ્રબંધકારિણી સમિતિ નીમવાનું કહેવામાં આવ્યું છે અને તેને આગામી અધિવેશન સુધી સંમેલનનું કાર્ય આગળ ધપાવવાનું, તેનું બંધારણ તૈયાર કરી બીજા અધિવેશનમાં રજુ કરવાનું વગેરે કાર્ય કરશે. બારમામાં, પોરવાડ સમાજ વ્યાપારી કોમ હોવાથી તેની ઉન્નતિ મુખ્યતયા દેશના ધંધા અને ઉદ્યોગ ઉપર આધાર રાખે છે એટલે સ્વદેશી વસ્તુઓ વાપરવા માટે સુચવવામાં આવ્યું છે. આમ બાર પ્રસ્તાવોમાં મારવાડમાં પ્રચલિત કુરીતીઓ, વ્હેમ અને અજ્ઞાનતાનો નાશ કરવા માટે ઠીક ઠીક જોર આપવામાં આવેલ છે. છતાં પણ બે ત્રણ પ્રશ્નો રહી જાય છે, તે માટે અમો સંમેલનના કાર્યકર્તાઓનું લક્ષ ખેંચીએ છીએ. અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન આજે સમાજમાં ખુબ ચર્ચાઈ રહ્યો છે. આ પ્રસંગે સંમેલન આ બાબત માટે કંઇ નીર્ણય કરે એ આવશ્યક છે. તે સિવાય સંઘ સત્તાને પણ સ્વીકારવી જોઈએ, દેવ દ્રવ્યના પ્રશ્ન માટે પણ વિચારણા જરૂરી છે. આ વિચારણીય મુદ્દાઓ કંઇ સાંપ્રદાયિક નથી. એટલે સંમેલન આ બાબત જો હાથ ધરે તો તેમાં સભામતિને આંચ આવતી નથી. તે સિવાય બેકારીનો પ્રશ્ન પણ જરૂર ગંભીર છે. સમાજનો મોટો ભાગ આ શત્રુથી ગ્રસિત છે. તેનો નિકાલ લાવવો એ પણ સંમેલનનું કર્તવ્ય છે, તે માટે ખાદીને સંપૂર્ણ અપનાવવી જોઈએ, કારણ કે તેમાં ઉપરોક્ત પ્રશ્નનો વ્યવહારૂ ઉપાય છે. ત્રીજા ઠરાવમાં સ્ત્રી શિક્ષણની જોડે પડદાનો રિવાજ નાબુદ કરવાનો પણ સમાવેશ કરવો જોઈએ કારણ કે એ રાક્ષસી પ્રથા છે. આટલું સુચવ્યા પછી અમે આશા રાખીએ છીએ કે સંમેલનના કાર્યકર્તાઓ ઠરાવોની લાંબી હારમાળા તરફ મોહ ન ધરાવતાં જેટલા ઠરાવો અમલમાં મુકી શકાય, પીઠબળ ઉભું કરી વ્યવહારૂ સ્વરૂપમાં યોજી શકાય તેવા ઠરાવો પસાર કરી પોરવાડ સમાજની ઉન્નતિ સાધશે.

---

તરફ પ્રેરાયા હતા અને તેમના અજોડ તત્વજ્ઞાનનું પાન કરી મનુષ્યત્વની અનેરી ટોચ ઉપર જઈ આત્માને સિદ્ધ કર્યું હતું.

આમ વર્ધમાન મનુષ્યત્વને સંપૂર્ણ રીતે ખીલવી પરમાત્મા મહાવીરના રૂપમાં પરિણમ્યા. તેમનાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્રે લોકોમાં નવચેતન આપ્યું. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રાસિત જગતને તેમાંથી શાન્તિનો સંદેશ મળ્યો. તેમના જીવન મંત્રમાં અહિંસા, સત્ય અને સંતોષને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. ઉપયોગે ધર્મ, ક્રિયાએ કર્મ, અને પરિણામે બંધ, એ સૂત્રોનો તેમણે ખૂબ ફેલાવો કર્યો છે. જૈન દર્શનનું એ દોહન છે. કષાયની મુક્તિમાંજ સાચી મુક્તિ માનવામાં આવેલ છે. આમ એ આપણાજ પરમાત્મા પદ ઉપર આરૂઢ થયેલ વર્ધમાન જગદુદ્ધારના માર્ગને સંપૂર્ણ બનાવી જગદુદ્ધારક બન્યા. વંદન હો આવા લોકોત્તર પુરૂષને.

# સામ્યવાદ જૈનોનો પ્રધાન સિદ્ધાંત છે

લે. લક્ષ્મીચંદ હેમરાજ કોઠારી

પ્રભુ મહાવીરનું પ્રવચન વિશ્વગામી, વિશ્વોપયોગી અને વિશ્વ કલ્યાણકારક છે. એમ તટસ્થ દ્રષ્ટિએ જોનાર કોઇ પણ વિચારક કહી શકશે. તેનું તત્વજ્ઞાન એટલું બધું ગંભીર અને ગહન છે કે જે દુનીયાના મોટા ભાગને નવીન જેવું લાગે. કર્મના સિદ્ધાંતોના વિષયમાં તેનું વિવેચન એટલું બધું બારીક અને વિસ્તૃત છે કે જગતના મોટા મોટા તત્વજ્ઞાનીઓને પણ વિસ્મયાન્વિત થઇ પડે. એ વિતરાગની પ્રવચન ધારામાં જે વિતરાગ ભાવો ભર્યા છે તે મહાન આકર્ષક છે અને રાગાદિમલ ક્ષાલનનું કામ વિશિષ્ટ રૂપે સધાય એ સ્વાભાવિક છે.

પ્રભુ મહાવીર વૈષમ્યવાદને વખોડી કાઢે છે. સામ્યવાદ એ તેમનો પ્રધાન સિદ્ધાન્ત છે. તેમનું સ્પષ્ટ ફરમાન છે કે દુનિયાનો કોઇ પણ માણસ તેમના શાસન ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે છે. તેમનું શાસન જાતી ભેદથી નીયંત્રિત નથી. ગમે તે જાતિ, ગમે તે વર્ણ અને ગમે તે દેશનો માણસ તેમના શાસનનો અનુયાયી થઇ શકે છે. ભંગીઓ અને અંત્યજો પણ જૈન ધર્મના અનુયાયી થઇ શકે છે. મોક્ષમાર્ગ અને મોક્ષ ચાન્ડાલો અને અંત્યજોને માટે પણ તેટલાજ ઉઘાડા છે જેટલા વાણીયા, બ્રાહ્મણ અને ક્ષત્રિયો માટે ઉઘાડા છે.

મહાવીર પ્રવચનના અધિકારી અસ્પૃશ્યો પણ તેટલેજ દરજ્જે છે, જેટલે દરજ્જે બ્રાહ્મણો, ક્ષત્રિયો, અને વૈશ્યો છે.

સમ્યકત્વ, શ્રાવક ધર્મ, સાધુ ધર્મ અને શ્રેણી-અવસ્થા જેમ વાણીયા, બ્રાહ્મણો અને ક્ષત્રિયો પામી શકે તેમ અસ્પૃશ્યો પણ પામી શકે.

**વીરની** વ્યાખ્યાન પરિષદમાં બધાને સ્થાન છે. તેમની આ સામ્યદૃષ્ટિ છે, આ તેમનો સ્યાદવાદ છે, આ તેમના શાસનની પ્રાણશક્તિ છે. તેમના લક્ષાવધિ વ્રતધારી શ્રાવકોમાં ઉત્કૃષ્ટ ગણાતા શ્રાવકો પણ કણબી, કુંભાર જેવી વર્ણના છે.

પ્રભુ મહાવીર અહિંસાની દેદીપ્યમાન મૂર્તિ છે, અહિંસા ધર્મના પ્રચારકોમાં પ્રભુ મહાવીર સહુથી પુરોગામી છે મહાવીરની અહિંસા વીરત્વ પૂર્ણ છે અને તેનું સ્પષ્ટિકરણ અત્રે અસ્થાને નથી. ખાસ કરીને દેશ અને સમાજની વર્તમાન ગંભીર સ્થિતિ અને પ્રવૃત્તિ લખવા પ્રેરે છે. વાસ્તવમાં જે સમાજ અને વ્યક્તિ બળવાન અને બહાદુર હોય, યોદ્ધા અને શોદ્ધા હોય તેજ અહિંસા ધર્મનું પાલન બહુ સારી રીતે કરી શકે છે, જીવી શકે છે અને બીજાઓને પણ જીવાડી શકે છે. "અહિંસા એ સામ્યવાદનું સર્વસ્વ છે."

# આત્મ-વ્યથા.

લે:-મનસુખલાલ લાલન.

હે જગન્નિયંતા પ્રભો ! સંસારાબ્ધિમાં ભમતા પૂર્વના કોઇ પુણ્યના અનુપમ યોગે ત્હારા મનોહર મંદિરના દર્શન થયાં. એ પતિત પાવન ધામમાં આતુર હૃદયે તારો સાક્ષાત્કાર કરવા પગલાં માંડયાં, પરંતુ હે પ્રભો ! જે ભાવથી, જે આશાથી, જે પ્રેરણાથી આવવા આતુર હતો તે ભાવના તે આશા તે પ્રેરણા ત્હારા ઉંબરમાં પગ મુકતાંજ ભાંગી ગયા, ત્હારા મંદિરમાં શુદ્ધ સ્ફટિકને બદલે વિલાયતી લાદીઓ, અનુપમ શિલ્પ કળાને બદલે રંગોના લપેડા અને સાદાઇને બદલે આડંબરોના દર્શન થતાંજ ક્ષણભર મનને ભાસ થયો કે હું જિનેશ્વર ભગવાનના દરબારમાં છું કે કોઇ રંગ મહેલમાં છું ?

પ્રભો ! શું કહું ? કહેતાં હૃદય બળે છે, વ્યથા વૃદ્ધિ પામે છે. કયાં ત્હારૂં શાંત વૈરાગ્યમય બિંબ અને કયાં આ રાજમહાલય જેવા ઠાઠ ? ત્હારી ધ્યાનાવસ્થાના દર્શન કરવાને બદલે જ્યારે પુષ્પોના ઢગના દર્શન થાય છે, ત્યારે મન મુંઝાય છે, અરિહંત ભગવાનની ધ્યાનસ્થ મૂર્તિ, વીતરાગ સ્વરૂપનું સંપૂર્ણ ભાન કરાવનાર પ્રતિમાને બદલે વિધવિધ અલંકારો હીરા, માણેક અને કટોરીઓથી જગમગતા બદનને જોતાં મન એ વીતરાગના દર્શન ઉપરથી ખસી આભૂષણોના વર્ણન તરફ ધસે છે અને હે પ્રભો ! જ્યારે સુખડ અને ચંદનના લેપોને બદલે વીલાયતી રંગબેરંગી કાગળોમાંથી કાપી બનાવેલા કળશ, કમરપટ્ટા અને અંગરખાં નીહાળું છું ત્યારે તો હદ થાય છે, અંતરાત્મા કકળી ઉઠે છે અને ક્ષણભર મુંઝાઇ વિચારમાં પડે છે કે આ તે જિનેશ્વર ભગવાનનું જિનાલય છે કે વિષ્ણુ-કૃષ્ણનું મંદિર છે ?

હે પ્રભો ! આજના ભક્તિ ઘેલા શ્રાવકો ભક્તિનો અતિરેક કરી આડંબરોના પુંજના પુંજ ખડકી ત્હારા મનોહર શાંત નિવાસને ધામધુમનું આભૂષણોનું અને હજારો ઇલેકટ્રીક બત્તીનું ધામ બનાવી જગતને ઉલટા ભક્તિ માર્ગથી વેગળા લઇ જાય છે, એનું એઓને કયાંથી ભાન હોય ?

આજે તારી નવે અંગ પૂજાને બદલે કેટલાક શોખીનો કળશ, અંગરખાં કાતરવાનું સાધન તને બનાવી રહ્યા છે. તો કોઇ પુષ્પ ઢગલા તારી પાસે ભરતાંજ પોતાને મોક્ષના ભાગી માની રહ્યા છે, તો કોઇ વળી પોંચી, હીરાના હાર કે વહીવાસ તારા વીતરાગમય બિંબ પર લટકાવી પોતાને અહોભાગ્ય માને છે તો કોઇ વળી તારા પાસે ઘૃતના નામના દીપકની સાથે હજારો કેન્ડલ પાવરની લાઇટો બાળી તારા ઝુગમગારાને શાંતિના સ્થાનને બદલે ઉકળાટનું ધામ બનાવી રહ્યા છે.

પ્રભો ! આ બધા ઉપરાંત જ્યારે રંગમંડપમાં કેટલીયે વાર ભક્તિપ્રેરક સ્તવનોને બદલે નાટકના સંગીતના ગાયનો, નાટકીય ચાળા અને નાટકીય હાવભાવ સાથે 'પ્રભો તુજ વિણ સેજ સુની' આવા અર્થહીન અને નિર્લજ્જ ગાયનો સાંભળું છું ત્યારે મનને શુંયે થઇ જાય છે, પરંતુ નાથ ! આ વ્યથા-આ હૃદયની વેદના કોને કહું ? પ્રભો ! બહુ વિચારૂં છું, માર્ગ શોધું છું. પરંતુ કોઇ માર્ગ નથી મળતો, ઇચ્છું છું કે નાથ ! મ્હારામાં એટલું આત્મબળ સમર્પ કે જેથી મારી હૃદય વેદના બીજાઓને સમજાવી ભક્તિની અતિરેકતાથી ભુલાયેલો માર્ગ મારા બંધુઓને પુનઃ પ્રાપ્ત કરાવું. ઇતિ.

## અસ્પૃશ્ય જૈનો:—

કેટલાક લોકોનો એવો ખ્યાલ છે કે વૈશ્ય જાતિ શિવાય કોઇ પણ જાતિમાં જૈન ધર્મને માનનારા નથી. અસ્પૃશ્યો જૈન હોવાનું અત્યારે તદ્દન અશક્ય છે, પણ તે ભ્રમ છે, બીજી જાતિઓમાં પણ જૈનો અનેક છે, સન ૧૯૨૧-ની સરકારી મનુષ્ય ગણનામાં અસ્પૃશ્ય જૈનોની સંખ્યા સ્ત્રી પુરૂષ બંને મળીને ૧૬૧૭ ની બતાવવામાં આવી છે, તેમાં વૈરાગી, ભીલ, ચમાર, દરોગા, ફકીર, ગંડા, ગૌર, ઘાંચી, હજામ મચ્છીમાર, જોગી, જોલાહા, કહાર, કલવાર, કોળી, કુંભાર કુનબી, તેલી, સાધુ, રાવલીઆ વગેરે જાતિનો સમાવેશ છે. કુનબી જાતિમાં તો સંખ્યાબંધ જૈનો છે.—**'વીર'**

# પ્રભુશ્રીના જીવનમાંથી-

એ પુણ્યશ્લોકી મહાન્ વિભૂતિના જીવનમાંથી શું શું આપણે કહીશું? એમનું જીવન એ સાચું, અમૃતતુલ્ય જળ-ભર્યા વિશાળ સરોવર સમું છે, પણ સાચી તૃષા વિના એ પાણીની કિંમત અંકાય શી રીતે? એમનું જીવન એ વિવિધ ફળઝાડોથી શોભતા અને ઉત્કટ સૌરભથી સુવાસિત બનેલા મનોહર ઉદ્યાન જેવું છે પણ જ્યાં લગી આપણામાં થાકેલા પથિક માફક વિશ્રામ માટેની તાલાવેલી જન્મે નહિ ત્યાં લગી એ શીતળતા કેવી અનન્ય છે તે ક્યાંથી સમજાય?

સામાન્ય ગામવાસી માનવી ને કાષ્ટવાહકનું જીવન જીવનારે આત્મા અજબ પ્રગતિ સાધી પોતાની જાતને વિશ્વવંદ્ય પ્રભુની કોટીમાં લાવી મૂકે છે અરે કર્મના ચિકણા જાળમાંથી કાયમને સારૂ મુક્ત બની જાય છે એ મહાત્માના ચરિત્રમાંથી આપણા સરખા અંતિમ વિચારના મનુષ્યોને એક બે નહિ પણ સંખ્યાબંધ બોધપાઠો લાભી શકે છે.

સત્તાવીસ ભવનો ઇતિહાસ એ એક રીતે કહીએ તો અનુભવની ડાયરી રૂપ છે. ભવસાગર સમા વિસ્તૃત પ્રદેશમાં ભ્રમણ કરનાર આત્માએ કેવી રીતે પોતાની નાવ હંકારવી કે જેથી ખરાબા-ટેકરા અને ખડકોમાંથી સહીસલામત તરીપાર થઈ શકાય તે સંબંધે એમાં ઠીક ઠીક નુકતેચીની છે. એમાં શું નથી ભર્યું? અભિમાનની ટોચે પહોંચવાથી કેવો પાત થાય છે એ જોવું હોય તો વાસુદેવ તરિકેના જીવનને ઉકેલો, ક્રુરકર્મ અને હઠીલી વૃત્તિના દર્શન કરવા હોય તો ચક્ષુ સામેજ મરિચીભવના ચિત્રો ખડાં છે. તપતપ્યા જ્યાં પૌદ્ગલિક સુખોની વાંછા ન છૂટતી હોય તો નિયાણુ કરનાર વસુભૂતિને યાદ કરો. અસંતોષના ચકપર અથડાઈ, કુટાઈ ને અટવાઈ કંટાળ્યા હોય અને જીવન સુધારણાની ઉત્કૃષ્ટ ભાવના જન્મીજ હોય તો નંદનભવ તરિકેનું સારૂંયે જીવન વિલોકો. એ વેળાની તપકરણી અને અંતે કરેલી સંલેખના હૃદયપટ પર કોતરી રાખો. મહાવીર થવાના દઢ મંડાણ ત્યાંજ થયેલાં છે. આ તો પૂર્વ સામગ્રીની વાત થઈ, પણ એ છેલ્લા સત્તાવીશમા ભવમાં-અરે શ્રી વીર તરિકેના જીવનમાં પણ ક્યાં શિક્ષાસૂત્રોની ખામી છે?

શ્રી વીર યાને વર્ધમાન કુંવર એટલે પ્રથમ માનવ અને આખરે બનેલ પ્રભુ. આત્મામાંથી પરમાત્માપણું પ્રાપ્ત કરેલું. જગત પરના સૌ કોઈ જીવો એ જીવનનું અવલંબન લઈ શકે એટલુંજ નહિ પણ એવું જીવન જીવી પણ શકે અને જાતે મહાવીર બની શકે-અમરતામાં પદસંચાર કરવાના પરવાના જૈન દર્શનમાં નથીજ. લાયક બનો અને પ્રગતિ સાધો એજ સંદેશ.

ઉન્નત પંથના મુસાફરનું જીવન નિહાળતાં પહેલીજ નજર ભક્તિ અને વિનય સમા મહાગુણો પર પડે છે. માતાની ભક્તિ તો ચીરસ્મરણીય બની છે, પણ મોટા ભાઇ પ્રત્યેનો વિનય અને આજ્ઞાપાલન અર્થે બે વર્ષ ગૃહવાસમાં વધુ રોકાણું એ વાત પણ ક્યાં વીસરાય તેવી છે? તેવુંજ એ મહાન વ્યક્તિનું ગૃહસ્થ જીવન-આજના માનવો માટે-ગૃહસ્થાવાસ સામે બેઠા ઉહાપોહ ઉઠાવનારા માટે-સમજવા જેવું છે. જ્યાં એ નિરખવા સારૂ પક્ષપાત રહિત આંખો જોઇએ, તે છે ખરી?

એ હોત તો આજે દીક્ષાના કલહને નામે આટલા ગાબા વરસેલા ક્યાંથી સંભવે! શબ્દોની લડાઇ હોયજ શેની! પ્રભુશ્રી બે વર્ષ રોકાયા ને સાધુ જીવનનો અભ્યાસ આદર્યો એટલા ઉપરથીજ આજે પણ એવી સંસ્થા ઉભી કરવામાં આવી હોત કે જ્યાં દીક્ષાના ઉમેદવારો એકઠા બની, એ પવિત્ર પદ માટેનો અભ્યાસ આદરી, એ માટેની લાયકાત સિદ્ધ કરી, આત્મકલ્યાણનો માર્ગ નિષ્કંટક બનાવી શકત અને જગતના ચોકમાં એક અનેરી ભાત પાડત-પણ એ વાતના હાલ તો સ્વપ્ના સેવવા રહ્યા. આપણે તીર્થંપતિના નામે સાઠમારીઓ ચલાવવી છે. એમના નામે પોતાના તરાપા તરાવવા છે અને પોતપોતિકા કક્કા ખરા કરવા છે, ત્યાં પછી ઉંડા ઉતરવાની કે સમ્યક્ અવલોકવાની વાત ક્યાં કરવી?

ગૃહસ્થ મટી ત્યાગી બનાર એ મહાત્માએ સહન કરેલા ઉપસર્ગોની હારમાળા જુઓ કે ત્યારપછી પ્રાપ્ત કરેલ કેવળીપણાની સાચી દશા અવલોકો. એમાંજ જીવન પ્રગતિકારક ઇતિહાસ ભર્યો છે. પદે પદે ત્યાંથી પ્રેરણાના મીઠા ઝરણાં વહી રહ્યાં છે. સાધ્ય સિદ્ધ કર્યાં છતાં પણ એ અનુપમ સત્ય જગત સન્મુખ ધરવા સારૂ, વર્તી રહેલ અજ્ઞાનતારૂપ અંધકાર દૂર કરવા સારૂ એ મહાત્માએ ઓછી

અનુસંધાન............પૃષ્ઠ ૧૯૨ મે

## લોહીનાં આંસુ.

"હું ખાનદાન કુટુંબનો છું. એક વખત માસિક સો-દોઢસો કમાતો. આજે બેકાર છું. છ મહિનાથી આશામાં ને આશામાં દિવસો કાઢ્યા. ગયે મહીને બાકી રહેલ છેલ્લું ઘરેણું ભારે હૃદયે વેચી દીધું. શું કરું? બાળકોને દુધનું ટીપું નથી મળતું; રોટલાને ખીચડીથી-ઘી વિના ચલાવ્યું. હવે આશા નથી રહી, પાંચ-દશ ભાઇઓને નોકરી માટે કહ્યું પણ કાંઈ વ્યવસ્થા ન થઇ. ફેરી કરવાની મને શરમ નથી, પણ ક્યાંથી કરૂં? ઘણી વખત આત્મઘાત કરી છૂટવાનું મન થઇ જાય છે; પણ વૃદ્ધ માતા, પત્નિ અને બે બાળકોને કોને સોંપું? આજ પાંચ દિવસથી એક શ્રીમંતને ત્યાં આંટા ખાઉં છું. તે મને જાણે પણ છે. આજ પરમાત્માનું નામ લઇ હિંમત રાખી ગયો! બસ હવે નથી બોલાતું! અરે! હું ભીખ માંગવા ન્હોતો ગયો. મારે ખાતે થોડા રૂપીઆ મળે તો લેવા હતા. મને પૈસા ન આપ્યા તેનું કાંઇ નહિ, પણ મને બે આશ્વાસનના શબ્દો પણ ન મળ્યા. મને હડધૂત કર્યો, ભીખારીને દઈ શકાય તેવી ગાળો દીધી. અને પછી જીવવા કરતાં મરવાનું શું ખોટું?"

મારા મિત્રની આંખ ભરાઇ ગઇ. ફુલ પાંખડી આપી દેશમાં મોકલ્યા.

ભગવાન મહાવીરના પુત્રોની સેવા-મહાવીરની સેવા નથી શું? 'મહુવાકર.'

# સમાજ રચના અને વ્યક્તિ સ્વાતંત્ર્ય.

લેખકઃ—નાનાલાલ દોશી.

શુદ્ધ વ્યવહાર કે નીતિના સિધ્ધાંતો મુજબ સમાજરચના એવી ન હોવી જોઇએ કે જે વ્યક્તિગત વિકાસમાં બાધરૂપ નિવડે. સમાજની ડખલગીરી એટલે સુધીજ ઇચ્છનીય હોઇ શકે જે વ્યવસ્થા સાચવવા પુરતીજ હોય. એવું બને છે ત્યારે વર્ષો વર્ષથી ચાલી આવતી પ્રથા રૂઢિ, યાતો ચુસ્ત નિયમ તરીકે દાખલ થઇ અનેકોની માનસભૂમિકા પર અંકુશ મુકે છે. હું અમુક પ્રકારની સમાજ રચનાનો હિમાયતી નથી; હું માનુ છું કે કોઇ પણ માનવ-સંસ્થાના હિત માટે કોઇ વ્યવસ્થિત સંચાલક કાર્ય થતું હોય તો તે અનુચિત નથી. સમપ્રદેશના રક્ષણ અને વિકાસ માટે જેમ રાજ્યની યાતો પ્રતિનિધિ સંસ્થાની આવશ્યક્તા છે. તેમ વ્યક્તિ સમૂહના કલ્યાણ માટે તેવીજ રચના હોય તો તે ખોટું નથી. પરંતુ ઉપરોક્ત ઉદ્દેશ ભુલાઇ જતાં જ્યારે સમાજનું સંચાલક તંત્ર અજ્ઞાન અને દિર્ધદ્રષ્ટિ વિહોણા વ્યક્તિઓથી ભરપૂર હોય ત્યારે તે સમાજરચના તિરસ્કારને પાત્ર બને છે. આજની જ્ઞાતિઓના ચુડીવાદી આપખુદ આગેવાનો તે આ દુર્ગંધ મારતા સમાજ શરીરના નાયકો છે. આજે દરેક માણસે લગ્ન, મરણ અને અનેક એવા પ્રસંગોમાં વ્યક્તિગત ભાવો છોડી જે દંભ સેવવો પડે છે તેમાં અમુક પ્રકારે નૈતિક બળની ખામી છે. હવે એ સમય આવી પૂગ્યો છે જ્યારે નુતન ભાવનાઓનો પ્રચાર કરવા પ્રત્યેક શિક્ષિત વ્યક્તિએ–સમૂહબળને સુમાર્ગે દોરી બરોબર કેળવવું જોઇએ છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એક કોઇ વિશેષ આકર્ષક તત્વ હોય તો તે વ્યક્તિ સ્વાતંત્ર્યનું છે. એ ઘણું જ જરૂરી છે કે જેમ જેમ સમય પરીવર્તન થાય તેમ તેમ સમાજ રચનાં સંધણાએ ચકોમાં ગતિ આવવી જોઇએ અને પ્રત્યેક અંગમાં ચેતન અને સ્ફુર્તિ પ્રસરવી જોઇએ. જ્યારે જ્યારે ધાર્મિક, સામાજીક કે રાજકિય સંસ્થાઓ યા પક્ષો આ વિચાર પરિવર્તનને પચાવી નથી શકતા ત્યારે ત્યારે તેમનામાં ક્ષયપેસે છે અને માનવ સમૂહ નવાજ વિચાર વાહકોનું સુકાનીપદ માન્ય રાખી તેની પાછળ મરી ફીટે છે. એટલું સત્ય છે કે **આ પરિવર્તનકારો સમાજથી અમુક સમય માટે તિરસ્કારાશે શ્રાપિત થશે, પરંતુ વખત જતા તેમની દીર્ઘ દ્રષ્ટિ માટે એજ માનવ સમૂહ આંધી દુર થતાં તેમનાં સન્માન કરશે.** આજે ડગલે અને પગલે આપણે સમાજના ખોટા ભયથી બીકું બની "કોઇ આમ કહેશે તો યા તેમ ટીકા કરશે તો" એવી રીતે વીચારી આપણાં કેટલાંએ હીતકારક કાર્યોને રોકીએ છીએ. પરંતુ વીસમી સદીનો પ્રધાનસુર વ્યક્તિ સ્વાતંત્ર્ય છે અને તે સ્વતંત્ર્ય દરેક યુવક અને યુવતીએ પૂર્ણ જવાબદારી ધ્યાનમાં લઇ દીપાવવું જોઇએ. સમાજમાં એવો એક પક્ષ તો રહેવાનોજ જે કંઇ પણ નવા કાર્યને વખોડશે. પરંતુ જેમને પોતાનું અસ્તિત્વ દીપાવવું છે તેવા વિચારવંત માણસોએ તો તે આવા બીન જરૂરી સલાહકારોની ગમતી કે અણગમતી ટીકાને અવગણી પોતાના અંતિમ ધ્યેયબિંદુ પ્રતિદ્રષ્ટિ રાખી હિંમતથી આગળ વધવામાં જરાયે પાછી પાની ન કરવી જોઇએ.

# સંઘઠ્ઠનની આવશ્યકતા.

—શાંન્તીકુમાર.

કોઇપણ સંસ્થા, સમાજ કે શહેરનાં અસ્તિત્વ અને આબાદી સુરક્ષિત રાખવાં હોય તો તેના બંધારણની સુવ્યવસ્થાને ખામી આવવી ન જોઇએ. આબાદીના કારણભૂત મૂળ તત્વોનું આરોગ્ય જાળવી રાખવાની જવાબદારી મૂળ સંચાલકો અને સુત્રધારો ઉપર આવી પડે છે. જૈન ધર્મના ઇતિહાસના અભ્યાસી ઓથી એ વસ્તુ અજ્ઞાત નહિજ હોય કે જ્યારે જ્યારે આવશ્યક્તા ઉભી થઇ છે. ત્યારે ત્યારે દેશકાળને અનુસરીને બંધારણમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા છે. ચાલ્યા આવતા ચીલાનેજ "બાપના કુવામાં ડૂબી મરવાના" ન્યાયે વળગી રહેવામાં ગૌરવ સમજવામાં આવ્યું ન હતું. ક્રિયાકાંડની જડતાને કે શુષ્ક જ્ઞાનને વળગી રહી વિકાસને અવરોધવાનું કોઇએ ઉચિત માન્યું ન હતું.

જ્યારથી આ વિચાર શ્રેણીનો અંત આવ્યો છે, ત્યારથી જૈન સમાજની પડતીના મંજેરા મંડાયા છે એમ કહી શકાય મતમતાંતર તેમજ ગચ્છો અને ઉપગચ્છોના વાડા વધતા ચાલ્યા છે જેના પરિણામે સંધબળ નાશ પામતું આવ્યું છે અને આપણે જોઇએ છીએ કે આવાં આવાં અનેક કારણોસર જૈન સમાજની ભુતકાળની જાહોજલાલી અને પ્રતિભા એક સરખી જળવાઇ નથી રહી. સંખ્યા તેમજ સમૃદ્ધિની દ્રષ્ટિએ જૈન સમાજ ઘસાતો જાય છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ ન ગણાય.

એતો સ્પષ્ટ છે કે જ્યારે એકજ વસ્તુના અનેક વિભાગો થાય છે. ત્યારે તેનું મહત્વ ઓછું થતું જાય છે એટલે આજે સૌથી પ્રથમ અને અગત્યનું કાર્ય આ અનેક વિભાગોને એકત્ર જોડી સાચું સંઘબળ ઉભું કરવાનું છે. દુઃખની વાત છે કે આ આધાર ભુત તત્વની અવગણના કરી આજે કેટલાક સ્થળોએ અને કેટલાક કિસ્સાઓમાં અંદર અંદર કલેશ કરવામાં આવે છે. મધ્યસ્થ ભાવનાથી વિચારણા કરી તોડજોડની નીતિ અખત્યાર કરવાના બદલે દ્વેષ બુદ્ધિથી પ્રવૃત્તિયો આદરવામાં આવે છે. જૈન દર્શનો મૂળ સિદ્ધાંત સ્યાદવાદ અથવા અનેકાંતવાદ છે. છતાંયે એ દ્રષ્ટિએ વિચારણા કરવાના અભાવ કરીને એક અથવા બીજા પ્રકારના મોહ અને કદાગ્રહને પોષવામાં આવે છે એથી પ્રેમથી વિરોધીઓને વશ કરવાના સ્થાને કલશના વાતાવરણે સ્થાન લીધું છે. આવા સંજોગોમાં અભ્યુદયની આશા રાખવી એ સ્વપ્નવત્ છે.

આપણે દર વર્ષે ભગવાન મહાવીરની જયંતી ઉજવતા આવીએ છીયે પણ અમે નથી માનતા કે જયંતીનું સાચું રહસ્ય સમજીને તેની ઉજવણી કરવામાં આવતી હોય શિષ્ટાચાર કે વ્યવહાર હોય તે પ્રમાણે મોટાભાગે વેઠરૂપજ એ 'ઉત્સવ' કરવામાં આવે છે પછી ક્યાંથી સમાજનું કાંઇપણ સાર્થક થાય આવા અર્થ વિનાના વ્યવહારને બેગનો મુકી રચનાત્મક કાર્ય કરવાની દ્રષ્ટિએ આ પ્રસંગની મહત્તા સમજવાની આવશ્યક્તા છે.

મહાવીર જયંતીના શુભ પ્રસંગે જયંતી ઉજવનારી વ્યક્તિઓએ અને સંસ્થાઓએ સમાજની પ્રગતિ અને વિકાસ માટે રચનાત્મક કાર્યની પોતાનાજ હાથ ધરવી ઘટે છે. પ્રગતિને

## યુવકો અનુકરણ કરે તો!

સમસ્ત આર્યવ્રત ઉપર વચ્ચાઈમાં પશુ હિંસા અને સમાજમાં મનુષ્ય હિંસાનું ઘોર વાતાવરણ પથરાઈ રહ્યું હતું તે વખતે બે મહાનુભાવોએ જન્મ લીધો. એક પીતા મહાવીર અને બીજા બુદ્ધદેવ. પીતા મહાવીરના જન્મ ચરિત્ર, તેના ત્યાગ, તેણે સમાજ માટે આપેલા ભોગ, અહિંસાથી રંગાઇ સાડાબાર વરસ કરેલી ઘોર તપસ્યા અને હિંસામય વાતાવરણને અહિંસા, સત્ય, પ્રેમ આદિથી દુર કરી શાંતીનું રાજ્ય સ્થાપવા માટે ભગીરથ પ્રયત્નો કરનાર અહિંસા સત્ય ઉપર સમાજ બંધારણનો પાયો રચનાર એ પિતાને જૈન સમાજ ઉપરાંત વિશ્વપ્રેમી જગતના તમામ વિદ્વાનો એક તપસ્વી તરીકે ઓળખે છે. યુવાની ચઢતી યુવાનીના પુર બહારમાં આત્મશ્રધ્ધાના, આત્મબળના, આત્મશક્તિના, એકજ અડગ હથીયારથી તમામ જનતાને શાંતીમય સુખ આપવા સાડાબાર વરસની મૌનવ્રતની તપસ્યા અંગીકાર કરે છે. મૌન દશામાં રહેવું કોઇને પણ હરકત, અડચણ કે દુઃખ ઉત્પન્ન થાય એવી દરેક ક્રિયાને તિલાંજલી આપી, ભોજન વહેવારનો ટાઇમ પુરો થયા બાદ શુદ્ધ આહાર ને કાંઇ મળે તે ગ્રહણ કરી આત્મસંતોષ પામવો. અનેક જીવોના કલ્યાણ માટે પોતે દેહ કષ્ટ ભોગવવા. અને "સવીજીવ કરૂ શાસન રસી"નો મંત્ર રગેરગની અંદર ઓતપ્રોત કરી સંભાળપૂર્વક આત્મોન્નતિમાં આગળ વધી કૈવલ્યપદ પ્રાપ્ત કરી તિર્થંકરની ભુમી પામે છે. આ વખતની દેશના અમૃતધારા બને છે. સાડાબાર વરસની મૌન દશામાં મેળવેલું, અનુભવેલું, ઉત્તમ જ્ઞાન જીવોની આગળ જાહેર કરે છે. અને એ અમૃતજ્ઞાન, અમૃતવાણીનું પાન, જન્મના વિરોધી જીવો પાસે બેસી ગ્રહણ કરે છે. આજ તેમની તપસ્યાનું મહાન ફળ. અને સમાજનું તે પાયા ઉપર ચણતર થયું છે.

પીતા મહાવીરે યુવાનીમાં રંગાઇ જે મહાકાર્યો કર્યા છે. તેના અલ્પ પ્રમાણમાં હાલના યુવાનો જો કાર્ય કરે તો હાલ સમાજની અનેક તરફથી થતી હાલ હવાલી બચવા પામે. મહાવીર પીતાએ મૌન દશામાં જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આત્મબળ પારખ્યું એજ રીતે આપણે મુકદશામાં સમાજ સેવા કરી આપણામાં રહેલા બળની કસોટી કરીએ. સમાજ સેવાનાજ કાર્યમાં રંગાઇ તેમાં ઓતપ્રોત થઇને સમાજને બચાવી લેવા માટે ભગીરથ પ્રયત્ન કરીએ અને જરૂર પડતાં જે ભોગ આપવા પડે તે સ્વેચ્છાથી આપીએ તોજ પીતા મહાવીરના ત્યાગનું ગૌરવ આપણે કાંઇક સમજ્યા છીએ એમ કહી શકાય.

—મણીલાલ.

---

બાધક ભેદભાવો અને મતભેદો ને નિર્મૂળ કરવા માટે સબળ પ્રયાસો કરવા ઘટે છે. સાંપ્રદાયિકતાકે હૃદયની ઉદારતા દાખવ્યા વિના માત્ર ટીકાઓ કરવામાંજ સમય શક્તિ અને સંપત્તિનો અપવ્યય કરવાથી કશો લાભ થવાનો નથી.

જગત જ્યારે આગળ ધપે છે ત્યારે જો આપણે અંદર અંદરના ઝઘડાઓના વર્તુળમાંજ અટવાઇ રહીશું તો આપણું સ્થાન ક્યાં હશે એની કલ્પના કરવી મુશ્કેલ નથી.

માટેજ મહાવીર જયંતીના ધાર્મિક અવસરે મારી પ્રાર્થના છે કે આમાં જૈન સમાજનું સંઘઠ્ઠન કરવાના હેતુથીજ સક્રિય યોજના ઉપાડવામાં આવે અને વિરોધાત્મક વલણને તજીદઇ ઐક્યને પોષક તત્વોના વિકાસની દિશા એજ પગલાં માંડવામાં આવે. આધ્યેય મૂર્તિમંત કરવાનો સાચો નિર્ધાર સાચ્ચા હૃદયથી કરવામાં આવે અને તેને અનુરૂપ વ્યવસ્થિત પ્રવૃતિ આદરવામાં આવે તો તેનાથી થતો લાભ સમાજને ઉન્નતિના માર્ગે થોડો ઘણો પણ આગળ લઇ જશે અને જો એક વખત સાચું સંઘબળ ઉભું કરી શકાય તો ઉજ્જવળ ભાવિ નજીક દેખાશે કેમકે સંઘ શક્તિ કલિયુગે ।

## જૈન સમાજ અને રચનાત્મક કાર્ય.

સમાજની આજની પરિસ્થિતિ ભારે વિષમ છે અંગેઅંગમાં વિકૃતિ જોઇ શકાય છે. હજારો વર્ષની ઉચ્ચ સંસ્કૃતિ સમું જૈન સમાજ મંદિર આજે કે સળગી રહ્યું છે. સર્વનાશ અને સત્યાનાશને આરે ધકેલાઇ રહ્યું છે. કલેશનો દાવાનળ સમાજને ભસ્મ કરી રહ્યો છે. અજ્ઞાનતા, બેકારી, લોહીપીતા રિવાજો, સમાજના પ્રાણ કોતરી ખાય છે. આ પરિસ્થિતિ જોઇને વિચારકો કે સમાજના સેવકો કેમ મૌન જણાય છે?

કામ થાય છે પણ તે સમાજને પ્રાણવાન બનાવવા માટે પુરતું નથી આપણી શક્તિઓ નકામા અને નજીવા કામ માટે ખુબ ખર્ચાય છે. સમાજની જાગૃતિને માટે તો રચનાત્મક કાર્યની દીશા નક્કી કરી, તે માર્ગે ખૂબખૂબ ઝડપથી એક નિશ્ચય અને નીડરતાથી ધપવું જોઇએ સમાજને ઉન્નત કરવો હોય તો આવશ્યક કાર્ય માટે મરી ફીટવાની તમન્ના જાગવી જોઇએ.

ભગવાન મહાવીરનો સિદ્ધાંત "જીવો અને જીવવા દો" (Live and let live) ભુલાઇ ગયો છે.

સમાજ પોતાના બાળકોને ભુખે મરતાં, અજ્ઞાન, અને દુઃખી જોઇને ધર્મની વાતોથી કે ઝગડાથી કલ્યાણના માર્ગે શી રીતે જઇ શકે?

જે ધર્મ સમાજને નવજીવન ન આપે જે ધર્મમાં કલેશને સ્થાન હોય, જે ધર્મ સમાજના બાળકોના કલ્યાણ માટે સક્રિય કાંઇ ન કરીશકે તેને ધર્મ કહેવો કે નહિ તેજ શંકા છે.

જે ધર્મગુરૂઓ સમાજના કલ્યાણનો વિચાર પણ ન કરી શકે, સમાજને ઉન્નત બનાવવાની પોતાની ફરજ ન સમજે, જે ધર્મગુરૂઓમાં ઉચ્ચ જ્વલંત ચારિત્ર ન હોય, સમભાવ ન હોય તે ધર્મગુરૂની સંસ્થા કેમ પ્રગતિ અને પ્રતિષ્ઠા સાધી શકે?

ભૂતકાળની જાહોજલાલીની પ્રશસ્તિઓ હવે શા કામની જ્યારે વર્તમાનની ચિકિત્સા થાય નહિ. સડેલા ભાગને કાળજીપૂર્વક કઢાય નહિ અને સમાજમાં પ્રાણપૂરક તત્ત્વ સીંચી શકાય નહિ?

ધર્મના ઝઘડા માટે લાખ્ખોનાં પાણી થાય, તેની પાછળ હજારો માણસોના સમય, શક્તિ અને સંપત્તિ વેડફાય અને ધર્મના ઉચ્ચતાનાં ખમીરમાં એ રીતે ફુંકાય એનો અર્થ શું?

પરિસ્થિતિ હાથમાં રહે ત્યાંસુધી જો ચેતાશે નહિ તો પછી સમાજના ઉદયની આશા સ્વપ્નવત્ સમજવી.

હજુ પણ ઘણું થઇ શકે તેમ છે. એકજ નિશ્ચય યુવક હૃદયોનો હોવો જોઇએ કે સમાજને રચનાત્મક કાર્ય દ્વારા ઉન્નત બનાવવા બેસી જવું. જ્યાં સુધી સમાજને ઉપયોગી શિક્ષણ પથ્ય સુધાર અને ધાર્મિક જીવન તરફ નહિ દોરવામાં આવે તે પાછળ ભેખ લઇને પાંચ-દશ યુવક હૃદયો કટાઇ નહિ જાય ત્યાંસુધી સમાજને જીવંત રાખી શકાશે નહિ. સળગતા સમાજને શાન્તિને માર્ગે દોરવા કોઇ આવશે કે?

---

**આવતો અંક મહાવીર જયંતિ અંગે બંધ રાખવામાં આવશે. —તંત્રી.**

# વિચારનાં વ્હેણ

—તારાચંદ.

### જયંતિ ઉજવવાની લાયકાત

ભગવાન મહાવીરની જયંતિ વર્ષોવર્ષ ઉજવાય છે તેમ આ વેળાયે પણ ઉજવાશે. ખૂબ શાંતિપૂર્વક, જયંતિનો મોહ વિસારીને આપણે વિચારીએ તો પ્રતિવર્ષ ઉજવતી એ જયંતિઓ ઉજવ્યા સિવાય આપણે કાંઇ પ્રગતી કરી નથી. આજે ભગવાન મહાવીરના પુત્રો પિતાના સૂત્રો વિસારી જુઠ, કપટ, ને લુચ્ચાઇથી મોટા 'ભા' બની ફરે છે અને સ્વાર્થની નરી સપાટીપર કેટલાય જૈન ભાઇઓના ભોગે મસ્ત બની ઘુમે છે. ભગવાન મહાવીરનો સમાનતાનો આદર્શ અને માનવતાનો પ્રેમ એમને નથી આકર્ષતો અને એમને આકર્ષે છે બાહ્ય કર્મકાંડો, મ્હોટાં ટીલાંઓ અને ભાવિક ભણાવવા મંદિરમાં બેસી ભક્તિભાવના દંભ કરવાનું. આજે કર્મકાંડોની પાછળનું ભવ્ય માનસ-ભગવાન મહાવીરનું જ્વલંત ચિત્ર દ્રષ્ટિ સમક્ષ નથી.

આ બધું છોડી દઇને આપણે મહાવીરના પુત્રો કહેવડાવવાની લાયકાત મેળવીએ, એનો જ્વલંત આદર્શ સમય ને સંજોગોએ શકય તેટલો જીવનમાં ઉતારવા પ્રયત્ન કરીએ અને દંભની જવનિકા ચીરી વાસ્તવીક જીવનમાં કંઇક કરી છુટીએ તો પિતા મહાવીરની જયંતિ ઉજવવાની લાયકાત આપણામાં આવે.

* * * *

### સાન બુદ્ધિ વિનાનું

ખંભાતપોળની ખાસ વાડીયામાં 'પ્રસંગ રંગ' કેઇ 'રંગીલ' રેલાવે છે. રસ મસ્તીમાં રચ્યો રહેનાર એવા રસ મસ્તીના પ્રસંગોમાં સારા સારનો વિચાર સુધ્ધાંય ન કરી શકે એ સમજી શકાય તેવી વાત છે. ઘણી વખત ઘણા બુદ્ધિ વૈભવ ભર્યા મહાનુભાવો પણ જ્યારે 'રંગ' રેલાવે છે, ત્યારે નાના બાળકથીય નપાવટ બની જાય છે એ આપણા અનુભવની વાત છે. અને એ રીતે 'રંગીલ' એની સાનબુદ્ધિ ગુમાવી બેસે એમાં તાજ્જુબ થવા જેવું નથી. વિચારનાં વ્હેણુનો સિધ્ધો પ્રત્યુત્તર તો આપી શકાય તેમ છેજ નહિ. એટલે એને ભાનભૂલી ગમે તેમ લખ્યા સિવાય છુટકો નહતો અને એ રીતે એણે એની ફરજ બજાવી છે. એ ગાયો ઘે છે ને એ સિવાય એ બીજું કરે પણ શું?

* * * *

### સાધુનો સ્વાંગ.

આજે આપણને કહેવામાં આવે છે કે સાધુઓને પૂજોઃ એમને સાધનો પૂરાં પાડો. અને ગામે ગામનાં અજ્ઞાન, ધર્માંધ ભાઇબ્હેનો એ પ્રમાણે કરે પણ છે. આ સ્થિતિ એકદમ ઉકેલ માંગે છે. માત્ર સાધુના સ્વાંગની પાછળ પૂજ્યભાવ નથી. એમ તો ગમે તે રખડતો આદમી દીક્ષાના બ્હાના હેઠળ એની બેકારીના કારણે સાધુ થાય તો આપણે ત્હેને પુજવાને, ખાવાનું આપવાને બંધાયલા નથી. આપણે હંસની સંશોધક દ્રષ્ટિથી દુધ ને પાણી જુદાં પાડવાનાં છે. આપણે સમજવાનું છે લાયકની પારખ કરવાનું અને એ રીતે તોળતાં ઉચ્ચ જણાય ત્હેનેજ આપણે મસ્તક નમાવી સેવા આપવાની છે. અને એવાં ન જણાય તેને આંગળી ચીંધી ગામ બહાર જવાનો રસ્તો બતાવવાની હિંમત આપણે કેળવવી જોઇએ છે. આપણે સાફ કહી દેવાનું છે કે લાંચ, ને દગા ફટકા, ચોરીને છીનાળવા છોડી તમે ચાલ્યા આવો અમે તમને અપનાવવા તૈયાર છીએ. પણ આ વસ્તુ હજુ આપણામાં આવી નથી. હજુ તો તેરવાડામાં કોઇક બુદ્ધિવિજયો વિહાર કરવાનો ડર બતાવી છોકરાં ભગાડે છે, રીસાય છે અને જૈનોની ધર્માંધતાનો વ્યાપાર કરે છે. આ આપણે મુંગે મોંઢે સહન કરવાનું નથી. બુદ્ધિવિજયો ચાલ્યા જાય તો સમાજ રાંડવાનો નથી એ સત્ય સમજી લેવાનું છે.

* * * *

### સામાજીક દ્રવ્યનો દુરૂપયોગ.

જૈન સમાજમાં અગીઆર લાખ માનવોની વસ્તી છે. તેમાં કાંઇ નહી તો ત્રણેક લાખ માનવીઓને પેટ ભરવાનાંય સાધન નથી. પણ આપણાં શ્રીમંતોને અને સમાજનાં આગેવાનોને મન એ મહત્વનો પ્રશ્ન નથી. એ તો કદમ્બગીરીમાં ત્રણ લાખ રૂપીઆનો વ્યય કરે છે. આજે મંદિરોનો ટોટો નથી. જ્યાં નવાં મંદિરો ખડાં કરવાનો મોહ હજુ મુકાતો નથી. સમાજના પૈસાનો એ સાવ દુરૂપયોગ છે. નવા મંદિરોની જરૂરત નથી એટલે આવા પૈસા કોઇ બીજા ઉપયોગમાં વપરાય તે ઇચ્છવા જોગ છે.

---

**પ્રભુશ્રીના જીવનમાંથી......** અનુ. પૃષ્ઠ ૧૮૯ થી.

જહેમત નથી ઉઠાવી. **परोपकराय सतां विभूतयः** એ સૂત્ર સાર્થક કરી બતાવી ચોતરફ પ્રવર્તી રહેલ હિંસાનો દાવાનળ બુઝવવામાં એમના પ્રયાસ સહ તુલનામાં અન્ય કોણ ટકી શકે તેમ છે? આમ અહિંસાના સાચા અવતારના વારસો તરિકેનું બિરૂદ ધરાવનાર આપણે જે વેળા રાષ્ટ્રપર મહાન સંકટ આવ્યું હોય અને ચોગરદમ ખાદી પરિધાનની હાકલ વાગી રહી હોય તે વેળા વિદેશી હિંસામય વસ્ત્રોના વેપાર કરીએ કિંવા એ વસ્ત્રોની મોહકતામાં લટ્ટુ બની એને પહેરવામાં આનંદ માનીએ તેવું આપણને શોભે છે? સાચા વીર સંતાનનું એ કર્તવ્ય હોઇ શકે?

જયન્તિ ઘણી ઉજવી અને ચરિત્ર વારંવાર સાંભળ્યા છતાં જો સ્વજીવનમાં એનો તલભાર પણ ઉતાર ન કરાય તો સમજી રાખવું કે એનું ફળ કંઇજ નથી.

મહાન્ પુરૂષનાં જીવન માત્ર સાંભળી રહેવાથી અને એમાંથી રંચ માત્ર ગ્રહણ ન કરવાથી, મહાન્ બની શકાતું નથીજ. એ તો જે માર્ગે તે ગયા તે માર્ગે આપણે પણ જવાના વ્રત આદરી દેશકાળ જોઇ યથા શક્તિ યત્ન આદરીશું તો અવશ્ય વહેલા મોડા પણ તેમના જેવા જરૂર થઇશુંજ.

શ્રી વીરના જેવા થવુંજ હોય તો વીરતાના પ્રદેશમાં એક ડગલું આગળ વધી આજેજ પાપમય વસ્ત્રોનો ત્યાગ કરી ખાદી ધારી થવાના વ્રત લ્યો.

આ નાની શરૂઆત પણ આજના પવિત્ર પ્રસંગે મહાન્ ફળદાયક છે. નાના બીજમાંથીજ મોટા વૃક્ષો નિપજે છે એ વાત રખે વીસરી જતા—સુજ્ઞેષુ કિં બહુના?

# આદર્શ સુધારક શ્રી મહાવીર.

લેખક:
ઉમેદચંદ દોલતચંદ બરોડીયા બી. એ.

ગુણનિધિ શ્રી મહાવીરના જીવન વિષે વિવેચન કરવું એ કાંઇ જેવું તેવું મુશ્કેલ નથી. કલ્પાન્ત કાળના પવનથી ઉછળી રહેલા પ્રચંડ મોજાવાળા સમુદ્રને બે હાથે તરવા જેટલું જ તે વિકટ છે, કારણકે અહીં ગાવા દુનિયાના પરાક્રમો નથી, પરંતુ અંદરના છે. નથી તે માટે મારામાં જરૂરી આવડત કે નથી તિવ્ર બુધ્ધિ. આ તો ન્હાનાશા બાળકનો ભાંગ્યો તુટયો પ્રલાપ. શ્રી મહાવીર જયન્તિનો પવિત્ર દિવસ વીરસ્તુતિ કરવામાં કોને વાચાળ નથી કરતો? આમ્રતરૂની મધુર મંજરી કોયલ પાસે મંજુલ ગાન કરાવે જ એમાં શું આશ્ચર્ય? પરમાત્મા પ્રત્યેનો પૂજ્યભાવજ અત્રે કંઇક લખાવે છે.

વસ્તુસ્થિતિ યાને તત્વની યથાર્થતા પ્રત્યે જ શ્રી મહાવીર જેવા કેવળજ્ઞાનીઓના ઉપદેશનું લક્ષ્ય હોય છે. અને સર્વે તત્વોમાં આત્મતત્વ ઉચ્ચ સ્થાન ભોગવે છે. શ્રી આનંદઘનજીએ સાચું જ કહ્યું છે કે આત્મતત્વ જાણ્યા વિના નિજની સમાધિ થતી નથી. તે તત્વનો ઉદય કરવો, તેને સતત જાગ્રત રાખવું, તેની શુધ્ધિ કરવી અને તેમાંજ રમણતા કરવી એજ તે જ્ઞાનીઓના જીવનનો મુખ્ય ઉદ્દેશ છે અને એ અર્થે જ તેઓનો ઉપદેશ છે.

સિધ્ધાંત એક જ છે, માર્ગ એક જ છે, પરન્તુ તે માટે ઉપદેશો અને ક્રિયાઓ અનેક હોય છે, દેશ, કાળ, પાત્રતા આદિ જોઇને આત્મતત્વની જાગ્રતિ અર્થે બીજા તીર્થંકરોની માફક શ્રી વર્ધમાને પણ અનેક ઉપાયો યોજ્યા છે.

સંસાર સરિતામાં રાગ દ્વેષ અને મોહની રેલ અહોનિશ આવ્યા જ કરે છે. તેના પ્રચંડ પ્રવાહની પેલેપાર જવા માટે, વિછિન્ન થએલ તીર્થની જગ્યાએ શ્રી વર્ધમાને નવું તીર્થ રચ્યું, તીર્થનો હેતુ તારવાનો અને તરવાનો હોય છે. તે હેતુ સિદ્ધ કરવા ક્રિયાઓ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તપાસો શ્રી ઋષભદેવનો સમય, ન્હોતાં તે વખતે ગામ કે શહેર, હતાં માત્ર ઝાડ નીચે રહેતાં સરલ યુગલીઆઓ. ન્હોતી કોઇ કળા કે કેળવણી. ગૃહસ્થ અને રાજા તરીકે શ્રી ઋષભદેવે સ્ત્રી પુરૂષોને અનેક કળાઓ અને વિવિધ વિદ્યાઓ શિખવી. પ્રચલિત લગ્નપ્રથા તેમના હાથેજ શરૂ થઇ, રાજ્ય વ્યવહારનો આરંભ તેમનાથી થયો, અને છેવટે પોતે તો ત્યાગ માર્ગ સ્વીકાર્યો. વણાટ કામ અને કુંભાર કામના શિખવનારે વસ્ત્રો અને પાત્રોમાં મોહ ન રાખ્યો. તે પણ ત્યાગ્યાં અને સર્વ પ્રકારે નિર્ગ્રંથ થયા, આ રીતે ગૃહસ્થ ધર્મ તેમજ યતિધર્મ બન્નેને તેઓશ્રીએ દીપાવ્યા.

તેમના પછી જ્ઞાન, કળા વધારે ખીલ્યાં, અભ્યુતર, પઠન પાઠન વધ્યાં; સાથે લોકોનો જ્ઞાન ભંડોળ વૃદ્ધિ પામ્યો, વચલા બાવીસ તીર્થંકરોનાં શાસનોમાં સાધુઓ વસ્ત્રો રાખતા. તેઓ તો હતા સુજ્ઞ અને સરળ, મોહ મુર્છા તેઓ સમજતા અને દૂર કરતા. વસ્ત્રોનો પરિગ્રહ તેમને નડતો નહોતો. આવશ્યક ક્રિયા તેમને માટે ફરજીઆત ન હતી. પછી આવ્યો વક્રતા અને જડતાનો જમાનો. શ્રી મહાવીર પ્રભુ તો મહા સુધારક હતા. શ્રી પાર્શ્વનાથના તીર્થમાં તે સમયે ચાલતો વસ્ત્ર પરિગ્રહનો મોહ જોયો. દેશની પરિસ્થિતિ નીરખી સર્વ સંજોગો તપાસી તેઓશ્રીએ ચાર મહાવ્રતનાં પાંચ મહાવ્રત કર્યાં. એટલે બ્રહ્મ-ચર્યના સ્પષ્ટ બે વિભાગ કર્યા—અમૈથુન અને અપરિગ્રહ. પોતે વસ્ત્રો અને પાત્રો બન્ને ત્યજ્યાં. પ્રતિક્રમણ જે નૈમિત્તિક હતું તેને દૈનિક ક્રિયા બનાવી અને વિવિધ આચારના નિયમો ઘડયા, ધર્મમાં વર્ણભેદ—જાતિભેદને બિલકુલ સ્થાન નથી એમ ઉપદેશ કર્યો. વિશાળ રીતે સાંપ્રદાયિકતા અને સંકુચિતતા વગરનું ધર્મતત્વ સમજાવ્યું. સર્વ પ્રત્યે સમાનભાવ, અદ્વેષ, પરમત સહિષ્ણુતા, વિચાર સ્વાતંત્ર્ય આદિ સ્થાપવા સ્યાદ્વાદ શૈલી બતાવી અને સમજાવી, સદા ફરતા જતા આ જગતમાં શ્રી મહાવીરે આ સર્વે પોતે જીવી બતાવ્યું. આ જવલંત જીવન દ્રષ્ટાંત હજી પણ હજારો વર્ષ સુધી ઝળકયાજ કરશે. કેળવણીના વિરોધીઓને જેમ શ્રી ઋષભદેવનું ઉમદું દ્રષ્ટાંત સચોટ જવાબ છે, તેવીજ રીતે સુધારાના વિરોધીઓને ચુપ કરવા શ્રી વીરનું દ્રષ્ટાંત પુરતું છે, ઉચ્ચ હેતુ લક્ષમાં રાખી દેશ, કાળ, પાત્રતા જોઇ સમય ઓળખી ઉપદેશ આપવો અને સુધારા કરવા એ અતિ આવશ્યક છે.

છેવટે એટલુંજ કહેવાનું કે, મોક્ષના માર્ગ બે નથી. શ્રી મહાવીરાદિ જે વાટે તર્યા તે વાટે જ શ્રી શ્રેણિકાદિ તરશે. તે માર્ગમાં મતભેદ નથી. તે સરળ માર્ગ છે, સમાધિ માર્ગ છે. સર્વ તીર્થંકરોએ સકલ ક્રિયાઓ અને ઉપદેશો તે એક જ માર્ગ બતાવવા માટે કહ્યાં છે. અને **તે માર્ગને અર્થે** જ તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો જ તે સફળ છે. તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મતત્વ ઉદય પામશે ત્યારે જ તે વાટ મળશે, ત્યારે જ મતભેદાદિ ટળશે, મતભેદ રાખી કોઇ મોક્ષ પામ્યા નથી. શ્રી સંઘમાં હાલ ચાલતા અતિ તિવ્ર મતભેદો દૂર કરવા શ્રી સંઘે વીર્ય સ્ફુરાવવાની અતિ જરૂર છે.

તુટવાની રાહ જોયા કરવી તેના કરતાં ઉદ્યમ સેવવો એ વધારે બેહતર છે.

## અયોગ્ય દીક્ષા પ્રેમીઓ સાવધાન.

ગામ ખીવાઈ પોસ્ટ બરનાવા જીલ્લા મેરઠ યુ—પીનો રહીશ જાતે અગ્રવાલ વાણીયો નામ બનારસીદાસ, મુખ ઉપર માતાનાં ઝીણાં ઝીણાં ચાઠાં ઉમર લગભગ ચાલીશની, શરીરનો ન પાતળો ન જાડો ઘણે સ્થાને દગાબાજી કરતો ફરે છે. માટે દરેક સાધુ—સાધ્વીએ તેમજ શ્રાવક શ્રાવિકાએ સાવધાન રહેવાની જરૂરત છે, ખાસ કરીને ગુરૂ બનવાની લાલસાવાળાઓ તો વધારે સાવધાન રહેવાની જરૂરત છે. સાંભળવામાં આવેલ છે કે કોઈ ગુરૂ ધારણ કરી ચુકેલ છે. અને કોઇ ધારવાની અભિલાષા રાખે છે. મતલબ દગો કરવાનો દાવ સાધે છે, બીમાર પણ બની જાય છે. દેવતા—ભૂત વગેરેનો ઢોંગ પણ કરવામાં કસર કરે તેમ નથી. બે બે દિવસ ત્રણ ત્રણ દિવસ અચેત બેભાન પણ થઇ જાય છે. અયોગ્ય દીક્ષાના ભૂતાવળો આવા ઠગારાઓથી સાવધાન રહે. એજ ભાવના.

ખબરદાર.

# અ........વ........ન........વા.

**આલમને ઓવારે—**

—મૌલાના શૌકતઅલી વિલાયતની મુસાફરીથી આવ્યા બાદ પં. માલવીયાજી સાથે સંગઠન અંગે વાટાઘાટ આગળ ચલાવવાનો ઇરાદો રાખે છે.

—મહાસભાના અધિવેશન વખતે પકડાયેલા બધા ડેલીગેટોને તેમજ શ્રીમતી નલીની સેનગુપ્તા વગેરેને છોડી મુકવામાં આવ્યા છે.

—મદ્રાસ પાસે તીરૂવન માળાની પવિત્ર ટેકરીની તળેટી આગળથી બેકારીની ખાતર આપઘાત કરેલા એક આખાયે કુટુંબના સાતે માણસોના કરૂણ ઉપજાવે તેવી સ્થિતિમાં શબો મળી આવ્યાં છે. મૃત શરીરોમાં ૧૯ અને ૧૫ વર્ષની ઉંમરના બે છોકરાઓ, ૧૫ અને ૧૨ વર્ષની ઉંમરની બે છોકરીઓ, એક ૧૮ મહીનાનું બાળક, પ્રૌઢ વયની એક સ્ત્રી દરેક દાતરડાથી કપાયલાં હતાં. સાતમું શબ એક પુખ્ત વયના મરદનું ઝાડ ઉપર લટકતું હતું. મરેલા માણસ પાસેથી મળી આવેલા કાગળમાં અતિશય ગરીબાઇના પરિણામે આખા કુટુંબે આપઘાત કર્યાનું જણાવ્યું હતું. હાય ગરીબાઇ!

—આખી દુનિયાનું મોટામાં મોટું અમેરીકાનું વીમાન (આકરોન) તુટી પડ્યું હતું, જેની અંદર ૧૯ અધિકારીઓ, ને સત્તાવીસ માણસો, ૪ હોદ્દેદારો અને સખ્યાબંધ મુસાફરો હતા. આકરોન ઇ. સ. ૧૯૩૧ માં શરૂ કરવામાં આવ્યું હતું. અને તેની દશ લાખ ને પચે તેર હજાર પૌંડની કીંમત બેઠી હતી.

—મુંબઇના બાગમાંથી અત્યાર સુધીમાં ૧,૧૭,૯૭,૯૮૩૧૦ નું સોનું સીધાવ્યું છે.

—એવરેસ્ટ ઉપર બે વિમાનોએ ઉડન ક્રિયામાં ફતેહ મેળવી હતી. અને એ હાઉસ્ટનનો કાફલો ૩૫૦૦૦ ફીટની ઉંચાઇએ પહોંચી ત્રણ કલાક ઉપર રહ્યો હતો.

**સ્થાનીક—**

શ્રી જૈન સ્વયં સેવકમંડળના આશ્રય નીચે વીરજયંતિ પાયધુની મહાવીર સ્વામીના દહેરાસરના ઉપાશ્રયમાં ઉજવવામાં આવશે.

**અજમેર**—સ્થા. કોન્ફરન્સમાં નામદાર લીંબડીના મહારાજા સાહેબ તથા નામદાર મોરબીના મહારાજા સાહેબ તરફથી પ્રતિનિધિઓ તેમજ સર પ્રભાશંકર પટ્ટણી અને પ્રતિષ્ઠિત પરોણા તેમજ જુદા જુદા ઠાકોરોને આમંત્રણ આપવામાં આવ્યા છે. (૨) ટ્રેનીંગ કોલેજના વિદ્યાર્થીઓનું સંમેલન, સ્થા. યુવક પરિષદ, મહિલા પરિષદ અને શિક્ષણ પરિષદ ભરવામાં આવનાર છે. (૩) સ્થા. સાધુ સંમેલનનું કામકાજ શરૂ કરવામાં આવ્યું છે: ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું, આ સંમેલનનું કાર્ય પંદર દીવસ ચાલશે.

**આગ્રા**—શ્રી અચલસિંહજી જૈન ને ૧ એપ્રીલે આગ્રાની સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. તેઓની તબીયત બીમાર છે.

**નાગપુર**—શેઠ પુનમચંદજી રાંકાને જેલમાં બળજબરીથી ખોરાક આપવામાં આવે છે. શ્રીઓની જેલના ડોકટરે ખંડવા જેલના ડોકટરને આ પ્રમાણે ખોરાક આપવાનું ચાલુ રાખવાની સલાહ આપી છે. આજે તેમના ઉપવાસનો ૩૪ મો દિવસ છે. બધું મળી તેમણે ૫૦ રતલ વજન ગુમાવ્યું છે.

**સુરત**—નગીનચંદ હોલમાં શ્રી નંદનાથ કેદારનાથ દિક્ષીતના અધ્યક્ષપણા નીચે વિરજયંતિ ઉજવવામાં આવશે. જે વખતે પંડિત દરબારી લાલજી, પ્રોફેસર મોહનલાલ પાર્વતીશંકર દવે વિગેરે વક્તાઓ વિવેચન કરશે.

**વાંકલી** (મારવાડ) આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજી બાડમેર, વાંકુડા, જાલોર, ઉમેદપુર, વિગેરે સ્થળોએ વિહાર કરતાં પધાર્યાં હતા. ઠેકાણે ઠેકાણે તેમનું અપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું હતું, દરેક જગ્યાએ ધર્મ દેશના વખતે અન્ય ધર્મીઓએ પણ વ્યાખ્યાનોનો સારો લાભ લીધો હતો. વાંકલી ગામમાં ચૌદ વર્ષથી ચાલી આવતો ઝગડો અથાગ પરિશ્રમ લઇને મહારાજજીએ પતાવ્યો અને સુમેળસંપ કર્યો, ઝગડાખોર સાધુઓ આમાંથી કાંઇ બોધ લેશે? મહારાજશ્રી શીવગંજ થઇ શ્રીમના રોજ બામણવાડજી આવી પહોંચ્યા છે.

**બાલી** (મારવાડ) એક વર્ષની બાળાનો પીસ્તાલીસ વર્ષ ઉંમરના બુઢ્ઢા જોડે ૪૧૦૦૦ ની મોટી રકમથી સોદો થયાનું સંભળાય છે યુવાનો આ સંબંધમાં કંઇ કરશે કે?

**બેરાણુ**—મોહનલાલજી મહારાજના પટ્ટધર પ્રવર્તક કાન્તિ મુનીજી ચૈત્રસુદ બીજના દીવસે કાળ ધર્મ પામ્યા છે.

**વડોદરા**—મુનિરાજશ્રી વિદ્યાવિજયજી દશમે વડોદરા પહોંચ્યા અને તેમનું અપૂર્વ સ્વાગત વડોદરાના સંઘે કર્યું હતું.

**દીલ્હી**—થોડા વખત પર સાત વર્ષની એક બાળાએ પુરે પુરા નવ મહીને એક બાળકને જન્મ આપ્યો હતો. જન્મ વખતે બાળકનું વજન ચાર પૌંડનું હતું. બાળક માતા ઉછેરી રહી છે. બે માસ પછી બાળકનું વજન ૭ પૌંડ જેટલું થયું છે.

**અમદાવાદ**—ઇંદોરના ભતરા લક્ષ્મણજીની કેસર નામની છોકરીને ફોસલાવી લાવી અમદાવાદમાં લુણસાવડામાં રહેતા ઓસવાળ વણીયા સકરચંદ કસ્તુરચંદ મણીચંદ સાથે રૂા. ૬૦૦ લઇ પરણાવવા માટે, રૂપમલ બળદેવ નામનો શખ્સ પકડાયો છે કેસર ચમાર હોવાનું કહેવાય છે. (૨) મીલમાલીક મંડળીની નવી સાલના ઉપ-પ્રમુખ તરીકે શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ચુંટાયા છે.

**ભાવનગરથી**—એક ભાઇ લખી જણાવે છે કે મોહન સુરિના શિષ્ય પ્રિતિવિજય સંબંધમાં આવેલું લખાણ અસત્ય છે. પ્રિતિવિજયજીને મોહનસુરિથી જુદા પડવાનું ખાસ કારણ તેમને સ્ત્રીઓનો પરિચય બહુ છે, તે છે. હજુ તેમણે તે પરિચય છોડયો નથી. આમણે તદ્દન રાખ્યો નથી. વળી તેઓ એકલા વિચરતા પણ નથી અને બે શિષ્યો સાથે રાખે છે.

**—વાંચકોને —**

તમારા ગામના વિશ્વાસુ સમાચારો સાફ અક્ષરે લખી મોકલો.

વ્યવસ્થાપક, પ્રબુદ્ધ જૈન.

## भगवान महावीर और युवकोंका कर्त्तव्य.

ले.पंडित दरबारीलालजी न्यायतीर्थ.

भगवान महावीर का जीवन एक महान् क्रान्तिकारी का जीवन है. भगवान की क्रान्ति सफल हुइ, क्यों की वे तीर्थंकर थे अथवा ये कहना चाहिए की वे तीर्थकर थे इस लीये उनकी क्रान्ति सफल हुइ. प्रत्येक तीर्थंकर का जीवन एक महान क्रान्तिकारीका जीवन होता है, अगर हम तीर्थंकर के उपासक हैं तो इसका अर्थ यह हुवा कि हम एक महान क्रान्तिकारी के उपासक हैं. इसीलीये हमे क्रान्तिका सदा स्वागत करना चाहिए, भर जवानीमें भगवान महावीरने क्रान्तिका बीडा उठाया, और इसीकेलीये उननें गृह त्याग कीया. बारा वर्ष तपश्चर्या करके उननें सफलता प्राप्त की, भगवानके युवावस्थाके अदम्य उत्साहके सामने संसारके विघ्नों और प्रलोभनोंने शीर झुका दीये. भगवानकी विजय हुइ. इसीसे वे जिन कहलाइ. भगवान महावीर भगवान पार्श्वनाथके अनुयायी थे, इतने पर भी उननें भगवान पार्श्वनाथके तीर्थके नीयमोंको बदल दीया. क्योंकी उस समय क्रान्तिकी आवश्यकता थी. खूब शिथिलाचार बढ गया था. अनेकांत को लोग भूल गये थें, उसकी जगह पर एकांत स्थापनकर रहा था, संघकी व्याख्या भष्टप्राय: हो गइ थी, श्रावक और साधुओंका संबंध तूट गया था, स्त्रीयोंकी कोइ आवाज नहीं थी, वर्ग युद्ध भयानक अट्टहास्य पर पहोंच गया था. चारोतरफ अन्याय, अत्याचार और अशान्तिका साम्राज्य था. इस अंधकार के भीतर हम जोस ज्योतिर्मय मूर्तिका दर्शन करतें हुय वह भगवान महावीरकी मूर्ति थी उसके प्रकाशसें सब चमक उठे.

भगवानने शिथिलाचारको रोक कर साधुओंको सच्चा साधु बनाया. साधु संघकी सुव्यवस्था के साथ साध्वी संघ, श्रावक संघ, श्राविका संघ की रचना की. स्त्रीयों और शुद्रोंको मनुष्यत्वके अधिकार दीये. वर्ग युद्धको हठाया, इस प्रकार नवयुग ला दीया.

ढाइ हजार वर्ष बीत गये अनेक संस्कृतियां पैदा हुइ. और नष्ट हो गइ. किन्तु वे अपनी कुछ न कुछ असर छोड गइ. काल के इन प्रबल परमाणुओंनें कहींकी चीज को कहीं कर दीया. इस लीये यह मंजुर नहीं था की भगवान महावीर के द्वारा प्रज्वलीत की हुइ क्रान्तिपर इसका कुछ प्रभाव न पडता, वह पडा. और ढाइ हजार वर्षके उत्थान पतन के बाद हम इस परिस्थितिमें आ गये हैं की भगवान महावीर के द्वारा प्रज्वलित की गइ क्रान्तिका स्फुलंग लेकर फिर क्रान्तिकी धूम मचाकर यौवनका परिचय दें.

जीन विकट समस्यायोंको पूर्ण करने के लीये भगवानने क्रान्तिका बीडा उठाया वे अबभी खडी है और उस समयसें भी बुरे रुपमें खडी हे. आज साधु समाजकी अव्यवस्था उस समयसें कइ गुणी अधिक है. वे भगवान महावीर के नामपर हो भगवान महावीरके आदर्श जीवनकों सक्रिय तिरस्कार करतें हे. आज वर्ग युद्धके साथ ही वर्गोंकी संख्या अगणीत हो गइ है, युद्धके कारणोकी संख्या बी बढ गइ है, वैधव्यकी ओडमें स्त्रीओपर अत्याचार हों रहे है इसी लीये यह आवश्यक हे की हममेंसे कोइ महावीर बने, यदि नहि, संभव नहीं हे तो युवकोंको भगवान महावीरके जीवनका अनुकरण करना चाहीयें, एक व्यक्ति आज महावीरका कार्य नहीं कर सकती तो हम सब मीलकर अवश्य ही वह कार्य कर सकते हैं 'संघे शक्ति: कलौ युगे ' अर्थात् कलिकालमें शक्ति संघमें होती हे, आज इश्वरता और दिव्यता संघमें अवश्य होती हे, युवको ! समय आ गया हे उठो ! काम पडा हे. संगठित बनो, निर्भय बनो, विचारक बनो. सत्यके लीये मर मीटनेकी शक्ति पैदा करों अर्थात सब मिलकर महावीर बनो. यही महावीर जयंतिका मनाना हे यह भगवान महावीरकी सच्ची पूजा है ।

---

## પંદર વર્ષે પ્રીવી કાઉન્સીલના ચુકાદાથી આવેલો અંત.

અમદાવાદ, તા૦ ૨

લગભગ પંદર વર્ષને અંતે સમેત શિખરની જાણીતી પારસનાથની ટેકરીના સંબંધમાં શ્વેતામ્બર અને દીગમ્બર જૈનો વચ્ચે જે ઝઘડો ચાલતો હતો તેનો અંત પંદર વર્ષ સુધી જુદી જુદી કોર્ટોમાં લડયા પછી પ્રીવી કાઉન્સીલમાં શ્વેતામ્બર જૈનના લાભમાં આવ્યો છે.

બંગાળામાં આવેલી પારસનાથની ટેકરી પાલગંજના મહારાજાની મીલ્કત હતી. અને તે જપ્તીમાં હતી. દીગમ્બરોએ તે જપ્તી છોડાવી બંગાળાના તે વખતના લેફ. ગવર્નરની મારફતે કાયમી પટે લીધી હતી. આ સામે શ્વેતામ્બર જૈનોએ તે વખતના વાઇસરોયને અરજ કરી હતી અને તેમણે ઠેરવ્યું હતું કે લેફ. ગવર્નરને ટેકરી કાયમી ભાડે આપવાની સત્તા ન હતી. અને પ્રથમ હક્ક શ્વેતામ્બર જૈનોનો હતો આથી શ્વેતામ્બરોએ એ ટેકરી પાલગંજના મહારાજાના વહીવટદારો પાસેથી રૂા. સાડા ત્રણ લાખમાં વેચાતી લીધી હતી. પાછળથી એ વેચાણ ખત રદ કરવાને પાલગંજ મહારાજાએ હજારી બાગની કોર્ટમાં દાવો કર્યો હતો પરન્તુ એ દાવો કોર્ટે રદ કર્યો હતો અને વેચાણ કાયમ રાખ્યું હતું આ ઉપર પટણા હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવતાં તે રદ ગઇ હતી. તે પછી પ્રીવી કાઉન્સીલમાં અપીલ કરવામાં આવી હતી અને પ્રી૦ કાઉન્સીલે હમણાં જ ચુકાદો આપી હાઇ કોર્ટનો ચુકાદો કાયમ રાખ્યો છે. એટલે શ્વેતામ્બર જૈનોએ ખરીદેલી ટેકરી ઉપર તેમનો હક્ક કાયમ રહ્યો છે અને વેચાણ રદ થઇ શકયું નથી.

આ કેસનો ચુકાદો હીન્દુસ્તાનના શ્વેતામ્બર જૈનોને ઘણો અગત્યનો છે. કેસમાં પ્રતીવાદી તરીકે અત્રેની આણંદજી કલ્યાણજીની પેઢીના શેઠ કસ્તુરભાઇ મણીભાઇ હતા, અને પહેલેથી છેક છેલ્લે સુધી આ કેસને પંદર વર્ષ થયાં છે.

# हिन्दी विभाग.

## –श्री महावीर जयन्ती और जैनोंके कर्तव्य–

(ले. पं. विद्यालंकार यतिवर्य्य श्री हीराचंदजी महाराज, मु. काशी.)

परम तीर्थंकर शासन नायक प्रभु महावीरस्वामी का पवित्र जन्म दिन किन को नही आल्हादकारी होगा? जैन संसार में इस प्रसंग पर आनंद उत्साह धार्मिक भावनाये सर्वत्र सर्व नगर गामो में फलेगी, और संघटित होकर वीर जयन्ती उजवी जायगी, प्रभुवीर हीकि एक जयन्ती उत्सव है जिस में सर्व जैन संप्रदाय प्रभुवीर ही को अपना प्राचीन आदर्श समझते है, और उन्ही के प्रणीत आगम उपदेशो को श्रद्धा के साथ धारण करते है. वीर जयन्ती ही जैनो के लिए प्राचीन प्रसंग है जिस में सर्व जैन संप्रदायों की एक सरीखी भक्ति और पूज्य भावपूर्वक संप्रदायिक भेद प्रभेदों को भूल कर एक जगह एकत्रित होते है, जैन मात्र प्रभु वीर पर अनन्य श्रद्धा भक्ति रखता है. क्यों न हो, प्रभु वीर का जन्म ही ऐसा है कि त्रिलोक के जीवों को शान्ति प्राप्त होती है, जिस परम कारुण्य निधि भगवान् महावीर ने त्रिलोक के वन्दनीय पूजनीय सर्वदर्शी हो करके भी विश्वहित के लिये अन्तिम निर्वाण के समयमे भी १६ प्रहर की देशना दी, जडवाद में लुब्ध अज्ञानी जीवों को आत्मानुभव, आत्मस्वातंत्र का अनुभव कराया, चार गति ८४ लक्ष जीवायोनिरूप भवचक्र से अनेक आत्माओं को मुक्तिपद प्राप्त कराया, अनंत जन्म जरा मरण आधि व्याधि उपाधि दुःखों से पीडित आत्माओं को सदुपदेश द्वारा संयमी सदाचारी तपस्वी त्यागी बना कर सदा के लिये अनंत ज्ञान, अनंत दर्शन, अनंत सुख, अनंत पराक्रमरूप आत्मऋद्धि के भोक्ता बन दिये विश्वप्रेममय अहिंसा, सत्य और सदाचार का उपदेश देकर सम्राट्, चक्रवर्ती, राजा महाराजा, शेठ, साहुकार से लेकर यावत् गरीब से गरीब प्राणियों का समभाव से कल्याण किया, गुण कर्म पर स्थापित चारो वर्ण व्यवस्था को कुगुरुओने स्वार्थ सिद्ध के लिये अपने प्रभुत्व को टिकाय रखने की लालसा के वशीभूत होकर जन्मतः ज्ञातिवाद को स्थापित कर जप, तप, आदि धर्मानुष्ठान के अधिकारी ब्राह्मण ही हो सकता शास्त्रादिक का पठन पाठनादि कार्य ब्राह्मण ही कर सकते अन्य इस के अधिकारी नही हो सकते. यदि करें तो अधर्म और घोर पाप होता है, इस पाखंड को तोडकर चारों वर्णोंकी व्यवस्था गुण कर्म पर फिरसे निर्धारित कर प्राणीमात्र के लिये प्रभुवीर ने धर्मशासनके द्वार खोल दिये. प्रभुवीर नेउ पदेश मात्र देकर के ही इति कर्तव्यता नहीं करी, किन्तु यथार्थ में उसका पालन में लीया. वर्णाश्रम की मायावी जाल को तोडकर चतुर्विध जैन संघ रूप तीर्थ की स्थापना कर गृहस्थो के लिये द्वादशव्रत रूप श्रावक धर्म और साधुओ को पंचमहाव्रत रूप १७ तरह का संयम धर्म का उपदेश देकर आध्यात्मिक राष्ट्रिय, सामाजिक, नैतिक, शारिरिक आदि सर्व दृष्टियो से मनुष्यो का कल्याण किया, गृहस्थो का सम्यक्त्व मूल द्वादशव्रत का यथार्थ मनन करने से उपरोक्त विषय के ठीक समझमे आ सकता है, गुण कर्म, और सदाचार पर ही इस तीर्थ का महत्व है, चतुर्विध जैन संघ रूप तीर्थ की सत्संगती से अनेक जीवो का कल्याण हुआ है. ४ गति ८४ लक्ष जीवायोनि के प्राणियों को यही तीर्थ आधार है. इस परसे समझ सकते है कि प्रभुवीरने को पुरुषो को सुसंघ भी बना कर जगत का अनन्य उपकार किया है. इन्द्रभूति आदि प्रखर विद्वान् ब्राह्मणोने, श्रेणिक कौणिक चेडा, उदायन आदि क्षत्रिय राजा महाराजाओने, जंबु, धन्ना, शालिभद्र, आदि वैश्य महाजनोने, मैतार्य चित्र, संभूति, हरिकेशी, दृढप्रहारी ऐसे अस्पृश्यों को और आर्द्रककुमर सरिखे यवनोंको इसी पवित्र जैन संस्कृतिके छत्र तल नीचे आने पर पवित्र भागवती दीक्षा के अधिकारी होकर जगत पर महान् धर्माचार्य का काम करके कितनेही सिद्ध बुद्ध हो गये कितनेक भवान्तरो में सिद्धबुद्ध हो गये देवताओको भी वंदनीय पूजनीय और स्तवनीय हो गये. मनुष्यों को पूजनीय हो इस में आश्चर्य ही क्या है? यह सर्व विषय उत्तराध्ययन सूत्र में स्पष्ट चर्चा गया है. इस पर से वीर शासन का ध्येय क्या है यह प्रत्येक को स्पष्ट समझ में आ सकता है. तीर्थंकर नाम कर्म भी "सब जीव करुं शासनरसी ऐसी भावदया मन उल्लसी" इस तरह की आदर्श विशाल भावदया के कारण ही से बंधता है, तीर्थंकर नाम कर्म उदय आने पर समवसरण में १२ परखदाओं के द्वार सभी वर्णों के मनुष्य देव तीर्थंचो, तक के लिये खुले रहते है, समभाव से विश्व कल्याण का उपदेश तीर्थंकर देव करते है, इसी से "जैन धर्म" विश्व धर्म हो, सकता है जैन शासन के इस आदर्श को आज जैन संघ कहां तक भूल गया है यही इस प्रसंग पर लक्ष्य में लेनेका है.

आ पत्र मनसुखलाल हीरालाल लालने जैन भास्करोदय प्रिन्टींग प्रेस, धनजी स्ट्रीट, मुंबई नं. ३ मां छाप्युं छे. अने गोकळदास भगनलाल शाहे 'जैन युवक संघ' माटे २६-३०, धनजी स्ट्रीट, मुंबई ३, मांथी प्रगट कर्युं छे.

અર્થ વગરનો શિલાલેખ.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૫ મો. |
| સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ. | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૨૨-૪-૩૩. |

## ઝેર કે અમૃત?

આજનું સામ્યવાદી રૂશીઆ પોકારે છે-

" ધર્મ એ માનવજાતને માટે ઝેર છે. "

તેણે જોયું કે-

" માણસજાતને સત્યવાદી, પ્રમાણીક અને નમ્ર બનાવવામાં ધર્મ, શુદ્ધ તત્વજ્ઞાન રૂપી ગોળી. પૂજા, પ્રાર્થના, દેવળો, મંદિરો વિગેરે નિષ્ફળ નીવડયાં છે "

અને એ નગ્ન સત્ય ઉચ્ચાર્યું.

" જગતના સર્વ ધર્મોના ઇતિહાસ તપાસો. તેના પાને પાને એ મહા સત્ય મળી આવશે. તમે જોશો કે ધર્મ એ, જુલમ, ચૂસણનીતિ, અસમાનતા અને માનવ-ગુલામીનું મોટામાં મોટું હથિયાર બન્યું છે. "

આજે પણ શું છે?

" આજે ધર્મ આપણી સમક્ષ રૂદ્રરૂપ ધારણ કરી માનવ કલ્યાણના તાંડવ નૃત્ય પર અટ્ટહાસ્ય કરતો ઉભો છે. મનુષ્યે જેટલા જેટલા ધર્મો સ્થાપ્યા છે, તે બધાય માનવ વિકાસની આડે આવ્યા છે. આજ એના નાશનું કારણ છે. આજનો યુવાન જાગ્યો છે. ધર્મનાં વિષને ઢોળી નાંખે છે "

આવતી કાલે 'ધર્મ' નામપર પ્રલયના પૂર ફરી વળે તે પહેલાં ધર્મને કરૂણ અને કુદરતી વિનાશમાંથી બચાવવાની તમન્નાવાળા જૈન યુવાનો જાગે! મુઠ્ઠીભર સ્વાર્થ લોલુપ વ્યક્તિ-ઓએ ધર્મને નામે સમાજને પાયેલા ઝેર ઉતારે અને જગતને પડકારે કે-

" ધર્મ એ અમૃત છે. "

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૨-૪-૩૩.


## અર્થ વગરનો શિલાલેખ.

કદંબગિરિ બોદાના નેસમાં નવા બંધાયેલા જીનાલયનો એક શિલા લેખ હાલમાં બહાર આવ્યો છે. મંદિરો અને તીર્થોમાં ઇતિહાસ જાળવી રાખવામાં શિલા લેખો, તામ્રપત્રો અને મુદ્રાઓએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. ઇતિહાસની તુટતી કડીઓ આ પ્રાચીન શિલાલેખો વિગેરેએ જ જોડી દીધી છે. પરંતુ હજી તો ગઇ કાલેજ બંધાયેલા બોદાનાનેસના જીનાલયમાં જે શિલાલેખ કોતરાવીને મુકવામાં આવ્યો છે તે આજ સુધીના બધા શિલાલેખો કરતાં જુદીજ કોટીનો છે એમ કહ્યા વિના નથી ચાલતું. બીજા શિલાલેખો મંદ મૃદુ સ્વરમાં ઇતિહાસ કથા ઉચ્ચારતા હોય છે ત્યારે કદંબગિરિનો આ શિલાલેખ એના અક્ષરે અક્ષરે પોતાના સ્વામીના હુંપદ અને અભિમાન ઉચ્ચારતો હોય એમ લાગે છે. ખરૂં જોતાં એ શિલાલેખજ નહીં; અભિમાન અને વૈભવ જાણે કે અર્થ વગરની વાણી વદે છે.

ટુંકામાં શિલાલેખનો સાર આ પ્રમાણે છે:—

"શ્રી વિજયનેમીસૂરીશ્વરજીના સદ્દુપદેશથી આ જીનાલય તથા દેરીઓ વિગેરે શ્વે. મૂ. તપાગચ્છીય શ્રાવકોએ બંધાવ્યું છે. નીચેની તથા ઉપરની તમામ જમીનો તપાગચ્છીય જુદા જુદા શ્રાવકોના નામથી વેચાણ લીધેલી છે. જીવનદાસ ધર્મદાસ નામની કલ્પિત પેઢી, એ બધાનો વહીવટ કરશે અને તેનુંજ અધિપતિપણું રહેશે પ્રતિનિધિઓ તપાગચ્છનાજ શ્રાવકો થશે. તપાગચ્છની ક્રિયા કરનાર તથા તપાગચ્છની પૂર્ણ શ્રદ્ધાવાળા હશે તેને તપાગચ્છના ગણવામાં આવશે. દેરાસરો, ધર્મશાળા, કુંડો વિસામા વગેરે પેઢીની ખાનગી મિલ્કત રહેશે. અસ્પૃશ્ય જાતિનાં કોઇને મંદિરમાં પ્રવેશ કરવાનો હક્ક નથી. કોઇ પણ પ્રતિનિધિને કોઇ પણ કાળે પુરાતન કાળથી આજ સુધી ચાલી આવેલી જૈન લોકોની પ્રણાલિકાથી વિરૂદ્ધ વર્તવા દેવાનો હક્ક નથી, અને નવો વિચાર કરનાર કોઇ નીકળે તો તેજ ટાઇમે તેને પ્રતિનિધિપણાથી રદ સમજવો."

શિલાલેખમાંની ઝીણવટ અને ચોકસાઇ પહેલીવાર માન ઉપજાવે, પરંતુ બહુ ઝીણવટ કરવા જતાં અંદરથી આખો આત્મા અથવા અર્થજ ઉડી જવા પામ્યો છે. એ જોયા પછી શિલાલેખના સ્વામીને પણ ખેદ થયા વિના નહીં રહે. પહેલી વાત સૂરિશ્વરજીના નામ આગળ અને પાછળ વપરાએલા વિશેષણોની હારમાળા અમારે મન બહુ મહત્વની નથી સૂરિશ્વરજી તો જૈન સમાજના એક પ્રતિષ્ઠિત અને ધુરંધર પુરૂષ છે, પણ આજે તો એક બાળયોગીનો ન્હાનો નિશાળીયો પણ પોતાના નામ આગળ મન પસંદ ઉપાધિઓ ઉમેરી શકે છે, કારણ કે એ ઉપાધિઓનો કાંઇ અર્થજ નથી રહ્યો. જુના કાગળ–પત્રોમાં "સ્વસ્તિ શ્રી થી" શરૂ થતા અને "પૂજ્યારાધ્યે સર્વ શુભોપમા લાયક શ્રી" પાસે પુરા થતાં વિશેષણો કરતાં આ ઉપાધિઓ જરાયે વધુ મહત્વવાળી નથી.

વહીવટને અર્થે એકાદિ પેઢી ઉપજાવવી પડે એ સમજી શકાય, પણ વહીવટદારને "અધિપતિ" બની બેસવાનો શું હક્ક મળી જતો હશે તે નથી સમજાતું. વહીવટદાર એટલેજ અધિપતિ અને માલેક એવો જો અર્થ કરવામાં આવે તો અમે માનીએ છીએ કે દુનિયાના બધા તંત્રો ઉલટ–પાલટ થયા વિના ન રહે. બહુ ચોકસાઇ કરવા જતાં આખું કલેવર નિષ્પ્રાણ શી રીતે બની જાય તેનો આ એક નમુનો છે.

પ્રતિનિધિઓ તપાગચ્છના જ રહેશે એ વાત ઠીક છે; પણ એ પ્રતિનિધિ તપાગચ્છની ક્રિયા કરતો હશે અને તપગચ્છની શ્રદ્ધા પૂર્ણ પણે ધરાવતો હશે કે કેમ એ નક્કી કરવા એકાદા નવીન યંત્રની શોધ થવી જોઇએ. "એક્સ–રે" વડે જેમ શરીરના અંદરના ભાગની તસવીર લઇ શકાય છે તેમ પૂર્ણ શ્રદ્ધાની તસવીર ઉતારવાનું યંત્ર મળી આવે તોજ પ્રતિનિધિની પસંદગી કરવામાં કંઇક અનુકૂળતા મળે, બાકી તો ક્રિયા અને શ્રદ્ધા એ બન્ને અહીં અર્થ વગરનાં છે.

તપાગચ્છના જુદા જુદા શ્રાવકોએ ખરીદેલાં મકાનો, જમીન વગેરેને પેઢીની ખાનગી મિલ્કત ગણાવવી એ પરસ્પર વિરૂધ્ધ વાત છે. પેઢી પોતેજ એક જાહેર સંસ્થા છે. તે સમાજને જવાબદાર છે. શિલાલેખમાં "ખાનગી સંસ્થા" જેવા અક્ષરો ઉમેરવાથી એ પોતાની ગંભીર જવાબદારીમાંથી રજ માત્ર પણ છટકી શકતી નથી. એ આ શિલાલેખના સર્જકે સમજી લેવાની જરૂર હતી રાજ્યમાં પણ રાજાની ખાનગી સંસ્થા નથી રહ્યાં, તો સમાજના આશ્રય અને ફંડથી પોષાતી સંસ્થા છેક બીનજવાબદાર અને ખાનગી શી રીતે રહી શકે ? એ એક પ્રકારની મુસદ્દીગીરી હોય તો પણ એનો કાંઇ ખાસ અર્થ નથી.

અંત્યજોની આભડછેટે તો શિલાલેખની મર્યાદાનો ઉઘાડો ભંગ કર્યો છે, અંત્યજ અને ઉચ્ચ કોમના ભેદ ભુલાતા જાય છે. જૈન અને બૌધ્ધ દર્શને એક કાળે જગતને એજ સ્વર્ગીય સંદેશ સંભળાવ્યો હતો. એજ દર્શનના એક ધુરંધર આચાર્ય શિલાલેખની સહાયથી અંત્યજો પ્રત્યેનો અભાવ દર્શાવે એને કાળની લીલા સિવાય બીજું શું કહીએ ? બાકી રહી "પુરાતન કાળથી ચાલી આવતી પ્રણાલિકા" ની વાત પ્રણાલિકા માત્ર પુરાતન કાળથી એકધારી વહી આવી હોય એમ હમેશા નથી બનતું એકજ પ્રણાલિકાના અનેકવાર નવા અવતાર થયા છે અને થાય છે. પ્રતિનિધિઓને પુરાતન કાળની પ્રણાલિકાનો નિર્ણય કરવામાં અનેકવિધ વિઘ્નો નડશે. પણ અહિં તો નવો વિચાર સરખો કરનારને પણ પ્રતિનિધિના પદેથી હડસેલી દેવા નાખી દેવાની સત્તા સમાયેલી છે. પ્રતિનિધિઓ પોતે એક વાર આ સંસ્થાના અધિપતિ હોવાનું કહે છે, સંસ્થા ખાનગી હોવાનો એકરાર કરે છે, છતાં બીજજ ઘડીએ જાણે ગુલામી દસ્તાવેજ ઉપર સહી કરતા હોય તેમ પોતેજ પોતાની પામરતાની બાંગ પુકારે છે, પુરાતન કાળની પરંપરાનો નિર્ણય

વિધવા બ્હેન જડાવની કરૂણ કથની તમારા હૃદયને અશ્રુપાત કરાવશે

# ભ્રષ્ટાચારીઓની ભઠ્ઠીમાં.

સાધુનો અનાચાર સાધ્વીનું વેચાણ નકલી માબાપ રોમાંચક સત્ય ઘટના.

( અમારા ખાસ પ્રતિનિધિ દ્વારા )

[ આ કથની કાલ્પનીક કે સીનેમા નાટકના તકતાપર ભજવાતા નાટક જેવી નથી તેમ નવલકથાની વાર્તા પણ નથી; પણ સમાજની સડેલી કુપ્રથાથી, તેમજ ધર્મના કહેવાતા ઠેકેદારોની હવસખોરીથી બેહાલ થયેલ વિધવા બ્હેન જડાવની સત્ય ઘટનાવાળી કરૂણ કથા છે. આ આખીએ ઘટનાના ભણકારા અમારી ઓફીસમાં એક વર્ષ પહેલાં અર્ધ દગ્ધ રીતે મળ્યા. તેની પાછળ સતત તપાસો કરી, પરંતુ આખીએ ઘટના દાબી દેવામાં પાવરધા બનેલા અંધ ભક્તોએ અંધારામાં રાખી હતી. વિગતોના અભાવે એ બહાર પડી શકી નહોતી, આખરે ખામગાવાડમાં બનવાના પ્રસંગોનો અભ્યાસ કરવા તેમજ સમાચારો મેળવવા અમારી તરફથી પ્રતિનિધિઓ ગયેલા, તેઓને રસ્તામાં આણુ રોડ સ્ટેશનથી ખામગાવાડ જતાં કેટલાક ભાઇઓ મળ્યા. તેમની પાસેથી મળેલી અનેક વાતોના દોહનમાંથી જેની એક વર્ષથી અમે શોધમાં હતા તે સાધ્વીના વેચાણની કલંક કથા, શીરોહીના એક સમાજ સુધારક ભાઇએ ( જેટલી ખબર હતી તેટલા પ્રમાણમાં ) દુઃખી હૃદયે કહી. અને એ ઉપરથી અમારા પ્રતિનિધિઓએ ખાસ ખરેડી જઇ બાઇને રૂબરૂ મળીને જે હકીકત મેળવી છે તે રજુ કરીએ છીએ.

તંત્રી. ]

મારવાડી બંધુએ કહેલી કથનીથી વાકેફગાર થવાની તિવ્ર ઇચ્છાએ મન ખરેડી તરફ દોડતું હતું; પરંતુ ગાડી તો કાળી નાગણની પેઠે સુસવાટા કરતી ખામગાવાડ તરફ દોડી રહી હતી. એટલે મનને મનાવી ખામગાવાડે પહોંચ્યા. ત્યાંનું કામ પુરૂં થયે ખરેડી ઉતરી અમારા અંતરની વિહ્વળ વેદના પુરી કરવા, અનેક તપાસો ચલાવી અને કેટલાક ભાઇઓને પુછપાછ કરવા છતાં દાદ ન મળી. આખરે ધર્મશાળાના એક માણસ દ્વારા બ્હેન જડાવના સ્થળની માહેતી મેળવી મુસ્લીમ લત્તાની એક ખુણાની નાનીશી ઓરડીમાં પહોંચ્યા, ત્યાં બ્હેન જડાવ ફાટેલી તુટેલી ગંદી કાથા જેવી ગોદડીમાં વિશ્રામ લેતા પડી હતી. ઓરડીની અંદર પાંચ-સાત માટીના વાસણો અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડયાં હતાં. અમે ઓરડીમાં પગ મુક્યો કે, એ બાઇ બેઠી થઇ, અને અમને બેસવા માટે ન્હાનો શો કોથળો આપ્યો, જેના ઉપર અમે બેઠક લીધી અને ગોઠવાયા. ગરીબાઇ અને દુઃખથી પીડાતી આ બાઇ વીસ વર્ષની હોવા છતાં ત્રીસથી પાંત્રીસની લાગતી. શરૂઆત કરવાના વિચારે અમને બે મીનીટ મૌન રાખ્યા. આખરે અમે મૌન તોડયું અને બ્હેનને પુછયું:

"બ્હેન ! તમે કોણ છો ?"

બાઇએ બેપરવાઇ અને શરમથી અમારી સામે જોયું, ત્યાં જવાબ ન આપવાની તેની ઇચ્છા દેખાઇ છતાં તેણે કહ્યું:

"તમારે શું કામ છે ?"

બ્હેન ! અમારે કશુંયે કામ નથી, પરંતુ તમારા વિષે કંઇક જાણવા મળ્યું છે. એટલે વિશેષ જાણીને તમને સુરક્ષિત બનાવવા તેમ બનતી મદદ કરવાના હેતુથી તમારા પાસે આવ્યા છીએ.

---

કરવા સુરિશ્વરજીએ એકાદું પત્ર લીખ્યું હોત અને પત્રનો અહેવાલ પ્રતિનિધિઓને સોંપ્યો હોત તો તે પ્રમાણે વર્તવામાં એ લોકોને ઘણી મદદ મળત. એકંદરે આ શિલાલેખ સાવ અર્થ વગરનો છે. કદાપિ કે હક્તાને સ્થાને બાલીશતા પોતેજ રૂપે પગલે આવીને બેસી ગઇ છે, એ શિલાલેખ કુપમંડુકતાના એક નમુના રૂપે પણ જાળવી રાખવા જેવો ખરો.

આથી બાઇને પોતાના દિલની વાત કરવાની ઇચ્છા થઇ હોય તેમ જણાયું. તેણે દુઃખ ભર્યા અવાજે અને ગદ્‌ગદીત કંઠે કહ્યું: "ભાઇ તમારે એ વાત સાંભળીને શું કામ છે ! ભોળી થી એ વાતને ! યાદ કરવામાં કંઇ માલ નથી ! તમે તમારા કામે ચાલ્યા જાઓ !"

"બ્હેન ! અમે મુંબઇથી આવીએ છીએ અને ખામગાવાડે સંમેલનમાં ગયા હતા. ત્યાં તમારા વિષે કંઇક સાંભળેલું તેથી અહિં ઉતર્યા છીએ."

આથી તેને કંઇક વિશ્વાસ બેઠો, અને પોતાના હૃદયની વેદના ખાલી કરવાની તક લાગવાથી અમે ફેર પ્રશ્નો પૂછવા માંડયા.

"બ્હેન ! કેસરવિજયના સંઘાડાના હીરાથી તેમજ ધનરૂપ-વિજય નામના સાધુને ઓળખો છો ?"

કમકમતા અંતરે જવાબ આપ્યો, "હા ભાઇ."

"બ્હેન, સાદડીવાળા રૂપચંદાસ સરદારમલને ઓળખો છો.?"

"હા ભાઇ."

આ બેજ પ્રશ્નોના જવાબ આપતાં તેની આંખમાં ઝળ-ઝળીયાં આવી ગયાં. અને તેના અંતરમાં છુપાયેલી મનોવ્યથા, અમારા પ્રત્યે બેઠેલા વિશ્વાસે, તેનું મુખ ઉઘાડી નાખ્યું અને ભીની આંખે તેણીએ પોતાની કરૂણ કથા કહેવી શરૂ કરી.

"દક્ષિણ મહારાષ્ટ્રમાં પુનાથી પચાસ માઇલ છેટે **જુન્નેર** ગામ છે, જે શિવાજી મહારાજની જન્મભૂમિ તરીકે ઓળખાય છે. તે જુન્નેરથી આઠ દશ માઇલ છેટે "**કુલેકુ હીમરૂ**" નામના ગામમાં જૈન ધર્મ પાળતા વીસા ઓસવાળને ત્યાં હું જન્મી, મારૂં નામ જડાવ પાડયું. મને સાંભરે નથી આવતું તેવા બચપણમાં અમારા ગામથી થોડે છેટેના એક ગામમાં મારા બાપે મને પરણાવી દીધી. હું પરણ્યા પછી સાસરે પણ ગઇ નથી. જે છોકરા સાથે મને પરણાવેલી તે છોકરો થોડા વખત પછી મરણ પામ્યો. એટલે તેર વર્ષની ઉંમરે વિધવા થઇ. અને આપણા સમાજમાં વિધવા માટે જે સ્થાન છે, તે સ્થાને મારી આ દશા કરી. આવી રીતે તો મારા જેવી કેટલીએ દુઃખી જૈન બ્હેનોની મારા દેખતાં જીંદગીઓ બરબાદ થઇ છે,

વેચાઇ છે, પરધર્મમાં ગઇ છે અને ખોટા રસ્તે ગઇ છે.

વિધવા થયા પછી, અમારા ગામ ઉપરથી જતી આવતી સાધ્વીઓની નજર મારા ઉપર પડતી, અને મોક્ષની તેમ બીજી લાલચમાં મને લલચાવવાની પેરવીઓ થતી. આખરે કેસરવિજયના સંઘાડાના હિરાશ્રી નામનાં સાધ્વી અમારા ગામે આવ્યાં, અને તેની ફરેબ ભરેલી વાતોમાં મને ફસાવી, એક દિવસે મને મુંડી નાંખી, મને લઇને ચાલ્યાં. વાલીવારસોએ, વિધવા એટલે અપશુકનીયાળ, નકામી, તેમ સાધુ સાધ્વી એ ધર્મનાં પુતળાં, આવી ખોટી માન્યતાથી મને જતી કરી અને હું પણ ઓઘો લઇને હિરાશ્રી સાથે નીકળી પડી—એક ભઠ્ઠીમાંથી છુટી.

ત્યારપછી છ માસ વિત્યા અને મને જણાયું કે મારી ગુરૂણી અને ધનરૂપવિજય વચ્ચે પત્ર વહેવાર છે. બે ત્રણ વર્ષ સુધી મહારાષ્ટ્રમાં ફરતાં ફરતાં અમે પાલણપુર પહોંચ્યા. ત્યાં ધનરૂપ વિજયનો અમને મેળાપ થયો, તેઓ અવારનવાર મળતાં. છતાં મારા મનમાં કોઇને વસવસો કે શંકા નહોતી; કારણ કે બચપણમાંથીજ મારા ઉપર એવી છાપ પડેલી કે આપણા સાધુ સાધ્વી પવિત્રજ હોય. એટલે હું પણ ગુરૂજી કહે એ સત્ય વાત સમજતી.

એક દિવસ હું અને મારા ગુરૂણી પાલણપુર છોડી મારવાડના રસ્તે પડયા, ત્યાં પાલણપુરથી બીજે વિસામે ધનરૂપ વિજય સાથે થયા. ખરેડી પહોંચતા મને ખાત્રી થઇ કે મારા ગુરૂણી અને ધનરૂપવિજય વચ્ચે આડો વહેવાર છે. તેમ તે બન્નેને પણ ખાત્રી થઇ કે હું આ વાત જાણું છું. એટલે તે હવસે મારી તરફ કુદ્રષ્ટિ કરી.

હું એમ માનતી હતી કે વિધવાઓ માટે ધર્મસ્થાનો, ધર્મક્રિયાઓ અને સાધ્વીઓનો સહવાસ એજ વધારે ઉત્તમ છે; કારણ કે આ લોકો નીતિના પુજારીઓ છે, નીતિના સ્થાપકો છે, નીતિના પિતા છે. એટલેજ મેં દીક્ષાનો માર્ગ લીધેલો. પણ એ તો વ્યભિચારનો અખાડો નીકળ્યો. કદાચ તમને એ સ્થાનોની ખબર નહિ પડે—પણ મારા જેવી દુઃખી વિધવાઓનેજ પડે. પીળા કપડાનાં ઝોરી ઝબ્બા નીચે અને ઓઘાના ઓઠા નીચે ધનરૂપવિજય જેવા હવસખોરે એક દિવસ લાગ સાધીને મારી આબરૂ પાડી—મને પતિત કરી. મેં એ હવસખોરના હાથમાંથી છુટવા ઘણુંયે બળ વાપર્યું. પરંતુ આખરે એ હવસખોરનો વિજય થયો.

આ પ્રમાણે અમારી ત્રણ જણની અધોગતિથી ધર્મના ઇજારદારોની અધમતાનો તમને ખ્યાલ આવતો હશે. આ વાત આટલેથી અટકે તેમ નહોતી, કારણ કે અમારી પાસે પૈસાનો અભાવ હતો. એટલે પૈસા મેળવવા માટે ધનરૂપવિજયે અને હિરાશ્રીએ કારસ્થાન રચ્યું અને મને વેચી નાંખી પૈસા મેળવવાનું સાધન કર્યું, બાદ અમે ત્રણે જણે કપડાં ઉતારી નાંખ્યાં. એટલે પિળાં કપડાંને તિલાંજલી આપી સંસારી કપડાં પહેર્યાં. પેલો ધનરૂપ વિજય, કાઠિયાવાડી લેબાસમાં ભાવનગરના વતની તરીકે અમૃતલાલ જગજીવન નામ રાખી મારો 'બાપ' બન્યો. હિરાશ્રી મારી 'મા' બની, અને મારૂં નામ મણી પાડી દલાલો અને ખરીદી કરનારાઓની શોધ ચલાવી. આખરે સાદડીવાળા રૂપચંદદાસ સરદારમલ નામના ચાળીશ વર્ષના મુરતીયા સાથે 'પાંચ હજારમાં' મારો સોદો થયો. મહિકાંઠા એજન્સીનાં પોસીના ગામમાં રૂપચંદદાસ સાથે મારાં લગ્ન થયાં કે પાંચ હજારની રકમ મારા બનાવટી માબાપોને હવાલે થઇ. તેમાંથી ત્રીજા હીસ્સા તરીકે મને પંદરસો આપવામાં આવેલા. જે પોસીનાના રહીશ અને સાદડીમાં ધંધો કરતા એક જૈન ગૃહસ્થને ત્યાં જમે મુકેલાં.

અમારી લગ્નગાંઠ દોઢ વર્ષ નભી ત્યાં તો રૂપચંદદાસ મૈયત થયા. એટલે હું વિધવા થઇ, કે તરતજ મારા સાસુજીની જુલ્મી ઝંડી શરૂ થઇ. મારી પાસે પેલા પંદરસો લઇ આવવાની માગણી થઇ. મેં પણ સાસરામાં સુખે રહેવા ખાતર જેને ઘેર જમે મુકેલા તેને ત્યાં ઉઘરાણી કરતાં ચીનના શાહુકારની પેઠે આપી દીધાની વાત કરી ગળે પડવા લાગ્યો. એટલે સાસુજીની પંદરસોની આશા તુટી પડવાથી મને ઘરમાંથી હાંકી મુકવાની ગોઠવણની શરૂઆત થઇ. અને એક દિવસ જોરજુલમથી ઘરમાંથી કહાડી મુકી.

ત્યાંથી અહિં આવીને રહી છું અને મજુરી કરીને પેટનો ખાડો પુરૂં છું."

અમારા અંતરને વલોવી નાખે તેવી ભયંકર ઘટનાઓવાળું વૃત્તાન્ત કહેતાં બાઇ ઉઠી અને એક ખુણામાંથી ચોપડી લાવી જેમાં સંતાડેલો પત્ર બતલાવ્યો, જે મારવાડી ભાષામાં લખેલો છે. જે પત્ર પોસીનાના રહીશ અને સાદડીમાં ધંધો કરતા જૈનને ત્યાં મુકેલા રૂપીયાની પહોંચ જેવી હતી અને તેમાં લગ્નના સાટા સંબંધી લખાણ હતું. એ જોયાબાદ ફેર પ્રશ્નાવલી શરૂ કરી.

"શું ! મજુરી કરો છો ?"

"ધર્મશાળામાં જે યાત્રાળુઓ આવે છે તેના વાસણ માંજવા, પાણી ભરવું."

"તમે ધર્મશાળામાં જ કેમ મજુરી કરો છો ?"

"ધર્મશાળામાં મજુરી કરવાનો એ હેતુ છે કે જેઓએ ધર્મના બાના નીચે મારી આ દશા કરી છે. તે ધનરૂપવિજય અને હીરાશ્રી એટલે મારાં નકલી માબાપની શોધ ખાતર."

"અહિં તમારી કોણ ખબર અંતર રાખે છે ?"

"એક મુસ્લીમ ભાઇ"

તમને આ સ્થિતિમાં રહેવું પસંદ છે ?

"ન રહું તો કરૂં શું ! સમાજમાં મ્હારા જેવી દુઃખીયારીયોનું ક્યાં સ્થાન છે ! કોને અમારી પડી છે ?"

એના આ આરોપથી અમને લાગ્યું અને અમે ખુલ્લા દીલે કરાર કર્યો કે સમાજ માટે તમે જે કહો તે સત્ય છે, બ્હેન, તમને કશુંયે કહેવાનો અમને અધિકાર નથી, છતાં તમારા હિતની દ્રષ્ટિએ કંઇક કહીએ તે માનશો ?

"કહો ખુસીથી કહો."

"તમને આ ખરાબ વાતાવરણ અને ખરાબ પાડોસમાંથી છુટા કરી કોઇ સુરક્ષિત ઠેકાણે લઇ જવા માગીએ છીએ. આવશો ?"

"તમારા જેવી લાગણીવાળા ભાઇઓ મોડા મળ્યા, છતાં હું આવત, પણ જે મુસ્લીમ મ્હારી ખબર અંતર રાખે છે તેની રજા સિવાય હું આવી શકું નહિ, તેમ તે હાલ બહારગામ છે. એટલે તમારી સાથે આવી શકું તેમ નથી."

બાઇના આ જવાબથી અમે હતાશ બન્યા છતાં અમે એને ખુબ સમજાવી. પણ લુંટાયેલી, ગભરાયેલી અને અવિશ્વાસુ બનેલી બાઇને સાથ આપનાર મુસ્લીમ ઉપરજ શ્રદ્ધા હોવાથી

( અનુસંધાન પૃ. ૨૦૩ ઉપર જુઓ. )

# શ્રી. દલીચંદ શ્રોફના મનનીય ઉદ્ગારો.

( તેમના પ્રમુખ સ્થાનેથી વક્તવ્યમાંથી )

જૈન સમાજે પણ જુગજુના પગારને ખંખેરી નાખી જાગૃત થવાની જરૂર છે. જૈનોનું ગૌરવ એ આજકાલનો વિષય નથી. એનો પ્રતિભાશાળી અને જ્વલંત ઇતિહાસ જગતના સાથે શરૂ થાય છે. એ ધર્મના અચલ, અબાધિત અદ્વિતીય સિદ્ધાંતો જગતને દિવ્ય વારસા રૂપે છે અને આજે પાશ્ચિમાત્ય પ્રજાઓ ઘોર રણસંગ્રામોથી કંટાળીને તેનો આશ્રય લેવા તત્પર બની છે. મહાત્મા ગાંધીજીએ તેજ સિદ્ધાંતોને જગત સન્મુખ રજુ કરીને, અહિંસાનો દિગ્વિજય કરી આપીને જૈનધર્મના અનુયાયીઓ ઉપર ભારેમાં ભારે ઉપકાર કર્યો છે. એ સુચવે છે કે જૈનધર્મ વિશ્વધર્મ હતો અને તેમ થવાને સર્જાયેલો છે. આપણે આવી અનુપમ તકનો પૂરેપૂરો લાભ લેવો જોઇએ.

* * *

આજે આપણે કેવી પરિસ્થિતિમાં મૂકાયલા છીએ! અનેક ફિરકાઓ, ગચ્છો અને જ્ઞાતિઓના તડોમાં આપણે ભિન્ન ભિન્ન થઇ રહેલાં છીએ. દ્રવ્ય વિહીન, અને વિદ્યારહિત બની પામર દશાને આપણે પ્રાપ્ત કરી રહ્યાં છીએ. આપણા સમાજને ક્ષયરોગનું દર્દ લાગુ પડેલું છે. અને તેથી આપણી વસ્તી દિનપ્રતિદિન ઘટતી જાય છે. એટલુંજ નહીં પણ આપણે માનસિક, શારીરિક અને આધ્યાત્મિક અવનતિના ઉંડાણમાં સરતા જઇએ છીએ. આ દર્દના પૃથક્કરણની જરૂર છે. તેની તાત્કાલિક ચિકિત્સા કરી ભારેમાં ભારે ઉપાય લેવાની પરમ આવશ્યકતા છે. ધર્મપ્રેમી અને સમાજ હિતચિંતકનું એ પરમ કર્તવ્ય છે. આધુનિક યુગ એ સંક્રાન્તિકાળ છે અને જો ઉપાય આજેજ યોજવામાં નહીં આવે તો ભવિષ્યમાં આવો અનુપમ પ્રસંગ ફરીથી મળવો અશક્ય છે.



શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ-પ્રમુખ પોરવાડ સંમેલન.

* * *

આ યુગ ક્રાન્તિનો યુગ છે, દરેક સમાજ પ્રગતિ તરફ આગળ ધપી રહ્યો છે. આ પ્રવાહનો આપણા લોકોએ યોગ્ય લાભ ઉઠાવવો જોઇએ. અને તે એ છે કે જે વ્યક્તિઓ સમાન ગુણ અને ધર્મની હોય તેમની સાથે રોટી અને બેટી વ્યવહાર શરૂ કરવો. આ બાબત શ્રેષ્ઠ પ્રકારની છે. તે સાથે જૈનશાસ્ત્ર સર્વથા સમ્મત અને અનુકુળ છે. અમુક સમયે કોઇપણ કારણસર વૈમનસ્ય ઉત્પન્ન થવાથી અગર દૂર દૂરના દેશોમાં જઇ વસવાથી બેટી-વ્યવહાર બંધ થઇ ગયો હશે; પરંતુ હવે એ કારણનું અસ્તિત્વ નહિ હોવાથી તેમની સાથે સર્વ પ્રકારનો સંબંધ અને વ્યવહાર પુનઃ શરૂ કરવો જોઇએ. વિવાહ-ક્ષેત્ર વિસ્તૃત બનાવવાથી સંતાન નિરોગી અને શક્તિવાન બનશે અને કુટુમ્બીઓનું પરસ્પર વૈમનસ્ય ઘટી જશે.

* * *

કહેવાતા આગેવાનોની અવગણના અને તેમના તરફ દર્શાવતું અધમ વર્તન એ પણ એક મહાન સામાજીક કલંક છે. કયા જમાનામાં અને કેવા પ્રકારે આવી નિંદ્ય રૂઢી સમાજમાં પ્રવેશી એના ઐતિહાસિક ઉતારા આપવા નિરર્થક છે હિંદુ અને અન્ય શાસ્ત્રોમાંથી ક્ષેપક શ્લોકો વીણી કાઢી તેના સમર્થન યા વિરોધ માટે આપની સમક્ષ રજુ કરવા અનાવશ્યક છે. આવા પ્રશ્નોનું સામાન્ય અક્કલથી નિરાકરણ કરવું ઘટે છે. "આત્મવત્ સર્વભૂતેષુ" એ સર્વ ધર્મોનો મુખ્ય સિદ્ધાંત છે. જૈન શાસ્ત્ર "મિત્તિ મે સવ્વ ભૂએસુ" નો સિદ્ધાંત પરિપાલન કરવાનું ફરમાવે છે.

* * *

આપણા બાળકો આજે જ્ઞાન માટે તલસે છે, જ્ઞાનના સાધનોના અભાવે તેની જીંદગી ફુટી બદામના જેટલી થઇ પડે છે, તેને ઘેરઘેર ટુકડા માંગવાનો, આજીવિકા માટે કનિષ્ઠ નોકરીઓ શોધવાનો અને અધમ પ્રકારનું જીવન ગાળવાનો સમય પ્રાપ્ત થયા કરે છે. છતાં સમાજના નેતાઓ ગાઢ નિદ્રા ત્યાગતા નથી. આજે આપણી જ્ઞાતિમાં આદર્શ છાત્રાલયોની ઘણી જરૂર છે, જ્યાં તેમને કેળવણીના સર્વ સાધનો સહેલાઇથી મળી શકે, તેમના પર બચપણમાં સારા સંસ્કારો પડે અને ભવિષ્યમાં પોતાનો રસ્તો તેઓ નિડરતાથી, સરળતાથી અને બુદ્ધિપૂર્વક કાપી શકે. આવા છાત્રાલયો દરેક પ્રાંતમાં સ્થાપવાની જરૂર છે.

* *

"યુવાનો તમે કોમ અને સમાજની આશા છો, દિવ્ય ભાવનાઓની જ્વલંત મૂર્તિ છો અને ચેતનના તથા પ્રગતિના આદર્શ દ્રષ્ટાંત છો. તમે સમાજમાં આંદોલનો રેડનાર, તેને પ્રેરણા પાનાર, અને વેગવાન બનાવનારી શક્તિ છો. તમારા ઉપર જ્ઞાતિજનોની સમગ્ર આશા અવલંબે એમાં આશ્ચર્યને સ્થાન નથી. વૃદ્ધોને માન આપી તેમના પ્રખર અને પરિપક્વ અનુભવોનો લાભ લઇ અને તેમની આદર્શ દ્રષ્ટિ હૃદયમાં ઉતારી ક્રમી સુધારણા અતિ મહત્વના કાર્યમાં આગળ વધો. ભૂતકાળનો ઇતિહાસ વિચારી, વર્તમાનમાં સ્થિત રહી ઉજ્વળ ભવિષ્યના સ્વપ્નો સિદ્ધ કરવા કમર કસો. અન્ય દેશો, સમાજો અને સંપ્રદાયોમાંથી "સાચું તે મારૂં" કરી, આપણા સમાજ-દુર્ગમાં પડેલાં ગાબડાંઓ સમારી, તેને ઉન્નત કીર્તિવંત અને આદર્શ બનાવવા આત્મસમર્પણ કરો અને વિજય તમારો છે.

# વીરનગરના જુદા જુદા પ્રસંગો.

( અમારા ખાસ પ્રતિનિધિ દ્વારા )

**સૂરિજીનું પ્રવચનઃ—**

ચૈત્રી પૂર્ણિમાના દિને નવપદજી-ઉત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે સૂરિજીનું પ્રવચન યોજવામાં આવ્યું. માનવમેદની વચ્ચે તેઓશ્રીએ જણાવ્યું કે આત્માના ઉત્કર્ષ માટે નવપદજીનો મહિમા અપાર છે. આવા શુભ ઉત્સવનું આરાધન આટલા ઉત્સાહ અને સમજપૂર્વક થતું જોઈ મને આનંદ થાય છે. બાદ નવપદનું મહાત્મ્ય સમજાવી, આજની પરિસ્થિતિ પર બોલતાં જણાવ્યું કે, આજે આપણી શક્તિનો વ્યય અવિચારણીય રીતે થઈ રહ્યો છે. ભરતામાં ભરતી કરવી અને સુકાયેલને સુકાવા દેવું એ આપણી પ્રકૃતિમાં વસી ગયું હોય તેમ આપણે માત્ર દેવદ્રવ્યની વૃદ્ધિના જ દાન-પ્રવાહો ચાલુ રાખીને બેસી ગયા છીએ, અને તેની વ્યવસ્થા કે વાસ્તવિકતાનો વિચાર સરખો પણ કરતા નથી. આપણા પૈસાનો ઉપયોગ અને તેની વ્યવસ્થા સુયોગ્ય થાય છે કે કેમ? આ પ્રશ્ન વિચારવાની જરૂર છે.

**કેસરીયાજી તરફ જુઓઃ—**

બહુ દૂર નહિ પરંતુ જરા કેસરીયાજી તીર્થ તરફ નજર કરો, આપણી કરોડોની દેવદ્રવ્યની આજે ત્યાં શું દશા છે? તમારા જ પૈસા, તમારૂં જ લાખોનું દેવદ્રવ્ય, આજે તમારા સામેની લડતમાં વપરાય છે. એ મંદિરના પંડ્યાઓ તમારા સામે ઉભા છે. અરે! આગળ ચાલીને ત્યાં સુધી કહેવામાં આવે છે કે આ તીર્થ જૈનોનું નહિ પરંતુ વૈષ્ણવોનું છે—સર્વ કોમનું છે. કેસરીયામાં આપણા પૈસાનો આપણી જ સામે આમ દુરૂપયોગ થઈ રહ્યો છે. ત્યારે આપણી ફરજ છે કે ત્યાં કોઈએ એક પાઈ પણ પંડ્યાને કે મંદિરમાં આપવી નહિ અને તીર્થનો કબજો લેવા પ્રયાસ કરવો. દરેક મારવાડી ભાઈઓને કહું છું કે કેસરીયાજીના લાખો રૂપિયા જે તમારા ચોપડામાં જમે હોય તે ત્યાં ન આપવા ધ્યાન ખેંચું છું.

આપણા અન્ય ક્ષેત્રોની અપેક્ષાએ દેવદ્રવ્ય સમુદ્ર છે સમુદ્રમાં સરિતા ભળે યા ન ભળે એ બહુ મહત્વનું ન ગણાય; પરંતુ એજ સરિતા, એજ દાન-પ્રવાહની નીકો સુકાતા ક્ષેત્રમાં વહે તો તે ક્ષેત્ર જરૂર નવપલ્લવિત બને. સમાજની અજ્ઞાનતા તપાસો. મારવાડી ભાઈઓમાં શિક્ષણના સંસ્કાર ન હોવાથી તમારી શું સ્થિતિ છે તે વિચારો. મરૂધરવાસીઓ પાસે ધન, પુષ્કળ છે અને ઉદારતા પણ છે અત્રે સારા પ્રસંગે એકત્ર થયા છો તો કોઈ સત્કાર્ય કરો એવી મારી ભલામણ છે.

**આયંબિલની ઓળી.**

શ્રી બામણવાડાજીમાં આયંબિલની નવપદજીની ઓળીની સમારાધના ઘણાજ ઠાઠમાઠથી થઈ હતી, જેમાં મુનિ મહારાજો, સાધ્વીજીઓ તેમજ શ્રાવક શ્રાવિકા આદિ મળી ૪૦૦૦ ભાઈ બહેનોએ લાભ લીધો હતો, આવો પ્રસંગ મારવાડની ભૂમિ માટે અપૂર્વ હતો, અને એ ધાર્મિક ક્રિયાના અંગે જે ઉત્સાહના પૂર પ્રસર્યા હતાં તેનું વર્ણન સંપૂર્ણ રીતે તો થઈ શકે તેમ નથીજ. આવા પ્રસંગો યોજાય એ ખરેખર પ્રશંસનીય છે અને એથી આત્મસાધનાના માર્ગ ખુલ્લા થાય છે, પરંતુ કેટલીક વખત આવા પ્રસંગો અતિ ખર્ચાળ બની જાય છે, જેમાં કાર્યવાહકોએ જેમ બને તેમ કરકસર કરી આવા કાર્યોને વધારે સરલ અને સર્વ કોઈ તેનો લાભ લઈ શકે એવા કરવા જોઈએ. આ પ્રસંગને પ્રગતિમાન કરવાનું ખરૂં માન શ્રી હજારીમલ ગુલાબચંદ બેડાવાળા તથા શ્રી શાંતિનાથજીની નવપદ આરાધક ટોળીને ઘટે છે.

**બ્હેનોમાં જાગૃતિ.**

તા. ૧૨-૪-૩૩ ના રોજ સવારમાં મહિલાઓની સભા મળતાં શ્રી રૂકમણી બ્હેન હકીમચંદની પ્રમુખ તરીકે દરખાસ્ત મુકતાં વરણી થઈ હતી. વિવેચન કરતાં તેઓએ કહ્યું હતું કે,

આપણે ઓસવાલ-પોરવાડ એ બધા તડોમાં શ્રાવક તરીકેજ છીએ. સામાજીક કુરિવાજો તરફ લક્ષ ખેંચી સુધારવાનું કહ્યું હતું.

કુ. સરસ્વતી મણીલાલ પરીખે ભાષણ કરતાં સ્વદેશી કપડાં વાપરવા આગ્રહ કર્યો હતો. શ્રી. કૌશલ્યા બ્હેને જણાવ્યું કે તમારે પ્હેરવેશમાં, સ્વચ્છતાની અને સભ્યતાની દૃષ્ટિએ ફેરફાર કરવા જોઈએ. દાગીનાનો મોહ છોડવો જોઈએ. એકલા તમારા દાંતના ચુડામાંજ ૬૦૦૦૦ હાથીઓ મારવામાં આવે છે, શારિરીક સ્વાસ્થ્યની દૃષ્ટિએ તમારે ન્હાવું જોઈએ. છોકરીઓ બેચીને આપણે દાગીના પ્હેરવા જોઈએ નહિ દાગીનાથી શારિરીક વિકાસ અટકે છે અને શરિરને ધક્કો લાગે છે, એના મેલથી અંગો સડવા માંડે છે.

મોંઘી બ્હેને જણાવ્યું હતું કે અહિંની બ્હેનોને ભણાવવાની જરૂર નથી એવી જાતની આપણી માન્યતા છે પણ સો શિક્ષકોની ગરજ એક ભણેલી માતા સારે છે. અને છોકરીઓની એક પાઠશાળા ખોલવી જોઈએ. પૈસા તો આપનારા આપે છે પણ સ્ત્રીઓ ભણવા આવતીજ નથી.

પ્રમુખે પૂર્ણાહુતી કરતાં જણાવ્યું કે તમને બધાંને એકઠાં થએલાં જોઈ અને મ્હને પ્રમુખપદ આપ્યા બદલ હું આપનો આભાર માનું છું અને સામાજીક સુધારા પર ભાર મુકીને કેળવણીનો પ્રચાર કરવાનો આગ્રહ કર્યો હતો.

**પદવીદાન યાને-ઉપાધિસમર્પણ.**

શ્રી બામણવાડજી જેમ આયંબિલની ઓળી અને પોરવાળ સંમેલનના કાર્યો માટે પ્રતિષ્ઠિત થયું તેથી પણ વિશેષ મહત્વનું એક કાર્ય આ પ્રસંગે એજ ભૂમિ ઉપર થયું હતું. જે કાર્ય જેટલું આનંદદાયક હતું તેટલુંજ મહત્વપૂર્ણ હતું. આ પ્રસંગે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી કે જેમની કેળવણીના ક્ષેત્રમાં મહાન સેવાઓ છે. જેમોએ જૈન બાળકોની કેળવણી માટે અથાગ પરિશ્રમ વેઠી ગુરૂકુળો આદિ સ્થાપી જૈન જનતા ઉપર મહાન ઉપકારો કર્યા છે તેમની, તેમજ અહિંસાને માટે સતત ઉપદેશ આપનારા અને યોગવિદ્યામાં અપૂર્વ રસ લેનાર મહારાજશ્રી શાંતિવિજયજીને તેમની સેવાઓ માટે તથા પંન્યાસજી શ્રી લલિતવિજયજીને તેમની સેવાઓ માટે જુદી પદવીઓ આપવાનો સમારંભ કરવામાં આવ્યો હતો જેને ત્યાં મળેલા તમામ સંઘે તાળીઓના ગડગડાટ વચ્ચે વધાવી લીધો હતો.

# વિમળશાહના વંશજો પ્રગતિના પંથે.

## પ્રથમ પોરવાલ અધિવેશન.

( અમારા ખાસ પ્રતિનિધિ તરફથી )

શ્રી બામણવાડજી તીર્થમાં આયંબિલની ઓળીના ઉત્સવ પ્રસંગે અખિલ ભારતીય પોરવાડ સંમેલન ભરવાનું યોજવામાં આવ્યા મુજબ ઉત્સાહ ભર્યા દેખાવો વચ્ચે તેનું કાર્ય તારીખ ૧૧-૪-૩૩ થી શરૂ કરવામાં આવ્યું હતું. સંમેલન માટે ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો, પ્રથમ દિવસે પ્રમુખ શ્રી તેમજ સંભાવિત ગૃહસ્થોનું તથા ડેલીગેટોનું સ્વાગત સમિતિ તરફથી હૃદયસ્પર્શી સ્વાગત કરવામાં આવ્યું હતું. મંડપની બહાર કેટલાક ચોક્કસ મતભેદોના કારણે વિરોધી દેખાવો થોડો વખત થયાં હતા, આ વિઘ્નનો પૂજ્ય શ્રી વિજય વલ્લભસૂરિજીની સફલ સમજાવટથી તુરતજ અંત આવી ગયો હતો. અને પરિષદનું કામકાજ ત્રણ વાગે શરૂ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં મહામંત્રી શ્રી સાગરમલજીએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ સ્વાગતાધ્યક્ષ શ્રી અમૃતમલજીનું ભાષણ વંચાયા પછી પ્રમુખશ્રીની વરણી થઈ હતી

ઉપરના પ્રસંગે જુદા જુદા સ્થળોએથી પરિષદની ફતેહ ઇચ્છતા તારો અને સંદેશાઓ આવેલા તે વાંચી સંભળાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. ( જે આખું અન્ય પત્રોમાં આવી જવાથી અમોએ તેના માત્ર ઉપયોગી ફકરા અન્ય સ્થળે આપ્યા છે. ) બાદ સબજેકટસ કમીટીની ચુંટણી કરવામાં આવ્યા પછી પ્રથમ દિવસની બેઠકનું કામ સમાપ્ત થયું હતું.

### દિવસ બીજો.

બીજા દિવસની બેઠકની શરૂઆતમાં મંગળાચરણ થયા બાદ નીચે પ્રમાણે ઠરાવો પાસ થયા હતા.

### પરિષદના પ્રસ્તાવો.

(૧) આ રાજ્યમાં પ્રથમ સંમેલન મેળવવાની તક પ્રાપ્ત થવા બદલ નાં. મ. શ્રી સિરોહી નરેશને ધન્યવાદનો.

(૨) શિક્ષણને અંગેની ત્રુટીઓ દૂર કરવા માટે આ મહાસંમેલન વિદ્યાલય, હાઈસ્કુલ, બોર્ડીંગ, કન્યાશાળા, ગુરૂકુળ, શિષ્યવૃત્તિ, વ્યાયામશાળા અને મહિલા વિદ્યાલય આદિ સંસ્થાઓની અગત્ય સ્વીકારે છે. આ માટે યોગ્ય કરવા નીચેની કમીટી નિયુક્ત કરવામાં આવે છે કે જે આગામી અધિવેશનમાં પોતાનો રીપોર્ટ રજુ કરે.
કમીટીના સભ્યો:—શેઠ દલીચંદ વીરચંદ, શેઠ રણછોડભાઈ રાયચંદ, શેઠ અમૃતમલજી ચતરાજી, શેઠ તારાચંદજી પ્રેમચંદજી, ઠાકુર લક્ષ્મણસિંહજી દેવાસ, શેઠ હરતાલસાજી પન્હાના, શેઠ મોતીલાલજી, શેઠ મદનસિંહજી કોઠારી, શેઠ મણીલાલ ભાલાભાઈ, શેઠ મથુરાલાલજી, શેઠ ચુનીલાલજી બુધમલજી, શેઠ પન્નાજી દીવાજી.

(૩) આ સંમેલન લગ્નને અંગેના કોઇપણ જાતના જમણને બીનજરૂરી, હાનીકારક અને સમાજપર ભારરૂપ સમજે છે માટે ઠરાવે છે કે આવા કોઇપણ જમણ બંધ કરવા.

(૪) આ સંમેલન કન્યાવિક્રયની નિંદનીય પ્રથા તરફ ઘૃણાની દ્રષ્ટિએ જોવે છે. આ પ્રથાથી ઘણાં યુવકો કુંવારા રહે છે અને ઘણી બ્હેનો નાની વયે વિધવા બને છે. આ રીવાજ બંધ કરવા માટે આ સંમેલન ભારપૂર્વક ઠરાવ કરે છે.

(૫) વૃદ્ધલગ્નના પ્રતિબંધ માટે ૪૦ થી વધારે વયના અને બાલલગ્નના પ્રતિબંધ માટે ૧૮ વર્ષની નીચેના યુવક અને ૧૪ વર્ષની નીચેની યુવતીના લગ્ન ન કરવા એમ આ સંમેલન માને છે, અને તેના અમલ માટે આગ્રહ કરે છે.

(૬) આ સંમેલન પોતાના આદર્શ અને ઠરાવોના પ્રચારકાર્ય માટે એક મુખપત્ર પોતાની ઓફીસ તરફથી પ્રગટ કરવાની અગત્ય સ્વીકારે છે.

(૭) આ પરિષદ્ ઠરાવ કરે છે કે હાથી દાંતનો ચુડો બીલકુલ વાપરવો નહિ, અને કદાચ જરૂર જણાય તો લગ્ન વખતે એક વખતજ કરાવવો તે સિવાય કદાપિ કરાવવો નહિ.

સાતમો ઠરાવ શ્રી શાન્તિવિજયજીએ મુક્યો હતો. જે પૂર્ણઉત્સાહપૂર્વક પાસ કરવામાં આવ્યો હતો અને તે વખતે ઘણા ભાઈઓએ પ્રતિજ્ઞા લીધી હતી.

ઉપરના ઠરાવો પરત્વે જુદા જુદા વક્તાઓએ યોગ્ય વિવેચનો કર્યાં હતાં. ત્યારબાદ યોગનિષ્ઠ મુનિ શ્રી શાંતિવિજયજી પ્રવચન કરવા માટે પ્લેટફોર્મ પર આવ્યા તે વખતે થોડી અવ્યવસ્થા થઇ ગઇ હતી. શાંતિ પથરાયા પછી મુનિશ્રીએ પોતાનું પ્રવચન શરૂ કરતાં કહ્યું કે, વિઘ્નસંતોષીઓની પરવા કર્યા વિના શાંતિ પૂર્વક જે કાર્ય તમે શરૂ કર્યું છે તે બદલ હું ધન્યવાદ આપું છું. કાતર કપડાને કાપે છે. પણ સોય કપડાને સાંધવાનુંજ કામ કરે, અને એથીજ સોયને લોકો માથા ઉપર રાખે છે. હું કોઇ પણ પક્ષને માનતો નથી, સત્યનો સેવક છું. પોરવાલ સંમેલનની રૂપરેખા તમો જાણો છો એટલે મારે વધુ કહેવાનું હોય નહિ.

પ્રિય ભાઇઓ! મરૂભુમિમાં આ મહોત્સવ એ ભાગ્યનો પ્રસંગ છે. ઉનાળામાં હવાખાવાના સ્થળે લોકો જાય તેના બદલે આ મરૂભુમિમાં દૂર દૂરથી નામાંકિત પુરૂષો આવ્યા છે, એ સમાજનું સદ્‌ભાગ્ય ગણાય. આપણે આપણી ત્રુટિઓને પિછાનતા થવું જોઇએ. સંમેલન એ સમાજનો ક્યાસ કાઢવાનું દુર્બીન ગણાય. ત્યારબાદ કેટલાક દાખલાઓ શ્રોતાજનોને સમજાવી પોતાનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું હતું.

બાદ મહારાજશ્રીના જયઘોષ વચ્ચે બીજા દિવસની બેઠકનું કામકાજ પૂર્ણ થયું હતું.

### દિવસ ત્રીજો.

ત્રીજા દિવસે વાદળ ઘનઘોર હતું વરસાદ પણ પરિષદના કાર્ય પહેલાં પડી જવાથી મંડપ પાણીથી તરબોળ થઇ ગયો હતો. તેમજ તે દિવસે વિજયવલ્લભસૂરિજી તથા યોગનિષ્ઠ

શ્રી શાંતિવિજયજી તથા પન્યાસજી શ્રી લલિતવિજયજીને ઉપાધિ સમર્પણની ક્રિયામાં ઘણો સમય નિકળી જવાથી બપોરના મોડેથી બેઠક મળી હતી, જેમાં બાકી રહેલા ઠરાવો ઉતાવળેથી પાસ કરવામાં આવ્યા હતા.

બાદ પરિષદની પૂર્ણાહુતિ કરતાં પ્રમુખશ્રીએ ઉપસંહારનું ભાષણ કરતાં જણાવ્યું કે—

પૂજ્યપાદ ગુરૂ મહારાજાઓ સ્વાગત સમિતિના સભાપતિ મહાશય, પ્રતિનિધિ બંધુઓ આમંત્રિત સજ્જનો અને બ્હેનો,

શાસનદેવની કૃપાથી આપણા અખિલ ભારતવર્ષીય પોરવાળ મહાસંમેલનનું કાર્ય ઘણી સફળતાથી પાર ઉતર્યું છે એ જોઈને સર્વ સહૃદય સજ્જનો જરૂર આલ્હાદિત થશે.

આ સંમેલનમાં દૂર દૂરથી ભિન્ન ભિન્ન પ્રાન્તોમાંથી આપણા પોરવાળ બંધુઓ ભાગ લેવા પધારેલા છે તેઓએ અતિશય તકલીફ ઉઠાવી, સમય, શક્તિ અને દ્રવ્યનો ભોગ આપી પોતાના જ્ઞાતિજનોના ઉદ્ધારઅર્થે જે તમન્ના બતાવી છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે અને આપણા ઉજ્વળ ભાવિની આગાહી આપે છે. તેમણે તથા અન્ય ગૃહસ્થો અને બ્હેનોએ સંયમ અને ખામોશ રાખવી, સંપૂર્ણ સહકાર અને ભાઈચારાથી દરેક બાબત શાંતિપૂર્વક ચર્ચા કરી છે અને સંમેલનને સફલ બનાવવા મને જે હાર્દિક સહકાર આપ્યો છે તેની કદર કરવાને મારી પાસે પૂરતા શબ્દો નથી.

આપણા ગુરૂવર્યોએ પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી અને વિહારની વિટંબના વેઠી સમ્મેલનને પોતાના પુનિત પગલાંથી પાવન કર્યું છે, એટલુંજ નહિ પણ પોતાની અમૃતમય દેશનાથી સભાજનો ઉપર અને ખાસ કરીને સ્ત્રી વર્ગ ઉપર જે પ્રેરણાત્મક સંગીન અને સનાતન અસર કરી છે તે કદિ પણ ભુલાય એવી નથી, અને તેમનો તે કાર્ય માટે જેટલો આભાર માનીયે તેટલો ઓછો છે.

જો કે આ પહેલુંજ અધિવેશન છે, છતાં વ્યવહારિક દ્રષ્ટિએ જોતાં, કાર્ય કર્તાઓની કાર્યદક્ષતા નિહાળતાં અને આપણા ભાઈઓની રસવૃત્તિ નિરખતાં આપણી જ્ઞાતિએ અદ્ભુત પ્રગતિ કરી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી, સંમેલનમાં જે જે ઠરાવો કરવામાં આવ્યા છે તે સર્વ બહુજ અગત્યના અને મુદ્દાસર છે, તેમાં ખાસ કરીને વિદ્યાલય, હાઈસ્કૂલ, બોર્ડિંગ, ગુરૂકુલ, છાત્રવૃત્તિ, મહિલા વિદ્યાલય, વ્યાયામશાળા, વિગેરે સંસ્થાઓ ખોલવા બાબતનો ઠરાવ ઘણોજ જરૂરી છે અને તેની સ્થાપના કરવા સંબંધમાં જે મહાશયોની કમિટી નીમાઈ છે તેનો આગામી અધિવેશન વખતે રજુ થનારો રિપોર્ટ જ્ઞાતિને ઘણો ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડશે. તે ઉપરાંત હાથના ચુડા અને રેશમી કપડાં નહિ વાપરવા બાબત, સ્વદેશી વસ્તુઓના ઉપયોગ બાબત, કન્યાવિક્રય, અને ટાણા મોસરનો પ્રતિબંધ, વૃદ્ધલગ્ન નિષેધ, સમાજમાં રોટી બેટીના વ્યવહાર સંબંધી નિશ્ચય, અને છેવટે કોમનું મુખ પત્ર કહવા, અને ડીરેક્ટરી બનાવવા સંબંધી ઠરાવો સમાજને માટે ઘણાજ ઉપયોગી અને ઉન્નતિના માર્ગે લઈ જનારા છે. અને તેનો બનતી ત્વરાએ અમલ કરવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે.

## મહાવિર વિદ્યા પીઠ

બ્રાહ્મણવાડામાં મહાવીર વિદ્યા પીઠ ખોલવા લગભગ નિર્ણય થયો છે, હાલ તુરત લાખ રૂપીયા ઉપરાંતના વચનો મળ્યા છે, ચોક્કસ રકમ પૂર્ણ થયે વિદ્યાપીઠ શરૂ કરવામાં આવશે.

કેળવણી ફંડ અને ચુડાનો ત્યાગ એ આ સમ્મેલનના સુંદર તાત્કાલિક ફળો છે. પૂજ્યપાદ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીજીએ આ છલ્લાની કેળવણી માટે દર્શાવેલા અનહદ પ્રેમનો એ સચોટ પૂરાવો છે.

સાથે સાથે મહિલા પરિષદ પણ યોજવામાં આવવાથી અને અનેક બ્હેનોએ પોતાના વકતૃત્વથી સ્ત્રીઓ ઉપર ઉપજાવેલી સુંદર અસરથી આપણી જ્ઞાતિની સ્ત્રીઓ હવે કુરૂઢિઓને કુરૂઢિઓ તરીકે જાણતી થઈ છે. આ પરિષદમાં આપણી જ્ઞાતિની સ્ત્રીઓના પહેરવેશ, ઘરેણાંનો બોજો, કન્યાવિક્રય વિગેરે બાબતો પર પુષ્કળ અજવાળું પાડવામાં આવ્યું હતું. અને સ્ત્રીઓએ અપાર ઉત્સાહ દાખવી તેમાં સમયોચિત સુધારો કરવા કબુલ કર્યું હતું.

આ સંમેલનને અંગે પોરવાડ સિવાય અનેક બહારના પ્રતિષ્ઠિત ગ્રહસ્થો ખાસ આમંત્રણથી પધાર્યા હતા. અને તેઓએ પણ આપણી જ્ઞાતિમાં પ્રવેશેલી અનેક બદીઓ તથા તેમાં કરવા જોઈતા સુધારા ઉપર સુંદર પ્રભાવશાળી વ્યાખ્યાનો આપ્યાં હતાં.

આ સર્વ ઉત્સાહ અને સેવાની ધગશ ચાલુ રાખવા અને જ્ઞાતિ સુધારાની રાહપર ધીમે ધીમે લઈ જવા સ્થાનિક કાર્યકર્તાઓને કટિબદ્ધ થવાની ખાસ જરૂર છે, જે પ્રદેશમાં વિદ્યાનો અભાવ છે અને સામાજિક બદીઓ ઉગ્ર સ્વરૂપમાં વ્યાપેલી છે ત્યાં સુધારણાનું કાર્ય ઘણું કઠન હોય છે અને લાંબે સમયે ફળદાયી બને છે આથી જ્ઞાતિને ઉન્નતિના ચોક્કસ માર્ગે ધપાવવા આવું કાર્ય સતત ચાલુ રાખવાની અત્યંત આવશ્યકતા છે એટલે આપણે આ સંમેલનના ત્રણ દિવસના કાર્યની સમાપ્તિ પછી ફરીથી કુંભકર્ણની નિદ્રામાં પડી જવાનું નથી, પરંતુ હરહમેશ જાગૃત રહી સંમેલને પસાર કરેલા સર્વ ઠરાવો અમલમાં મુકવા અને મુકાવવા વર્ષ દરમ્યાન તનતોડ જહેમત ઉઠાવી આપણે કરેલા કાર્યનો સુંદર અહેવાલ આવતા અધિવેશન વખતે રજુ કરવાનો છે.

* * જે રાજ્યની છત્ર છાયા નીચે આપણે અધિવેશન ભર્યું તેમણે અનેક સાધનો અને સગવડો પૂરી પાડીને આપણા ઉપર ભારે ઉપકાર કર્યો છે તેની આપણે સહર્ષ નોંધ લેવી ઘટે છે.

આ સ્થળે નવપદ આરાધક ઓળી તેમજ સંમેલન પ્રસંગે અત્રે પધારનાર અસંખ્ય જૈન બંધુઓ અને બ્હેનોને માટે ત્રણ દિવસ સુધી નોકારશીનું જમણ આપનાર શ્રીમાન્ સજ્જનો શેઠ છગાજી ખુમાજી, કવરાડા, સંઘવી ચેનાજી કસ્તુરજી ચુવાવા શેઠ જસાજી તારાચંદ બેસવાડાવાળાનો હું સહૃદય આભાર માનું છું.

આપણે સહૃદય ઇચ્છીશું કે અન્યોન્ય ગમે તેટલા વિરોધો અને વૈમનસ્ય હોવા છતાં આપણે શાંતિ અને સહનશીલતાથી આપણા સંમેલનનું કાર્ય ફતેહમંદીથી પાર ઉતારવા જે પ્રકારે શક્તિવંત બન્યા છીએ તેજ રીતે ભવિષ્યમાં આપણી જ્ઞાતિની ઉન્નતિનું આપણે ઉપાડેલું કાર્ય સત્વર પાર પડો અને આપણી જ્ઞાતિ પોતાની પૂર્વ જાહોજલાલી પ્રાપ્ત કરો. શાસન દેવ સર્વને સન્મતિ આપો અને આપણી જ્ઞાતિનું કલ્યાણ કરો !

# ...અ...વ...ન...વા...

**આલમના ઓવારે—**

—અમેરીકાએ સોનાનું ધોરણ તજી દીધું છે. હવેથી સોનાની ઉથલપાથલ ક્રોસરેટ પર ન રહેતાં ફ્રાંન્સના ફ્રાંન્ક પર જ રહેશે.

—ઠેર ઠેર પ્રભુ મહાવીરની જયન્તિઓ પુર ઉત્સાહ ભેર ઉજવાઇ હતી.

—ભાવી સુધારાની સંયુક્ત સમિતિના હિંદી પ્રતિનિધિઓની નામાવલીમાં ૨૮ સભ્યોને પસંદગી આપવામાં આવી છે

—ગયે અઠવાડીએ રૂા ૬૧૮૪૪૬૧ ની કીંમતનું સોનું મુંબાઇના બારામાંથી ગયું.

—અમેરીકાની બધા ધર્મોની પરિષદમાં ચંપતરાયજી બેરીસ્ટરને આમંત્રણ મળ્યું છે. તેઓ જુન માસમાં અમેરીકા જશે.

**અજમેર**—પૂજ્ય શ્રી મુન્નાલાલજી અને પૂજ્ય શ્રી જવાહરલાલજી મહારાજ શ્રીએ નીમાયેલા લવાદ મંડળનો ચુકાદો માન્ય રાખી બૃહત્સાધુ સંમેલનમાં એકતાનો પાયો રચ્યો છે. ભવિષ્ય માટે એકજ યુગાચાર્ય શ્રી ગણેશીલાલજી મહારાજને નીમ્યા છે. લાંબા સમયથી ચાલતા ઝગડાનું આ રીતે સંતોષ જનક પરિણામ આવ્યું છે. (૨) સાધુ સંમેલનના ઉત્સાહી મંત્રી શ્રી દુર્લભજી ઝવેરીને નવરત્નનો ચાંદ એનાયત કરવામાં આવશે. (૩) સાધુ સંમેલનનું કાર્ય દરરોજ પાંચ કલાક નિયમિત રીતે સુંદરપણે ચાલે છે. છતાં મળતા સમાચારો પરથી જણાય છે કે સુદૃઢપણે આગળ વધી રહ્યું છે. અજર, અમર એવું બત્રીસે સંપ્રદાયોની એકતાનું મહાન કાર્ય અજમેરને આંગણેથી જરૂર થશે. (૪) શાન્તિ નીકેતનના પ્રોફેસર અને જૈન કેળવણી પરિષદના ચૂંટાયેલા પ્રમુખ પં. જીનવિજયજી અને પંડિતવર્ય સુખલાલજી વિ. આવી પહોંચ્યા છે. સ્ટેશન પર તેમને હર્ષભેર આવકાર આપવામાં આવ્યો હતો. તા. ૨૧ ના રોજથી આ પરિષદનું કાર્ય શરૂ થાય છે. (૫) તા. ૨૫ મીએ મળનારી યુવક પરિષદના પ્રમુખ તરીકે આગ્રા નિવાસી શ્રી અચળસિંગજી ચુંટાયા છે અને તા. ૨૪ મીએ મળનારી મહીલા પરિષદના પ્રમુખ શ્રીમતી અચળસિંગજી નિમાયા છે. (૬) જુદી જુદી પરિષદોમાં ભાગ લેવા માટે દૂર દૂરથી પુષ્કળ જૈનો આવ્યા છે ને દરરોજ આવ્યે જાય છે. (૭) સાર્વજનિક વાંચનાલયમાં જૈન પત્રોનું પ્રદર્શન ભરવાનું નક્કી કર્યું છે.

**ભાવનગર**—અત્રેની કોર્ટમાં સિહોર ઉપાશ્રયની બાબતના મુકર્દમા પ્રસંગે થયેલ મૃત્યુ માટે ભાઇ જમનાદાસને એક વર્ષની સજા થયેલી તે માટે હજુર કોર્ટમાં અપીલ થયેલ બન્ને પક્ષની જુબાનીઓ સાંભળી નામદાર હજુરશ્રીના આવ્યા બાદ ચુકાદો આપવાનું મુલતવી રહ્યું છે.

**ખંડવા**—તા. ૨૦-જેલમાં કેદીઓના વર્ગીકરણ સામે વિરોધ તરીકે ઉપવાસપર ઉતરેલા શેઠ પુનમચંદજી રાંકાની તેમના પત્નિએ મુલાકાત લીધી હતી. તેમનું વજન ૬૨ રતલ ઘટી ગયું છે. જો સરકાર વર્ગીકરણની પદ્ધતિ નાબુદ કરવાની ખાત્રી નહિ આપે (જેથી ક વર્ગના રાજદ્વારી કેદીઓ તરફની વર્તણુંકમાં સુધારો થાય) તો ગઇ કાલ સુધી આપવામાં આવતું થોડું દુધ પણ તેઓ બંધ કરશે એમ સમજાય છે.

**સુરત**—શેઠ નવલચંદ હેમચંદના સ્મરણાર્થે સ્થપાએલ દવાખાનાનો અનેક દર્દીઓ જાતિ ભેદ વગર લાભ લે છે. દેશી દવાઓ વાપરવામાં આવે છે. ૧૯૩૨ માં ૪૬૭૧૧ દર્દીઓએ લાભ લીધો હતો.

**રાધનપુર**—પાટણથી શ્રી મણીચંદ દોલતચંદની આગેવાની નીચે શંખેશ્વરજીનો સંઘ આવ્યો હતો. સમીમાં નામદાર નવાબ સાહેબ તરફથી ચા, નાસ્તો આપવામાં આવ્યો હતો. બાદ સંઘ રાધનપુર આવતાં સ્વાગત કરવામાં આવ્યું હતું. જીવતલાલ નન્દભાઇ કોઠારી તરફથી બીજે દીવસે જમણ આપવામાં આવ્યું હતું.

**વડોદરા**—છેલ્લા કેટલાક મહિનાથી વડોદરામાં જ્ઞાનામૃત વરસાવતા ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ તબીયતના કારણે ચૈત્ર વદિ બીજ બુધવારના દિને ડભોઇ તરફ વિહાર કરતાં વડોદરાના જૈન જૈનેતરોની માનવમેદિની ઉલટી પડી હતી. તેઓશ્રીને વિદાયગીરીનું માન આપવા શ્રી સંઘના લગભગ બસો માણસોએ હાજરી આપી હતી. મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે જણાવ્યું હતું કે "સત્ય અને નીતિના માર્ગોને વળગી રહી અત્યાર સુધી સંઘમાં જે સંપ જાળવી રાખ્યો છે તેમજ હવે પછી પણ એજ રીતને વળગી રહેજો." છેવટે શ્રી સંઘે તેઓશ્રીને તબીયત સુધર્યા પછી અત્રે પધારવા આગ્રહ કર્યો હતો. (૨) દીક્ષા નિયામકનો કાયદો તા. ૨૬-૨૭ એ ધારાસભામાં આવશે. સામા પક્ષ તરફથી અનેક દોડધામો અવર જવરો શરૂ થઇ ચુકી છે.

**વઢવાણ**—યુવક સંઘમાં ફાટફુટ પડી છે. સુખલાલ શાહ, ન્યાલચંદભાઇ વગેરે કાર્યકર્તાઓ છુટા થયા છે. ભેદ ઉકલશે?

## "સ્થાનીક ગ્રાહકોને સૂચના"

"સ્થાનીક ગ્રાહકોએ પોતાનું ચાલુ સાલનું લવાજમ પ્રબુદ્ધની ઓફીસે આવી ભરી જવું. અગર તો અમારો માણસ આવે તેને મળી જાય એવી ગોઠવણ કરવા મહેરબાની કરવી."

**વ્યવસ્થાપક "પ્રબુદ્ધ જૈન."**

**આવતા અંકમાં**—શ્રી બામણવાડજીમાં બનેલા બનાવોના જે રીપોર્ટો અમે આ અંકમાં છાપ્યા છે, તે ઉપરથી ઉપજતા અમારા મંતવ્યો આવતા અંકમાં આપવામાં આવશે.

( અનુસંધાન પૃ. ૨૦૦ થી )

અમારી સાથે આવવાની ના પાડી, છતાં ફરી ફરીને સમજાવી તોએ એકજ જવાબ મળવાથી આખરે અમે હતાશ થઇ ત્યાંથી ઉઠયા. અને બજારમાં પૂછપરછ કરતાં જણાયું કે તેની ઉપર મુસ્લીમનો ઉપકાર ઘણો હોય છે. તેથી તે દબાયેલી રહે છે. તેમ આજુબાજુનું વાતાવરણ મુસ્લીમોનુંજ છે. આ બધા સંજોગો જોતાં લોકોનું એમ માનવું છે, કે તેને મુસ્લીમ બનાવશે, પરંતુ બાઇનો સહકાર ન હોવાથી હજુ મુસ્લીમ બની નથી. પણ એવા અનેક સંજોગો દેખાય છે કે નજીકના દિવસોમાં બાઇને મુસ્લીમ બનાવવામાં આવશે એમ લાગે છે.

આ સ્થિતિમાં એક બાઇનું જીવન તોળાઇ રહ્યું છે. તેમાંથી તેને બચાવવા અનેક પ્રયત્નો કરવાની જરૂર છે, અમે અમારા પહેલા પ્રવાસમાં નિષ્ફળ થયા છીએ, છતાં અમારા પ્રયત્નો ચાલુજ છે તેમ દરેક લાગતા વળગતાઓને વિનંતિ છે કે એ બાઇને બચાવવા બનતું કરે.

સમાજે વિધવાઓને હડધુત ન કરી હોત, અને તેમને પણ મનુષ્ય તરીકે જીવવા દીધી હોત તો જૈન ધર્મના જંગમ તીરથ તરીકે ગણાતા અને સાધુ સાધ્વી તરીકે પંકાયેલાઓના પાખંડીઓની હવસખોરીનું સાધન આ બહેન ન બનત.

# हिन्दी विभाग.

## उपाधियों की व्याधि.

अब समयने पल्टा खाया है. जैन समाज अपने उत्थानके लिये प्रयत्न करने लगा है. सभी संप्रदाय अपनी अपनी ओर से कुछ न कुछ कर रहे हैं. ऐसे समय यदि समाज को उस के दोषोंसे परिचित न किया जावे तो क्या समाज का अधःपतन होकर वह नष्ट भ्रष्ट होने के पश्चात किया जावे?

पूर्व कालिन इतिहास हमें बताता है कि समाज का उत्थान या पतन उस के गुरु या साधु वर्ग पर ही विशेषतः निर्भर होता है. यदि साधु आचार या क्रिया भ्रष्ट हो जावें तो गृहस्थ या समाज पर उनके उपदेशका प्रभाव नहीं गिर सकता, किन्तु उसका दुष्परिणाम सारे समाज पर होता है. दुर्भाग्यवश ऐसे चिन्ह जैन साधुओमें इस समय दिखाई देने लगे हैं. काम, क्रोध, लोभ, मोहादिका उन पर परिणाम हो रहा है. यही कारण है कि उन के संबंध में समाजकी सद्भावनामें त्रुटि दिखाई देने लगी है. श्रद्धा में अविश्वास घर कर रहा है और जिन जिन बातों की वे वांछा करते हैं वे सब उनसे दूर जाना चाहती हैं. इतना होते हुए भी सम्मान की लालसा इतनी बढ रही है कि किसी दिन उसकी सीमा न रहेगी. इस मानके हस्तों पर सवार होने पर उनके चारीत्र पालन में क्यां क्या दोष लगते हैं इसका दिग्दर्शन करनेसे न करना ही ठीक. उपाधि की उपाधि भी दिन दूनी बढ रही है. कोई व्याकरणाचार्य है तो कोई कवि रत्न, कोई श्री पूज्य कोई युवराज. इतना ही होकर रहता तो ठीक परंतु इन पदवियोंकी पूंछ अब हनुमानजी की पूंछ जैसी बढती ही जा रही है. योग्यायोग्यता का प्रश्नही नहीं, उपाधि मात्र होना चाहिये और वह भी लंबी लंबी, यहां तक कि तीन तीन लकीरोंमें भी वे पूरी न हो सके.

इस में उपाधि धारियोंको भी अधिक दोष नहीं दिया जा सकता, साधुओंकी अनिच्छा होते हुए भी हम भक्तजन उनके सिर ऐसी उपाधियां बलात् जड देते हैं, और उन्हें विवश होकर वे स्वीकार करनी होती है. श्रद्धावान शिष्यवृंद अत्यादर और भक्तिवशता में तल्लीन हो ये उपाधियां गुरुजनों की तपश्चर्या, समाज या धर्मकार्यके उपलक्ष में जबरदस्ती ही उनके गले लटका देते हैं. परंतु ऐसे अवसर पर जैन सिद्धांतिक वचन और साधुओं के आचार विचार के नियमोंका उल्लंघन न हो इसका भान रखने की आवश्यकता है. जिन सत्कर्मों के उपलक्ष में उपाधियां दी जाती हैं उन कर्मों का प्रायः ये उपाधियां स्वीकार करने से विक्रय सा हो जाता है, और इतने समय तक किये हुए आत्मोद्धार के प्रयत्न को स्वल्प में निष्फल कर दिये जाते हैं. वर्षों से किये हुए कर्मों का इस प्रकार अंत करना याने सब दिन चले और ढाई कोस वाली उक्ति जैसा होता है. यदि दिक्षा ग्रहण पंच महाव्रत पालन, तप संयमादिका, अंतिम ध्येय मोक्ष साधन है तो यह उपाधिकी व्याधि साधु मुनिराजों के मत्थे मढ कर उन्हें उनके ध्येयसे पतित करने में श्रावकोंको लाभ क्या? अच्छा हो यदि ये उपाधिदान की क्रिया भविष्य में सर्वथा त्याग दी जावे आत्मोद्धार के मार्ग में ऐसी कृतियां हमेशा कंटकरूप हुआ करती हैं. अतः गुरुजनों के लिये कंटक उठा कर यदि मार्ग स्वच्छ कर लीया जावे तो आशा है कि जैन समाज निकट भविष्य में फिरसे अपने गौरव और उन्नतिको पहुंच जावेगा.

यदि जैन समाजको अपना पुनरुत्थान करना है, अपना गत गौरव प्राप्त करना है तो वर्तमान में साधुश्रावकों के आचार में जो शिथिलता आ गई है, धर्मके मूल सिद्धान्तो का मर्म न समझ कर उसके विकृतार्थ से समाज निस्सत्व वीर्य हीन निकम्मा ही और सत्पथच्युत हो रहा है उस में तात्विक देश कालानुसार सिद्धांतो का शुद्ध परिवर्तन कर जैन समाज को सत्पथ गामी बनानेकी बहुत अवश्यकता है. आशा है कि हमारे परम पूज्य गुरुजन और समाजके सुज्ञ नेता अपनी संकीर्ण दृष्टि और सांप्रदायिक वृथाभिमान को त्याग कर भारतीय उत्थानकी घुडदौड में कदापि पीछे न रहेंगे. अस्तु. —ठाकुर लक्ष्मसिंहजी चौधरी

## बामणवाडजीमें केसरीयाजीके लिये किया हुवा ठराव.

"अपने श्री केसरीयाजी तीर्थकी व्यवस्था जिस प्रकार बहुत समयसे होती आ रही थी। उसके विरुद्ध पंडोने राज्यसे एक तरफा हुक्म प्राप्त कर लिया है कि पूजन प्रक्षालन और बोलियां का कुल रुपया पडों को ही मिला करे। यह हुक्म बिलकुल अनुचित और जैन समाज की धार्मिक लागनी को दुःखाने वाला है, अतः यह पंदरह हजार जैनो की यह सभा श्रीमान् महाराजा साहिब उदयपुरसे प्रार्थना करती है कि इस अनुचित हुक्म को शीघ्र ही रद करनेकी कृपा करें और जब तक हमारा पैसा तीर्थ के भंडार में है जमा न होने लगे तब तक सब यात्रियों को चाहिए कि तीर्थ पर किसी प्रकार की बोली न बोले और वहां एक पैसा भी खर्च न करें।"

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, માંથી પ્રગટ કર્યું છે.

કન્યા કેળવણી.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૨૬ મો.
સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૨૯-૪-૩૩.

## નક્કરતા.

અયોગ્ય દીક્ષાની પાછળ પાગળ બનેલા જે આવી તેને મુંડી નાખવાની સંતાકુકડીની રમતોને, પતિતોની પતિત દશાને, ખુલ્લી પાડવાનું કાર્ય પ્રબુદ્ધ કરે જાય છે, તે સમાજ સમજે છે ત્યારે તેના હીમાયતીઓની ટોળીને ખટકે તે બનવા જોગ છે. છતાં દીવા જેવી વસ્તુને ખોટી પાડી બુદ્ધિવિજયને સતા ઠરાવવા. શુક્રવારીયું તેના તા. ૨૧-૪-૧૯૩૩ ના અંકમાં મુજપરા ચીમનલાલ નેમચંદની સહીથી સ્ટેટમેન્ટ બહાર પાડે છે, અને પ્રબુદ્ધના ઉપર તરકટી, બનાવટી વિગેરે આક્ષેપો કરે છે.

પ્રબુદ્ધની સામે ખોટા આક્ષેપોવાળા સ્ટેટમેન્ટો બહાર પાડવાં, અને મનમાન્યો વાણી વિલાસ સેવવો એ તો એના વિરોધીઓને ટેવ પડી છે, કારણ કે સમાજ આગળ પ્રબુદ્ધ જે કીસ્સા મુકે છે તે નક્કર સાધનોના આધારે જ મૂકે છે. ત્યારે તેના વિરોધીઓ નક્કરતાના અભાવે કાં તો ધુળ ઊડાડે છે, અગર ગપ્પાંઓને હથિયાર બનાવી બનાવટી, તરકટીની બાંગ મૂકે છે. કારણ કે જેઓ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ છે. તેઓ તેમની પોલ ખુલ્લી થતાં તેના ઉપર ઢાંક પીછોડો કરવામાં, લોકોને ખોટે રસ્તે દોરી જવામાં, બીજાના ગળામાં ખોટી રીતે ટાંટીયા ઘાલવામાં રીઢા બની ગયેલા હોય છે, એટલે તેમને સત્ય અસત્ય જોવાનું નથી રહેતું. આથી સમાજના મનમાં વસવસો રહે તે ખાતર બુદ્ધિવિજયના કાગળનો બ્લોક કરાવી આ સાથે મુકયો છે તે સૌ વાંચે અને તેમાં લખાયેલા નીચેના ભેદી શબ્દો ઉપર વિચાર કરે.

> શ્રી લેરબાડીથી લિ૦ બુદ્ધિવિ૦ આદિ ગણ. શ્રી ભાવનગર
> [illegible]
> વિશેષ — ધર્મલાભ વાંચજો લખવાનું કે અમે ઠીક છે
> ધર્મનાં કાર્ય કરનારે [illegible] જાણજો તમો ભીલડીઆજીથી
> આગળ નહિ જતાં આવેલ ઉંટ તથા માણસ સાથે પાછા
> અહીં આવવું — અને તેની [illegible] તમારું [illegible] કાર્ય રીતે
> કરશો. આ કાગળ દેખત આગળ વધવું નહિ ને
> પાછું આવવું   [illegible] ૧૯૮૯
> લી: બુદ્ધિવિજયના ધર્મલાભ વાંચશો

"ભીલડીયાજીથી આગળ નહિ જતાં આવેલ ઉંટ તથા માણસ સાથે પાછા અહિં આવવું."

"આ કાગળ દેખત આગળ વધવું નહિ ને પાછું આવવું."

ઉપરના શબ્દોથી જનતા સમજી શકે તેમ છે કે ભગાડયા સિવાય આવી ચીઠી લખાય જ નહિ. તેમ ભાઈ અમૃતલાલ કોઠારીના સ્ટેટમેન્ટ પર સાક્ષી તરીકે સહી કરનાર ભાઈ અંબાલાલ ઘુમચંદ જેઓ તેરવાડા ઠાકોર સાહેબના કારભારી છે. આ બધી નક્કરતા ઉપરથી તરકટનું તોલ કરવાનું વાંચકો ઉપર છોડી દઈએ છીએ.

યુવાનોનું સંગઠન એજ પ્રગતિનું સિંહદ્વાર છે. આ કાર્યને વેગવંતુ બનાવવા મુંબઈ જૈન યુવક સંઘ તમારો સાથ માગે છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

(આચારાંગ સૂત્ર.)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર, તા૦ ૨૯-૪-૩૩.


## કન્યા કેળવણી.

માનવ જાતને પ્રગતિના પથે દોરવામાં સ્ત્રીઓનો મુખ્ય હીસ્સો છે. છતાં આપણે તેમને કેળવણી આપવા તરફ તદ્દન દુર્લક્ષ કરીએ છીએ. સ્ત્રી કેળવણી સિવાય કોઇપણ સમાજ, ધર્મ, રાષ્ટ્ર કે કુટુંબની ઉન્નતી થવાની નથી એ નિઃશંક છે. આપણા સમાજમાં એક પણ આદર્શ કન્યાગુરૂકુળ, છાત્રાલય કે શિક્ષણશાળા નથી. સમાજમાં આટ આટલા લક્ષ્મી-કુબેરો છતાં મરવાની આળસે પ્રાથમિક કન્યાશાળાઓ અને તે પણ ફક્ત પાંચ છ જીવતી હશે. આઇબંધ કોમોની સરખામણીમાં આપણે ત્યાં સખાવતનો જરા કોઇ નાનો સુનો નથી. વર્તમાન જગતમાં સ્થાન જાળવી રાખવું હોય તો આપણા ધનવાનોએ પોતાની સખાવતની દિશા આ તરફ બદલવી જોઇએ. સમાજના વિદ્વાન વર્ગે માલદાર થવામાં કે ફુરસદના ટાઇમે આગળ આવવા, પોતાના ધંધાની જાહેરાત માટે જાહેર પ્લેટફોર્મની કે હોદ્દાની ખુરશી માંગવાને બદલે વખતનો ભોગ આપવાની જરૂર છે. વિચારકો સમયનો ભોગ આપી આ વસ્તુને ધ્યાનમાં લેશે તો આપણા સમાજમાં કન્યા કેળવણીનું જે કંગાળ સ્થાન છે તે નહિં રહે.

એ વસ્તુ તો શંકા રહીત છે કે એક છોકરાને કેળવવાથી ફક્ત એકજ વ્યક્તિ કેળવાય છે, જ્યારે એક બાળાને કેળવણી આપવાથી આખું કુટુંબ કેળવાય છે. બાળકોના જીવન પર અસર કરવામાં પિતા કરતાં માતાનો મુખ્ય હિસ્સો છે. કેળવાયલી માતાનું બાળક સંસ્કારી, સુઘડ અને ઉત્તમ શહેરી બની શકે છે. માતા જો કેળવાયલી હશે તો ગૃહ-રાજ્ય, સમાજ કે દેશમાંથી અજ્ઞાનતાના પડળ તોડી નાંખવામાં વખત નહિં જાય, અને ઝડપી સુધારાઓ કરી શકાશે. યાદ રાખજો કે જે માબાપો પોતાની પુત્રીઓને કેળવણી આપવામાં અખાડા કરે છે, એવાઓના પાપે જ સમાજની નેવુ ટકા બેનો કેળવણીથી અજ્ઞાત રહે છે. અને ત્યાં સુધી જૈન સમાજનું શ્રેય કોઇપણ દિવસ થવાનું નથી.

જે સમાજમાં મોટો ભાગ અજ્ઞાત બ્હેનોનો વસે છે, તેમાં ક્રાન્તિની સુધારાની, ઉન્નતિની, જાહોજલાલીની આશા રાખનારાઓ હવાઇ કિલ્લાના બાચકા ભરવા સિવાય કશું મેળવતા નથી. દાખલા તરીકે જે બ્હેનોએ પુરતી કેળવણી લીધી છે તે તરફ જુઓ. વર્તમાન પ્રતિહાસ તમારી નજર સામે છે. સમાજ અને દેશની પ્રગતિમાં તેમનો કેટલો સુંદર હીસ્સો છે. આ બધું જાણતા છતાં કેટલાક વાહીયાત દલીલો કરતાં કહે છે કે "છોકરીઓને ભણાવવાથી ફેશન, એશઆરામ, અવિવેક, સ્વચ્છંદતા ઇત્યાદિ દોષો તેમનામાં પ્રવેશે છે." તેમાંય બીજો વિભાગ તદ્દન અર્થહીન બકવાદ કરીને આગળ વધતાં કહે છે કે "શું! તેમને દુકાનો ચલાવવી છે? શું! રાજકારભાર કરવો છે? વકીલ બનવું છે? છાપાં ચલાવવાં છે? ભાષણો કરવાં છે? આ બધું નકામું છે. એ તો લખતાં વાંચતાં આવડયું એટલે પત્યું! નહિં તો ઘર કામ મુકી, બાળકોને રઝળતાં મુકી, જ્યાં ત્યાં ભમશે. ચોપડીઓ ને છાપા વાંચવામાં વખત ગુમાવશે. એથી ઘર ગધેડે ચડશે. એ તો પારકા ઘરની વસ્તી." વગેરે વગેરે આવી જાતની દલીલો તદ્દન વિચાર વગરની અને બુદ્ધિ હીન છે. નથી એમાં વિચારકતા કે દલીલો. નરી મુર્ખતા સિવાય આમાં કશુંય દેખાતું નથી. સમાજમાં આવી મુર્ખાઇ ભરેલી માન્યતાઓએ ઘર કર્યું છે. આ વિચારોનું પરિવર્તન કરાવવા માટે અમે ઉપર કહ્યું તેમ વિદ્વાનોએ પોતાના અંગત સ્વાર્થમાંથી વખત કાઢી સમાજના ચરણે ભોગ આપવાની જરૂર છે. આ પ્રગતિના યુગમાં ફક્ત સુંદર રીપોર્ટો છપાવે, ઠેરાવો છપાવે, કે મેળાવડાઓ કર્યેથી સમાજની ઉન્નતિ માનનારાઓ ભુલ ખાય છે. આપણી જૈન મહાસભા હસ્તક જે 'એજ્યુકેશન બોર્ડ' છે, તેણે ધાર્મિક અભ્યાસો ગોઠવવામાં, પરીક્ષાઓ લેવામાં, અત્યાર સુધી કાર્ય કર્યું છે. તેના કાર્યવાહકોએ આ દિશા તરફ દ્રષ્ટિ દોડાવવી જરૂરી છે. પ્રથમ કેળવણીકારો જેઓ અભ્યાસક્રમો વગેરેમાં રસ લે છે તેવા ભાઇઓ તેમજ બ્હેનોનું સંમેલન ભરી તેને લગતા પ્રશ્નોની વિશાળ દ્રષ્ટિએ ચર્ચાઓ કરી છણાવશો. કન્યાશાળાઓ, હાઇસ્કુલો વિગેરેના અભ્યાસ માટે કમિટી નીમવી જોઇએ. તે કમિટી સંસ્થાઓનો અભ્યાસ કરી ટુંક વખતમાં રીપોર્ટ કરી બોર્ડ આગળ મુકે. પછી તેમાં ઉપયોગી સુધારા વધારા કરે તે ઉપરાંત કન્યાશાળા, હાઇસ્કુલો વિગેરે માટે અભ્યાસક્રમ તૈયાર કરાવવાનું કામ ઉપાડી તો જરૂર જૈન કોમની સાચી એજ્યુકેશન બોર્ડ બને. સમાજને આવી બોર્ડની ખાસ આવશ્યકતા છે.

## એ ધનરૂપ વિજય કોણ ?

### જરૂરી ખુલાસો.

આચાર્ય કેસરવિજયજીના સંઘાડામાંથી તેમના એક શિષ્ય લખી જણાવે છે કે "અમારા સમુદાયમાં ધનરૂપવિજય નામના કોઇ સાધુ નથી. પણ જે ધનરૂપ વિજયે "**જડાવની**" કહેણ હાલત ઉભી કરી છે તે 'ટેકાચાર્ય'" નામે પ્રસિદ્ધ થયેલ (!) "**સ્વ. ખાંતિવિજયજી**"ના ગુરૂભાઇ છે, ને પન્યાસ **ઉમેદવિજયજી**ના શિષ્ય હતા, અને જે હીરાશ્રી નામની સાધ્વીના અંગે લખાણ છે તે સાધ્વીને બાર વર્ષ ઉપર અમારા સમુદાયથી બહાર કરેલ છે. ઉપરના સાધુએ ૧૯૭ની સાલમાં અમદાવાદમાં શેઠ મનસુખભાઇ ભગુભાઇના બંગલે દહેરાસરમાંથી સવારમાં દાગીના ચોર્યા હતા. ખબર પડવાથી તેમની ધડપકડ થઇ હતી ને ધમાલ પણ થઇ હતી. સાધુ જાણીને તે વખતે છોડી દેવામાં આવ્યા હતા, આવા સાધુઓને વીણી વીણીને—કાંકુ આપીને સમાજમાંથી દૂર કરવા જોઇએ, જ્યાં સડો પેઠો હોય ત્યાંથી તે જો દુર કરવામાં ન આવે તો તે સડો સડાને વધારે છે. × × ×

વીર બંધુઓ! જેવું સુધારાનું બીડું ઝડપ્યું છે તેવા સુધારાનું કાર્ય ચાલુ રાખશો. પાખંડને પોષશો નહિં અને બીનપાખંડીને છેડશો નહિ."

જવાહરલાલજીનો લાઉડ-સ્પીકર સામે વાંધો.

એજ્યુકેશન બોર્ડની સ્થાપના.

ઉત્સાહભર્યાં દેખાવો.

# સ્થાનકવાસી પરિષદ્

દીક્ષા માટે સોળ વર્ષની ઠરાવેલ ઉમ્મર.

ત્રણે ફીરકાની ઐક્યતા.

વીર સંઘની સ્થાપના.

અમારા પ્રતિનિધિ દ્વારા

અત્યાર અગાઉની પરિષદો કરતાં અનેક ઉત્સાહ વચ્ચે અજમેરમાં સ્થા. નવમી પરિષદ મળી હતી. સમસ્ત હિન્દુસ્તાનમાંથી લગભગ આશીથી પચાસ હજાર ભાઇ બ્હેનો, મુનીવરોના દર્શનનો લાભ લેવા તેમજ પરિષદમાં સાથ આપવા આવ્યા હતા.

આ પરિષદ ભાવનગર રાજ્યના વડા ઇન્જનેર શ્રી હેમચંદ ભાઇ રામજીભાઇ મહેતાના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. પરિષદ માટે લોકાનગર કુશળ ઇન્જનેરોના હાથે બાંધવામાં આવ્યું હતું. તેમજ ખાસ મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. મંડપમાં લાઉડસ્પીકરોની ગોઠવણ હોવાથી આવડી મોટી સંખ્યા હોવા છતાં સારાયે પ્રેક્ષક વર્ગને જરાપણ અગવડ વેઠયા વગર સુંદર રીતે સંભળાતું હતું. સૈનિકોની માફક બ્હેનોના વિભાગમાં સેવિકાઓના ખાસ સૈન્યે અજબ નિયમન જાળવી વ્યવસ્થા જાળવવાના કામમાં સરસ ફાળો આપ્યો હતો. ત્રણસો ઉપરાંત મુનિરાજો પધાર્યા હતા અને તેઓશ્રીઓનું પરિષદ મંડપમાં ખાસ ભાષણ રાખવામાં આવ્યું હતું. ભાષણ કરતી વખતે મુનિરાજોએ લાઉડસ્પીકરનો ઉપયોગ કર્યો હતો, પણ પૂજ્ય જવાહરલાલજીએ "વાયુ કાયના જીવો હણાય છે!" તેને ખાતર વાંધો લીધો હતો અને મંડપમાંથી તેમને ચાલી જવું પડયું હતું; કારણ કે લાઉડસ્પીકર વિના લોકો કશું સાંભળી શકે તેવી સ્થિતિમાં નહોતા. પરિષદમાં ખાસ ભાગ લેવા માટે પરોણાઓ તરીકે નામદાર લીંબડીના ઠાકોર સાહેબ, શ્રી જીનવિજયજી, પં. સુખલાલજી, ગૌરીશંકર ઓઝા, કવીશ્રી ન્હાનાલાલ વગેરે અનેક સન્માનીત ગૃહસ્થો આવ્યા હતા.

આ પ્રસંગે અનેક ઠરાવો થયા હતા, તેમાં ખાસ કરી નીચેના અગત્યના ઠરાવો અને બીજો હેવાલ પ્રગટ કરીએ છીએ.

આ કોન્ફરન્સ એવો ઠરાવ કરે છે કે હીંદમાં શ્રી. સ્થાનકવાસી જૈનોની જ્યાં જ્યાં ધાર્મિક અને વ્યવહારિક સંસ્થાઓ ચાલતી હોય અથવા નવી શરૂ થાય તે સંસ્થાઓ તરફથી શિક્ષણક્રમ પાઠ્ય પુસ્તક, ફંડ આર્થિક સ્થિતિ બાલક બાલિકાઓની સંખ્યા આદિ આવશ્યક માહિતિ મંગાવીને એકઠી કરી અને શિક્ષણ પરિષદના ઠરાવ પર ધ્યાન આપીને અત્યારે કયું કામ કરવા યોગ્ય છે તે પર સલાહકાર અને પરિક્ષક સમિતિ જેવી સંપૂર્ણ રીતે કામ કરવા માટેની એક બોર્ડ નિમવી અને તે બોર્ડમાં દરેક પ્રાંત તરફથી અકેક સભ્ય નિમવા અને બધી શિક્ષણ સંસ્થાઓએ મળીને પોતાના પાંચ સભ્યોને આ બોર્ડમાં મોકલવા.

ધાર્મિક અને સાંસારિક સુધારાની હિમાયત કરવામાં આવી છે. પરિષદ અને તેની પ્રવૃત્તિઓના લાભાર્થે 'પાઇ ફંડ' સ્થાપવામાં આવ્યું છે, અને સાધુ સંમેલનનો રિપોર્ટ જેમાં દિક્ષા માટે ૧૬ વર્ષની વયની હદ ઠરાવવામાં આવી છે તે બહાલ રાખવામાં આવે છે.

**ત્રણે ફીરકાની ઐક્યતા.**

જૈનોના બધા ફીરકામાં પરસ્પર પ્રેમ વધારવાથી જૈન ધર્મ પ્રગતિ પામીને આગળ વધી શકે છે એવું આ કોન્ફરન્સ માને છે અને એ માટે આ કોન્ફરન્સ ઠરાવ કરે છે કે જૈનોના અન્ય ફીરકાઓને તેમની કોન્ફરન્સ દ્વારા પ્રેમ વધારવા તથા મતભેદ ભુલીને ઐક્ય સાધવાથી જે જે કાર્ય સંયુક્ત બળથી થઇ શકે તે બધાં કાર્યો કરવાની વિનંતિ કરે છે. (આ પ્રવૃત્તિ કોન્ફરન્સ ઓફીસ કરશે)

**સાધુઓ વચ્ચે સમાધાન—૪० દિવસે છોડેલા ઉપવાસ.**

કોન્ફરન્સમાં એમ જાહેર કરવામાં આવ્યું હતું કે, જવાહરલાલજીની આગેવાની હેઠળના તેમજ મુન્નાલાલજીની આગેવાની હેઠળના સાધુઓના બે હરીફ પક્ષો વચ્ચે સમાધાન થવા પામ્યું છે એ સાંભળી બીકાનેર ખાતે મુનિ મીશરીલાલજી ૪० દીવસ થયાં જે ઉપવાસ કરતા હતા તે તેમણે આજે સવારે છોડયા છે આ બે હરીફ પક્ષો વચ્ચે સમજુતી કરાવવામાં જૈન પરિષદના પ્રમુખ શ્રી હેમચંદભાઇ મહેતાએ અગત્યનો ભાગ ભજવ્યો છે.

**શ્રી. દુર્લભજી ઝવેરી અને શ્રી. નાથામલ ચોરડીઆને પદવીઓ.**

જૈન ધર્મ અને સમાજની બજાવેલી સેવાઓ માટે પરિષદે શ્રી. દુર્લભજી ઝવેરીને નવરત્નનો ચાંદ તેમજ "જૈન સમાજ ભુષણ" નો ખેતાબ આપ્યો છે તેમજ શ્રી. નાથામલ ચોરડીઆને પણ "જૈન સમાજ ભુષણ"નો ખેતાબ આપ્યો છે.

**જૈન કન્યા ગુરૂકુલ.**

ઉપરાંત જાહેર કરવામાં આવ્યું હતું કે, પ્રમુખે પરિષદના સામાન્ય ફંડમાં રૂા. ૩००० અને શ્રી. નાથામલ ચોરડીઆએ જૈન કન્યા ગુરૂકુલ માટે રૂા. ७०००० આપ્યા છે.

**વીરસંઘ અને બ્રહ્મચારી વર્ગ.**

શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈનોના હીતને માટે પોતાનું જીવન સમર્પણ કરનારા સજ્જનોનો 'વીરસંઘ' અને બ્રહ્મચારી વર્ગ સ્થાપવાની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. તે માટે કયાં કયા સાધનોની આવશ્યકતા છે તે સાધનોને કેવી રીતે એકઠાં કરવાં કયા કયા સેવકોની કેવી કેવી યોગ્યતા હોવી જોઇએ, સંઘનો ક્રમ અને તેના નીયમો વગેરે દરેક બાબત નક્કી કરવા માટે નીચલા ભાઇઓની એક કમીટી નિમવામાં આવે છે. આ બન્ને વર્ગો દ્વારા જૈન ધર્મનો પ્રચાર પણ કરવામાં આવશે માટે એ સંબંધે ૩ માસની અંદર આ કમીટી પોતાની યોજના તઇયાર કરીને 'પ્રકાશ'માં પ્રગટ કરે. આ સંબંધમાં જે કંઇ સુચના કરવી હોય તે કમીટીના મંત્રીને મોકલવી.

પ્રમુખ-શ્રી. હેમચંદભાઇ રામજી મહેતા.

મંત્રી-શ્રી ચીમનલાલ પોપટલાલ શાહ.

સભ્યો-મી० વેલજી લખમશી નપ્પુ, મોતીલાલજી મુથા, જોરાવાલ રામજી, અમૃતલાલ રાયચંદ ઝવેરી, લાલા જગન્નાથજી જૈન, ડોકટર વરજલાલ મેઘાણી, દુરલભજી ત્રીભુવન ઝવેરી.

(અનુસંધાન પૃ. २११ ઉપર)

# સાચું જૈનત્વ કયાં છે?

જૈનત્વને જગાડનાર પિતા મહાવીરના પ્રરૂપેલા વિશ્વવ્યાપી અહિંસાના સિદ્ધાંતો આજે ચોવીસો ને ઓગણસાઠ સંવત્સરીના વ્હાણાં વીત્યા પછી પ્રતિદિશાએ રૂદન કરતાં જણાય છે, 'જૈનત્વ' નો બોજો ઉઠાવીને ફરતા જૈનો આજે મતમતાન્તરોના વિક્ષેપોમાં સાચું જૈનત્વ સમજી બેઠા છે. રાગદ્વેષનાં જાળાંને તોડનારાઓ આજે રાગદ્વેષને નામે જૈનત્વને હણી રહ્યા છે. કીડીમકોડીના પાલક જૈનો આજે પરના ભોગે જીવતાં અહિંસાના મૂળભૂત સિદ્ધાંતોની અવગણના કરી રહ્યા છે. ક્ષમા અને શાન્તિની મધુરી ફોરમો વિશ્વભરમાં ઉડાડનાર પિતા મહાવીરના અનુજોએ આજે ઉદ્વેગ અને વિદ્રોહમાં સાચાં વીરત્વને વીસારે મૂકયો છે.

જ્ઞાતિ, તડ, પંથ કે વર્ણની માનવજાતે સર્જેલી સંકુચિત ભાવનાઓને ટકાવતી દિવાલોના ચૂરેચૂરા જે કર્મવીરે કર્યા અને જેણે વિશ્વબંધુત્વવાળો જૈન આદર્શ પ્રરૂપ્યો, તેનાંજ સંતાનો આજે મતાગ્રહના ચેપી રોગમાં સડી મરે છે. અહંભાવે અનેક ગચ્છ, તડ અને પંથમાં જૈનત્વને વહેંચી દીધું છે. દિગમ્બર; સ્થાનકવાસી; અને શ્વે. મૂર્તિપૂજકના જુદા ચીરકાઓ આજે જૈનત્વને નથી અજવાળતા. જૈન આદર્શ વિશ્વમાંથી ભુલાઇ ગયો છે. સંકુચિત મનોદશાના આંધળા આવરણોને વિદારી એકત્રિત શક્તિથી મળવાય તોજ સાચા વીરત્વને અજવાળી શકાય.

અખંડ જૈનત્વને જીવાડતુ, અખલિત વીરત્વને અજવાળતું અને પ્રેમભાવથી પ્રેરાયેલું આપણું સમાજ જીવન કોઇ અગ્રણીઓના વેઢા જેટલા માનવીઓના પાપના ભોગે આજે કલહ અને કંકાસમાં ખાખ થઇ રહ્યું છે. ચાર સંઘોને સ્થાપન કરી માનવ માનવ વચ્ચેના ભેદભાવોને કાપનાર વીરના નામે કોઇ સમાજના સૂત્રધારોએ અહંભાવને ટકાવવામાં પરના ભોગે જીવન જીવતાં આશાએ સમાજનાં જીવનો શુષ્ક કરી દીધાં છે.

આપણા આદિ તીર્થંકર ઋષભદેવના સમયથી દુનિયા પ્રગતિનો માર્ગ શોધતી આવી છે, તો શાને માટે માનવ સર્જીત નિયમોના બંધનોમાં શક્તિ અને સાધનથી મનુષ્યત્વને ફેળવતા જીવનને બાંધી દેવામાં આવે છે? જૈનત્વના ભોગે કોઇ કીર્તિના કળશ ઢોળાવવાના મોહમાં શાને માટે આટલા બધા ધમપછાડાઓ અને આટલી બધી મરતીઓની ધૂન મચાવી સમાજ જીવનને ખાખ કરવામાં આવે છે.

દીક્ષા જેવું કોઇ ઉચ્ચગામી જીવન કોઇ નરરત્ન પામે, તેને બદલે અયોગ્ય રીતે મૂંડી નાખી દીક્ષાને આરણીયે બળાવવામાં ધર્મના ઠીકરાઓ કઇ રીતે મહાવીરના ભેખને અજવાળે છે? દીક્ષાને નામે ચાલી રહેલા ઉલ્કાપાતોથી દુનિયાનાં ચર્મચક્ષુઓમાં વિષ વ્યાપવામાં કઇ રીતે મહાવીરના આદર્શો અને દીક્ષાનું ગૌરવ મૂર્તિમંત બને છે? મમત્વ અને કદાગ્રહની વ્યક્તિગતની ભડભડતી હોળીઓ જૈનત્વને ખાખ કરી રહી છે.

આજે રહ્યાં સહ્યાં મુઠ્ઠીભર હાડકાંના માળાને ટકાવવા મહાવીરના સંતાનોને મુઠ્ઠી ધાન્ય માટે ફાંફા મારવા પડે છે. સવાર સાંજ હાડચામના શુષ્ક દેહને જીવાડવા ટુકડા રોટલા માટે ઘેર ઘેર ગુલામીના કાળા કોરડામાં સપડાએલા જૈન બન્ધુઓના કમકમાટી ઉપજાવે તેવાં જીવનો જોવાં પડે છે. હૃદયનાં ભાવોને મારી કોઇ વિધવાઓ દુઃખીયારાં જીવનો જીવતી કાંઇક કાળે દેહને ટકાવવા પાપીઓનાં પંજામાં સપડાઇ પડે છે. અજ્ઞાનતાના અંધારામાં સાધન સંપત્તિના અભાવે અનેક શક્તિવંતા બાળુડાં અથડાઇ મરે છે. અપંગ અને શક્તિહીન માનવીઓને ભુખમરામાં રીબાઇ રીબાઇ દેહનાં બંધનો તૂટે મરવું પડે છે. તીર્થોના ઝઘડાઓ જીતવામાં લાખો અને કરોડો રૂપીઆનું આંધણ મુકાઇ રહ્યું છે. તદુપરાંત જમણોના એઠવાડમાં હજારો રૂપીયાનો ધુમાડો પ્રતિ વર્ષે કોઇ ક્ષણિક કીર્તિના પ્રલોભનમાં થઇ રહ્યો છે. કીર્તિનો પુંજ એકઠો કરવામાં કેટલું અહિંસા તત્વ હણાય છે તેની કોને પડી છે? તેજ રીતે કીર્તિપુંજના ભુખ્યા કઇ સાધુઓ 'વીરત્વ' ને નામે લાખો રૂપીયાની રેલમછેલ કરાવે છે.

કીડીમકોડીનો બચાવ કરવામાં જે રીતની અવ્યવસ્થિત શક્તિઓ ખર્ચાય છે, પાંજરાપોળની પાછળ અથાગ જહેમત લેવાય છે, અને અંધશ્રદ્ધાને નામે ધતીંગો પોષવામાં પાણીની મુલે જે રીતની શક્તિ અને દ્રવ્ય વહેંચાય છે તે રીતની અલ્પ માત્ર શક્તિ પણ માનવ જાતના કલ્યાણ અર્થે ખર્ચાતી હોત તો જૈનજીવન આટલી બેહુદી હાલતે ન આવી પહોંચત. જેટલી પાંજરાપોળો ચાલે છે, તેના ચોથા ભાગનાયે અનાથાશ્રમો, વિધવાશ્રમો, ઉદ્યોગશાળાઓ, હોસ્પીટલો, વ્યાયામશાળાઓ, કન્યાશાળાઓ, છાત્રાલયો કે ભોજનાલયો નભાવવામાં જૈનત્વના ઇજારદારોએ કંઇક વ્યવસ્થિત શક્તિ ખર્ચી હોત તો તે ઉગી નીકળત.

આ બધા આડંબરો સ્વર્ગના કયા ખુણામાં માનવીને ખેંચી લેશે તે સમજી સકાતું નથી. અંતરમાં જામેલાં આંધળા આવરણોને વિદાર્યા વિના બાહ્યાડંબરોમાં શાને માટે અંધશ્રદ્ધાની ચેલછામાં દેહ અને આત્માની શક્તિઓને ખુવાર કરવામાં આવતી હશે?

જે પ્રભુએ રાગદ્વેષની ભયંકર બેડીઓને તોડી "સ્યાદ્વાદ" ભાવનાનું મીઠું અને મધુર જૈનત્વ પાયું છે, જેણે એકાન્તના આંધળા પડળોમાં જૈનત્વને ન સપડાવતા અનેકાન્તવાદનું મીઠું પિયુષ પાઇ જૈનત્વને ઉજળું બનાવ્યું છે, તેજ વીરના નામની માળાઓ ફેરવનારાઓ તેનાજ સિદ્ધાંતોની છડેચોક અવગણના કરી રહ્યા છે. અહંભાવ અને મમત્વના કદાગ્રહમાં કોઇ વિચારકના પ્રાણપૂરક વિચારોને અપનાવવા એમની તાકાત બહારની વસ્તુ થઇ પડી છે. જૈનતત્વના ગૌરવને મૂર્તિમંત કરતાં અને વીરત્વને અજવાળતાં કોઇ છૂટાં છવાયાં જૈન રત્નો આજે પણ મળી આવે છે. સમાજે અને ધર્મના પ્રેરણાત્મક અને ચેતનવંતા વિચારો પચાવવાની શક્તિ અંધશ્રદ્ધાની ઘેલછામાં જૈન સમાજે કેળવી નથી એ પણ તેનું દુર્ભાગ્ય છે.

સંકુચિત મનોદશાના વાડામાં ગોંધાવા કરતાં મહાવીરે પ્રરૂપેલા વિશાળ જૈનત્વનો આદર્શ મૂર્તિમંત કરવા સેવાભિલાષીઓએ તટસ્થ વૃત્તિને કેળવવી અનિવાર્ય છે. સારાયે જૈન જીવનને સ્પર્શતા સમાજના સળગતા પ્રશ્નો વ્યવહારૂ દ્રષ્ટિએ ચર્ચાય, જૈન-જીવન વિકાસને પંથે દોરે તે રીતે કેળવણીના પ્રશ્નો ચર્ચાય અને જૈનત્વને જગાવે તે રીતે ધર્મના પ્રશ્નો ચર્ચાય તો વીરના આદર્શો મૂર્તિમંત બને ખરા.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિજ્ઞપ્તિ.

અમે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વર્તમાન વિદ્યાર્થીઓ નીચેની થોડીક લીટીઓ પર વિજ્ઞપ્તિરૂપે તમારૂં ધ્યાન ખેંચવાની વિનંતિ કરીએ છીએ. તા. ૬ ઠ્ઠી એપ્રીલે સંસ્થાના મંત્રીની સહીથી એક નોટીસ સંસ્થાના નોટીસ બોર્ડ પર મુકવામાં આવી હતી, જે તમારી જાણ માટે હું નીચે પ્રમાણે આપું છું:-

આથી સંસ્થાના લોન અને હાફપેઈંગ વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે, ને વખતસર નોંધ લેવાનું કહેવામાં આવે છે કે:-

૧ સંસ્થાની આર્થિક સ્થિતિ ગંભીર છે અને તેને પહોંચી વળવા સામાન્ય સમિતિ સખ્ત ઉપાયો યોજે એટલા માટે તે સમિતિ આગળ વિચારણા માટે બધી પરિસ્થિતિઓ, સૂચનાઓ સહિત મુકવામાં આવશે, તેમાંની એક સૂચના એ છે કે આખરી ઉપાય તરીકે ચાલુ લોન અને હાફપેઈંગ વિદ્યાર્થીઓને પણ આવતા સત્રથી બંધ કરવા અને એમ લાગે છે કે સામાન્ય સમિતિ કદાચ આ પગલું યોજે.

૨ આથી કદાચ આવું બને તો વિદ્યાલયના આશ્રય વિના સ્વતંત્રપણે વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ જારી રાખવા અને આગળ વધારવા પોતાની મેળે સગવડતા કરવા તૈયાર રહેવું. છતાંય વિદ્યાર્થીઓને ખાત્રી આપવામાં આવે છે કે વ્યવસ્થાપક સમિતિ અને સામાન્ય સમિતિ આપણી જ્ઞાતિ અને ભૂત વિદ્યાર્થીઓની ઉદારતાથી પૂરતું ફંડ એકઠું કરવા, છેવટ હદ સુધી ખર્ચો ઓછો કરી અને તેથી આ કટોકટીના સંજોગો દૂર કરવા પોતાથી બનતું કરશે; અને સાથે સાથે વિદ્યાર્થીઓને ખર્ચો ઓછો કરવામાં સહાનુભૂતિ આપવા અને પોતે આવા ગંભીર પ્રસંગે કઇ કઇ સેવાઓ આપી શકશે તે સંબંધી વ્યવસ્થાપક સમિતિને સૂચનાઓ જણાવવા અને પોતાથી બનતી મદદ આપવા કહેવામાં આવે છે. બંધુઓ! સંસ્થાનો છેલ્લો વાર્ષિક અહેવાલ તપાસતાં માલુમ પડશે કે દીધેલી લોનનો ઘણો ખરો ભાગ હજુ પાછો રીફંડ નથી થયો. આર્થિક મુશ્કેલીઓને લીધે સંસ્થા પોતાનું કામકાજ ઠીક પાયા પર ચલાવી શકે તેમ નથી. લોનમાંથી જો પૈસા રીફંડ થાય તો અમારી મુશ્કેલીઓ ઓછી થાય અને અમારે સહન કરવાનું રહે નહિ. આજે ભૂત વિદ્યાર્થીઓએ મોટે ભાગે પૈસા પાછા નથી વાળ્યા અને તેથી અમારે સહન કરવાનું રહે છે. વિદ્યાલયની મદદ આજે સૌથીયે વધારે વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ આગળ વધારી રહ્યા છે. વિદ્યાલયની મદદ ન મલે તો તેઓ પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તેમ નથી. તેઓ ચાલુ રાખી શકે તેવા સંજોગોમાં નથી અને ખાસ કરીને આ દિવસોમાં કે જ્યારે ચોમેર ગંભીર આર્થિક મુશ્કેલીઓ ઉભી થાય છે, ધંધા રોજગારની સખ્ત મંદી છે અને જ્યારે વિદ્યાપીઠોની ફી અને ભણવાનો ખર્ચ ખુબ વધ્યો છે ત્યારે વિદ્યાર્થીઓ માટે પોતાનો અભ્યાસ ચાલુ રાખવો એ ઘણું કપરૂં કામ છે. વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિઓ ઉલટી ગંભીર ને ગંભીર થતી જાય છે.

અમે આશા રાખીએ છીએ કે અમારા બંધુઓ આ કઠિનાઇ દૂર કરવા યથાશક્તિ પોતાનો ફાળો આપી વિદ્યાલયને સહાયભુત થશે કે જેથી અમારે સીદાવું ન પડે. વિદ્યાલયથી છુટા થઇને સ્વતંત્રપણે અમે ક્યાં જઇશું? બંધુઓ, યાદ લાવો કે તમેય એક વખત વિદ્યાર્થીઓ હતા. શું અમારે અમારો અભ્યાસ અધવચ છોડી દેવો? તમારા બંધુઓને સહાય આપવી અને તેઓનાં કાર્યમાં સહાનુભુતિ દર્શાવવી એ તમારી ફરજ છે. એટલી ફરજ ક્યારે અદા કરશો? તમારા ભાંડુઓ તરફ પ્રેમ દર્શાવવાની આ અમુલ્ય તક તમને સાંપડી છે. આટલુંયે તમે નહિ કરો?

શાંતિલાલ જેઠાલાલ ઝવેરી.
મંત્રી, મહાવીર સ્ટુડન્ટસ યુનીઅન.

---

માનવી, એ ભૂલોની પરંપરા છે. ભૂલોમાંથી માનવીનું મનુષ્યત્વ કેળવાય છે. એટલે ભૂલોમાંથી પર હોવાનો દાવો એ કેવળ મૂર્ખતા છે. કોઇ સાધુ કે સંસારીને ગુણોનો ભંડાર કલ્પવામાં આવે, કે ભૂલો અને દોષોનો પોટલો કલ્પી દ્રોહભાવના કેળવાય-આવું એક મન્તવ્ય "જૈનત્વ" ને નથી અજવાળતું. વૈમનસ્ય કે દ્વેષવૃત્તિ કોઇના અન્યાય કે જુલમને નથી રોકાવી શકતી; પ્રેમના ઓવારણાંઓ આંખના પલકારા માત્રમાં વિદ્રોહી ઉપર પણ વિજય મેળવે છે. "જૈનત્વ" સ્વાર્થ ભોગે પરમાર્થ કેળવવાનું શિખવે છે.

કોઇપણ વ્યક્તિ પરત્વેના દ્વેષરાગને તિલાંજલી આપી, મહાવીરે પ્રરૂપેલા 'પ્રેમ તત્વ' ને કેળવીએ તો 'જૈનત્વ' ને અજવાળવું વેગળું નથી. ધીરતા કે ગમ્ભીરની મોટાઇના મતાગ્રહોને સગળાવીએ તો મહાવીર અર્જીત 'વિશ્વ બંધુત્વ' ની ઉજળી ભાવનાને દીપાવવામાં વિલંબ નહિ થાય, અહંભાવ અને અન્યાયનાં આંધળાં પડળોને ચીરી ન્યાયાન્યાય કે સત્યાસત્યને સ્વતંત્ર રીતે વિચારતાં શીખી જઇએ તો સમાજ જીવનની વિષમ ચકડીઓમાં પિસાતાં પિલા મહાવીરનાં સંતાનોને 'શાંતિ' નો માર્ગ મળી જાય. 'વીરત્વ' ને અજવાળવા વૈમનસ્ય, વેર અને ઉતરપીડીને તિલાંજલી દઇએ. 'જૈનત્વ' ને જગાવવા પરના ભોગે જીવન જીવવામાંથી વિરક્ત બનીએ **જૈનત્વને વિશ્વવ્યાપી કરવા બાહર અને સૂક્ષ્મ અહિંસાની મહાવીરે પ્રરૂપેલા 'ધ્વજ' ને પવિત્ર દિલથી વાંધી લઇએ-ત્યારે "જૈનત્વ" ની મધુરી લેરમો વિશ્વભરમાં ઉડાડવાનું હવાઇ કિલ્લાઓ ચણવા જેવું નહિ રહે.**

# સ્વીકાર અને સમાલોચના.

**મેવાડનો પુનરૂદ્ધાર**—લેખક જગજીવન માવજી કપાશી, પ્રકાશક શેઠ દેવચંદ દામજી કુંડલાકર, અધિપતિ જૈન, મળવાનું ઠેકાણું જૈન સસ્તી વાંચનમાળા, મુ. પાલીતાણા કાઠિયાવાડ. કિંમત રૂ. ૨-૦-૦ બે.

જૈન સમાજ અને ઇતર સમાજો આજે પણ એ વીર પુરૂષનું પ્રેમથી નામ લે છે, ઇતિહાસ પ્રસિદ્ધ મહારાણા પ્રતાપના અવનતિના ટાઇમમાં આ મહાપુરૂષે પોતાની અઢળક દોલત મહારાણાને ચરણે ધરી રાષ્ટ્ર પ્રેમનું જ્વલંત ઉદાહરણ પૂરૂં પાડયું હતું. તે સંબંધી વિસ્તૃત વિવેચન પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યું છે. સાથે હીરવિજયસૂરિ અને સમ્રાટ અકબર સંબંધી પણ કેટલુંક લખવામાં આવ્યું છે. એકંદરે આ નોવેલ રસિક અને બોધપ્રદ છે.

# 'કેળવણીનું સીદાતું ક્ષેત્ર'

લેખક:—
નાનાલાલ દોશી.

આપણી સામાજિક ફરજો વિષે આપણી પ્રજામાં ઘણુંજ ઓછું જ્ઞાન છે. ઇંગ્લાંડ જેવા દેશમાં જ્યારે કોઇ મૃત્યુ પામે છે ત્યારે તેના ખત (વીલ) માં અમુક રકમ યા તો સાહિત્ય સંગ્રહ કે એમ કંઇ દેશ હિત માટે તે મુકી જાય છે, એટલુંજ નહિ પરંતુ તે પ્રજા, ધનના સંગ્રહ કરતાં ધનના સદુપયોગમાં વિશેષ માને છે અને એ પ્રજા આટલું વિશાળ સામ્રાજ્ય ભોગવી રહી હોય તો તે આ ગુણોને લીધેજ છે. જ્યારે જ્યારે દેશ એવી અણીની જરૂરીઆત પર આવી રહ્યો હોય છે, ત્યારે ત્યારે અંગ્રેજોની પ્રજા મગજનું સમતોલપણું ગુમાવ્યા વગર વ્યક્તિનાં શ્રેય કરતાં દેશહિતને આગળ મુકી તન કે ધનનો આત્મભોગ કરતાં પાછી પાની કરતી નથી. જે પ્રજા સમજુ છે, તે પ્રજા મનુષ્યની જરૂરીઆતો પુરી પાડી, તેના જીવનમાં સહેલાઇથી વિશેષ સુખ સગવડ કેમ વધારવી તે યોજવામાં ખરો ધર્મ સમજે છે. લાખોની સંખ્યા શારીરિક નબળાઇ કે જરૂરીઆતની ગેરહાજરીના અભાવે અનેક રીતે પિડાતા હોય ત્યારે તે પ્રજા જમણવારો કે મરણવારો પાછળ થતો કરોડો રૂપીઆનો ધુમાડો કે દેવાલયો પાછળ નથી ગાળતી. આજે અમારો ખરો વિરોધ દેવમંદિરો કે ઉપાશ્રયોની સામે નથી પરંતુ બીન બીન જરૂરીઆતવાળા સ્થળોએ ફક્ત કીર્તિ સ્થંભો તરીકેજ તે બંધાતા હોય અથવા વિવેક દૃષ્ટિ ભુલી તેવા સ્મારકો થતા હોય ત્યારે વીસમી સદીના પ્રગતિશાળી યુવકગણે તે વિષે પોતાના અભિપ્રાય વ્યક્ત કરવામાં હવે પણ શિથિલતા દાખવવી હિતકારક નથી. થોડી ઘણી બોર્ડીંગો અને તે પણ વર્તમાન જીવનોપયોગી સાધનો વિહીન—તે આપણી કેળવણી ક્ષેત્રમાં રણમાં મીઠી વીરડી સમાન છે છતાં જરૂરીયાતથી ઘણું ઓછા છે. આજે આપણી સારી સંસ્થાઓ નાણાંને અભાવે કેટલાએ વિદ્યાર્થીઓને લાચારીથી નિરાશ કરે છે તેનું મુખ્ય કારણ એજ છે કે સમાજે જેટલું કેળવણી માટે ધન વાપરવું જોઇએ, તેટલું તે ક્ષેત્રમાં નથી વપરાતું. આજે હિંદના જાહેર જીવનમાં આપણો ફાળો ઘણોજ ઓછો છે. પારસી કોમ જેવી નાનકડી કોમે કળા-કૌશલ્ય, ઉદ્યોગ, સાહિત્ય, શિક્ષણ કે સાર્વજનિક ઉપયોગમાં જે ફાળો આપ્યો છે તે દૃષ્ટિએ જોતાં આપણે ઘણાંજ પછાત છીએ, આજે આપણી પાસે નથી દેશમાન્ય **જૈન** નેતાઓ, નથી સુંદર ચિત્રકારો, પત્રકારો કે ટીકાકારો, તેમ નથી કોઇ સાહિત્યની ફુલવાડીને મ્હેકાવતા કે આંતર રાષ્ટ્રીય માનપાન ધરાવતા સાક્ષરવર્યો. આપણું જાહેર જીવન ધારાસભા કે રાજસભામાં અમુક પ્રતિનિધિત્વ માગવાથી નહિ વધે: આપણું જીવન શાસનકાર ( રાજ્યકર્તા ) ના ટુકડા સ્વીકાર્યે નહિ ખીલે, આપણું જાહેર જીવન ખીલવવાનો એકજ રસ્તો છે અને તે એ કે આપણા શ્રીમંતો અઘટિત સમાજ રચનાથી ઉપસ્થિત થયેલી અસમાનતા દૂર કરવા અને તેમના ભાગ્યોદયે મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરવા સમાજને આપેલું તેમના ધનભંડારો ખુલ્લા મુકે, અને કેળવણીનો પ્રચાર કરે. આ એક સમાજ અને દેશની શાંતિ, સહિસલામતી અને સ્થિરતા માટેનો રસ્તો છે, કારણ કે જે એક બાજુના મનુષ્યગણને પતિત દશામાં સબડતા દેવામાં આવે તો તે સમાજ તેવા ક્ષયને લઇ નાશ પામે છે, અથવા અરાજકતામાંથી તેનો પુનર્જન્મ થાય છે. આજે આપણી પ્રજાપર કેળવણીનો કર બહુ ઓછો છે. શ્રીમંતોએ તેમ સમજીને પણ ઉચ્ચ કેળવણી માટે તેમની ધનથેલીઓની દોરી ઢીલી કરવી જોઇએ છે.

**સમાજના પુનરૂદ્ધાર માટે કેળવણી એ એકજ રસ્તો છે. આપણું મોક્ષ કેળવણીમાંજ સમાયલું છે.** આપણે શહેરોના બાપડા અને રોનકદાર ઇમારતો પરની દૃષ્ટિ પરથી ગામડાની અજ્ઞાન જનતાપર દૃષ્ટિ ફેરવીએ તો એમ જરૂર લાગશે કે આપણે સામાજિક સ્વરાજથી ઘણે દૂર છીએ અને દરેક વ્યક્તિનું ખરું શારીરિક કે માનસિક સુખ ત્યારેજ તેને મળે છે કે જ્યારે તે સામાજિક બંધનો અને ચીલાઓમાંથી કંઇક પ્રકારે મુક્તિ મેળવે છે.

સમાજની ઉન્નતિ માટે કે સમુહના હિત માટે જેને લેશ માત્ર પણ લાગણી હોય તેવા દરેક ન્હાના કે મોટા સૌ બંધુઓને અમારી એજ વિનંતિ છે કે સંસ્થાઓની નાણાં વિષયક સ્થિતિ તપાસી, શિક્ષણ ક્ષેત્રને નવપલ્લવિત બનાવવા તન, મન, ધનથી બનતી સેવા અર્પે.

## સાચું કાર્ય.

[ ૨૪ માં અંકમાં "**લોહીનાં આંસુ**" છપાયેલા. આ સંબંધમાં શ્રી "**મહુવાકર**" આવેલા કાગળોનો પ્રત્યુત્તર સામટા જવાબ રૂપે લખે છે. સમાજના સાચા હિતચિંતકો વાંચે, વિચારે અને અમલમાં મુકવા પ્રેરાય એજ અભ્યર્થના.—તંત્રી ]

પત્ર મળ્યો. "લોહીનાં આંસુ" વાંચી ખરેખર તમને ભારે દુઃખ થયું હશે? બીજા પણ એવા પત્રો આવ્યા છે. એ ભાઇને દેશમાં જવા જેટલી મદદ મળી ગઇ છે. તે ભાઇ દેશમાં પહોંચી ગયા છે. કમભાગ્યે મુંબઇ આવવું પડશે તો તમને મળશે. અને બનતી મદદ-સહાનુભૂતિ મેળવશે. પણ સમાજના અનેક દુઃખી, દુઃખી થઇ રહેલા તમારી આસપાસની ચાલીઓમાં ઘણાંએ છે. મુંબઇમાં છે એમ નથી પણ ગુજરાત-કાઠિયાવાડના ગામડાંઓમાં-શહેરોમાં, વિધવાઓ, બાળકો, યુવકો ભારે ચિંતામય બેકાર જીવન ગાળી રહ્યા છે-લાખોના દાન લુંટાવી દેનાર, હજારોના પુણ્ય કાર્ય કરનારના હૃદયના તાર ઝણઝણી ઉઠે. યુવકો, તે માટે સમાજથી આજની દશાનો અભ્યાસ કરે અને એક નહિ પણ હજારોને મદદ-રાહત, ટોળીઓ અન્ન-રોજી-કામ મળે અને જીવન મળે એવી વ્યવસ્થિત યોજના ઉપાડી લ્યે ત્યારેજ સ્વામી ભાઇઓનો આર્તનાદ ઓછો થાય.

ધર્મની વાતો ભુખ્યા પેટે ન થાય. સાચો ધર્મ પરમાત્માના બાળકોની સાચી સેવામાં રહ્યો છે, તે હવે ક્યાં સુધી ગળે નહિ ઉતરે?

કોઇ દાનવીરોને જરા પુછી જુઓ-તેઓ ઉદાર થાય તો સારી વાત છે, નહિ તો **યુવાનો! ભીખ માંગીએ પણ જૈન સહાયક ફંડ ખોલાવો.**

"મહુવાકર"

# ....અ....વ....ન....વા....

**આલમને ઓવારે—**

—બ્રીટનમાં રૂશીઅન માલની આયાત અટકાવનારો કાયદો બ્રીટીશ પાર્લામેન્ટે પસાર કર્યો છે. તેના જવાબ રૂપે રૂશીઅન પાર્લામેન્ટે બ્રીટીશ માલના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યો છે.

—અખીલ હિંદ પુસ્તકાલય પરિષદનું આઠમું અધિવેશન બેઝવાડા ખાતે ડૉ૦ વી. શીવરામના પ્રમુખપદે મળ્યું હતું.

—ચીન-જપાનની લડાઇ ચાલુ છે. લુવાનદી આગળથી સખ્ત માર ખાઇ જાપાન પાછું હટ્યું છે. અત્યારે ચીનનો ૧૫૦૦ ચોરસ માઇલ જેટલો પ્રદેશ જાપાનના કબજામાં છે.

—કલકત્તાના "લોકમાન્ય" પત્રની અઠવાડીક આવૃત્તિની જે હજાર ટોપીઓ ઇટીના પ્રચારાર્થે મફત વહેંચવાનું તે પત્રના કાર્યકર્તાઓએ ઠરાવ્યું છે.

—મેવાડમાં આવેલા બેગમ, ગ્વાલીઅરમાં આવેલા રીંગોલી અને ઇન્દોર આગળ આવેલા નાનાખાઇ ગામની આજુબાજુના ૩૦૦ કરતાં વધુ ગામડાંને છેલ્લા પાંચ સાત માસથી હડકાયા શિયાળ ત્રાસ આપી રહ્યાં છે. લગભગ ૧૫૦ થી ૨૦૦ જેટલાને આ શિયાળોએ બચકાં ભર્યાં છે. તેમાંથી ૫૦ જેટલા હડકવા લાગતાં મરણ પામ્યા છે.

**સ્થાનિક**—સ્વદેશી લીગ અને અસ્પૃશ્ય સેવક સમાજની મુંબઇની પ્રાંતિક બોર્ડના આશ્રય હેઠળ ગામડાના સામાનનું એક પ્રદર્શન તા. ૨૨મી થી શરૂ થયું છે. (૨) એક શ્રીમંત ગુજરાતી જુએલર છગનલાલ પનાલાલનો એક માસથી પત્તો નથી; અને ભેદ ભરેલી રીતે અદ્રશ્ય થયા છે. છુપી પોલીસ તપાસ ચલાવે છે.

**અમદાવાદ**—ચૈત્ર વદ ૧૨ ના દિવસે મુનિશ્રી મોહનલાલજીની જયંતિ ખરતરગચ્છની ઉપાશ્રયે ઉજવાઇ હતી. તે પ્રસંગે પ્રમુખશ્રી મુનીશ્રી માણેક, તથા શ્રી હીરજીભાઇ શાહ બાર-એટ-લૉ, શ્રી અમૃતલાલ મોહનલાલ ઝવેરી વગેરેઓએ પ્રાસંગીક વિવેચનો કર્યાં હતા. કવિશ્રી નહાનાલાલે અમેરિકામાં આ વખતે મળનાર "સર્વ ધર્મ પરિષદ"માં જૈન ધર્મનો પ્રચાર કરવાને કોઇ જૈન વિદ્વાનને મોકલવા સૂચના કર્યું હતું.

( અનુસંધાન પૃ. ૨૦૭ ઉપરથી )

**વીરસંઘના પહેલા ઉમેદવાર.**

વીરસંઘ જેવી સંસ્થા સ્થપાશે તો હું તેનો પહેલો સભ્ય થવાને તૈયાર છું. હું તે માટે તમારા આશીર્વાદ માંગું છું.

**વ્યવહારીક પરિણામ—**

અત્રે ભરાયેલી જૈન પરિષદનું પરિણામ ગમે તે આવે પણ તેનું એક વ્યવહારીક પરીણામ એ આવ્યું છે કે પંજાબ, સરહદના પ્રાંતો, સંયુક્તપ્રાંતો અને રજપુતાનાની સ્ત્રીઓ જેઓ મોઢે ભાગે પડદો પાળે છે અને કાઠીઆવાડની સ્ત્રીઓ જેઓ ઘુમટો ખેંચે છે તેઓ અજમેરના બજારમાં ખુલ્લે મોઢે છુટથી હરેફરે છે અનેકદુકાનોએથી માલની ખરીદી કરે છે આ તરફ સ્ત્રીઓ ખુલ્લે મોઢે ફરતી ન હોવાથી આ સ્ત્રીઓને તેવી ફરતી જોવાથી કોઇ કાંઇ અડપલું કે અટકચાળું ન કરે તે માટે આર્યસમાજી સ્વયંસેવકો શહેરમાં તેમજ પરિષદના મંડપમાં ફરે છે. પણ સવાલ એ પુછાય છે કે હવે એ સ્ત્રીઓ પડદો અને ઘુમટો હમેશ માટે છોડશે કે?

# યુવક સંગઠન.

**સેવા ભાવી યુવક બંધુઓ,**

તમોને અત્યારની આપણી સામાજીક સ્થિતિ નીહાળી, એમાં થઇ રહેલ છિન્ન-ભિન્નતા નીરખી અવશ્ય દિલગીરી પેદા થતી હશે. સાચા જૈનને જરૂર તેમ થવુંજ જોઇએ તેથીજ સંગઠન કરવાની ખાસ આવશ્યકતા ઉભી થાય છે.

વર્તમાન પરિસ્થિતિ જોતાં જેઓ સ્વ જાતને શાસન પ્રેમી તરીકે ઓળખાવી માત્ર અમુક સાધુઓની મરજીએ નાચી રહ્યાં છે તેમની સંખ્યા બાજુ પર રાખી, જેઓ એથી જુદા વિચાર ધરાવે છે અને જેઓને અયોગ્ય દીક્ષા સંબંધી કે તેવી બીજા પ્રકારની ધમાલો ગમતી નથી, અને જેઓને માત્ર મુંગુ કામ કરી સમાજમાં સંપ, શાંતિ અને ઉદારવૃત્તિ વધારવાની હૃદયગત અભિલાષા છે તેવા દરેક યુવક માનસ વાળા બાંધવોનું સંગઠન જેમ બને તેમ જલ્દી કરવું એવી અમારી ભાવના છે.

જૈન સમાજમાં કેટલાક તકરારી પ્રશ્નો વર્તે છે તેને બાજુ પર રાખી, ઉપરોક્ત ભાવના વાળા આપણે બધા બંધુઓ એક સાથે બેસી, વિચારોની આપલે કરી, વિશાળ પાયે એવો એકાદો કાર્યક્રમ ઘડી કાઢીએ કે જેથી આપણે ગુજરાત કાઠિયાવાડ અને મુંબઇ પ્રાંતમાં એક એવું યુથ ઉભું કરી શકીએ કે જે ગોલમાલીનો સામનો કરવા ઉપરાંત એના તરફથી ફેલાવાતા જુઠાણાનો પ્રતિકાર કરે અને જૈન સમાજનો મોટો ભાગ કેવું માનસ ધરાવે છે તેનો જૈનેતર જગતને ખ્યાલ આપે.

તમો અમારા વિચારો સાથે સહમત થતા હોતો તેમ જણાવી અગર એ સંબંધી જે કાંઇ સૂચના કરવાની હોય તે કરી, નીચેની બાબતોના ખુલાસા સહિત જરૂર જવાબ આપવા કૃપા કરશો.

[ નોંધ—તમારા મંડળમાં, અગર તો મિત્ર વર્ગમાં આ પત્ર વંચાવી એમનો અભિપ્રાય મોકલશો.]

(૧) સંગઠન માટે જેમ સંખ્યા વધુ થાય ને પ્રદેશ વિસ્તાર વૃદ્ધિ પામે તેવો મુખ્ય ઉદ્દેશ રાખવો.
(૨) પહેલી તકે પરિષદ કે સંમેલન ભરવું.
(૩) કયા સ્થળે અને કેટલા સમયના ગાળામાં ભરવું.
(૪) પરિષદ કે સંમેલન ભરવામાં આવે તો તમો ભાગ લઇ શકશો?
(૫) મંડળ કે મિત્ર વર્ગના કેટલા સભ્યો ભાગ લેશે?
(૬) હાલ તમારા શહેરમાં જે સંસ્થા વિદ્યમાન હોય તેના નામ ઠેકાણાં તથા વલણ શું છે તે જણાવો.
(૭) પરિષદ કે સંમેલન સફળ બનાવવા સારૂ બીજા કરવાના કાર્યો.

**સૂચના**—ઉપરની બાબતો સંબંધી તમારો અભિપ્રાય દર્શાવી જવાબ અવશ્ય મોકલશો.

**યાદ રાખશો કે મોટા કાર્યોની શરૂઆત નાનામાંથી થાય છે. માટે આ નાનું લાગતું કાર્ય ઉપેક્ષા કરવા જેવું નથી. ચાર ચાર ગાઉ કાપતાં લાંબો પંથ કપાય.**

લિ૦ **શ્રી સંગઠન કમિટિ.**
C/o મુંબઇ જૈન યુવક સંઘ.
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

પૃષ્ઠ ૨૦૮-૯ પર '**સાચું જૈનત્વ ક્યાં છે?**' એ શીર્ષક હેઠળ છપાયેલ લેખના **લેખક શ્રી. કનૈયાલાલ દુર્લભરામ ભણસાલી** છે. મૂળ સ્થળે તેમનું નામ છાપવું રહી ગયું છે.

# રકમ ડુલ! વહીવટદારો ખુલાશો કરશે?

પાલીતાણામાં વર્ધમાન તપની ઓળી લગભગ ૩૦-૩૫ વર્ષથી ચાલે છે અને આ સંસ્થાનો વહીવટ જામનગરના રહીશ શેઠ લાલચંદ લીલાધર ઘણા વર્ષોથી પોતે કરતા આવ્યા છે.

સદરહુ સંસ્થાનો હિસાબ, સદરહુ વહીવટદાર જનતાની જાણ માટે બહાર પ્રસિદ્ધ કરતા નહોતા તેમજ આ સંસ્થાનું ટ્રસ્ટડીડ પણ કરાવતા નહોતા. તેથી ટ્રસ્ટડીડ કરાવવા તથા હિસાબ બહાર પાડવા માટે મજકુર વહીવટદારને વકીલ મારફતે નોટીસ આપવાની ફરજ પડેલી અને ત્યારબાદ રાજકોટના પોલીટીકલ એજન્ટ સાહેબને લખવા ફરજ પડેલી અને તેથી સાહેબે દરેક વહીવટદાર સામે યોગ્ય પગલાં લેવા હુકમ કરેલો. આ બધી તજવીજો મારે ૧૯૨૫-૨૬ ની સાલમાં કરવી પડેલી ત્યારેજ મજકુર વહીવટદારે આઠ વરસે હિસાબ બહાર પાડેલો.

આ સંસ્થામાં, જૈનો પોતાના છોકરાને પૈસાનું દુધ ન પાતાં, પેટે પાટા બાંધી મોટી રકમોની મદદો કરે છે અને એવી મદદોથી હાલ આ સંસ્થામાં આશરે એક લાખ ઉપરાંતનું ફંડ પણ થયેલું છે.

સદરહુ વહીવટદાર શેઠ લાલચંદ લીલાધરભાઇની આબરૂ પ્રશંસા ઘણી સારી અને નામાંકિત થયેલી છે, (!) જે નીચેની હકીકત વાંચવાથી જૈનોની ખાત્રી થશે:

તા. ૧૭મી નવેમ્બર સને ૧૯૨૨ના વીરશાસન છાપ-થી ઉતારો.

**મહુંમ માણેકબાઇનું વીલ અને ધર્મશાળાના મુનિમો કોર્ટે:—**

દક્ષિણ જીલ્લાના ગામ શાહાપુરવાળાં બાઇ માણેકબાઇ પાલીતાણે ઘણાં વર્ષો ઉપર જાત્રાએ આવેલી. તે બાઇ પાલીતાણામાં ગુજરી ગયેલી તેથી તેની તમામ જંગમ મિલકત આ વહીવટદારે, તથા બીજા તેમના મદદગારોએ, પોતે તે મિલકતની વ્યવસ્થા કરવા વહીવટદાર થવા યુક્તિ રચી તમામ દર દાગીના રોકડ વગેરે મિલકત કબજે લીધી. વીલમાં લખ્યા પ્રમાણે વ્યવસ્થા તેમણે દસ બાર વરસ સુધી ન કરી. ત્યારે કોઇ જૈને દરબારશ્રીને અરજ કરી. દરબારશ્રીએ તેમની પાસેથી બાઇની તમામ મિલકત કે જે સોના રૂપાનાં દાગીના તથા રોકડ રૂપીયા, વગેરે જે તેમના કબજે હતું તે લઇ લીધું. (વધુ વિગત ઉપરના પેપરમાં જુઓ.)

આ બાઇ સદરહુ સંસ્થાના અંગના આશરે ૭-સાત હજાર રૂપીઆ પોતાના મળતીઆ-તેમના અંગત મિત્ર ખંભાતના રહીશ **ચીમનલાલ પરશોતમ** જે હાલ અમદાવાદમાં રહે છે તેમને પોતાની આપખુદી સત્તાથી વગર અવેજે (કોઇ પણ જાતની સીક્યોરીટી વગર) ધીરવામાં આવેલા છે. આ ભાઇએ અમદાવાદમાં હાલમાં નાદારીની અરજી પણ નોંધાવવામાં આવેલી છે. આ હકીકત જો સત્ય હોય તો આ રકમ માટે કમીટીમાં રહેલા બધા વહીવટદારો પોતાની જાત જવાબદારી માને છે કે કેમ અને આવી રકમ આમ ધીરવાને માટે બધા વહીવટદારોની મંજુરી લેવાયલી કે કેમ?

આ સંબંધી સને ૧૯૨૫-૨૬ ની સાલોમાં હીસાબ બહાર પાડવા યોગ્ય સીક્યોરીટીમાં નાખો રોકડા, ટ્રસ્ટડીડ કરાવવા વગેરે બાબતો ઉપર ઘણી લખાણપટ્ટી ચાલેલી છે. તે જો કોઇ સદગૃહસ્થને તમામ પત્રવ્યવહાર જોવાની જરૂર હોય તો અમારી પાસે આવી જજો, કે જેથી ખાત્રી થશે. આ સંબંધી વધુ હકીકત જણાવી મજકુર વહીવટદારને હાલમાં પત્ર લખેલો છે. આશા છે કે દરેક વહીવટદારો આ સંબંધી વધુ ખુલાસો જૈન જનતાની જાણ માટે પ્રસિદ્ધ કરશે.

વધુ હકીકત વીગતવાર નાદારી અરજીની નકલ લેઇ જણાવીશું.

અમદાવાદ હાજા પટેલની પોળ. | બાલાભાઇ અચરતલાલની સહી દા. પોતે.

# અજમેરમાં પધારેલા મુનિશ્રીઓના પ્રવચનોમાંથી.

**મુનિશ્રી ચોથમલજી મહારાજ.**

તેમણે લાઉડ સ્પીકરમાં, જૈન ધર્મની ઉન્નતિ કેમ થાય તેનો માર્ગ બતાવતાં જણાવ્યું કે "બાળલગ્ન-વૃદ્ધ લગ્ન બંધ કરવા જોઇએ અને કોઇપણ કુંવારો રહેવો ન જોઇએ કારણ કે કુંવારા રહેવાથી આપણી વસ્તી ઘટી જાય છે માટે એક પણ બાઇ કુંવારી હોય ત્યાં સુધી કોઇ પણ ભાઇએ ફરીવાર લગ્ન કરવું નહી." આ ઉપરાંત "આપણામાં અસ્પૃશ્યતા છેજ નહી. અસ્પૃશ્યતામાં જૈન ધર્મ માનતો નથી. જો માનતો હોત તો મુનીશ્રી મેતાર્યમુની અને હરીબળ મચ્છી જેવાઓને દીક્ષા શા માટે આપત? જૈનધર્મમાં કોઇ પણ જાતનો ભેદભાવ નથી."

**મુનિશ્રી નાનચંદ્રજીએ**

સ્ત્રીઓને સંબોધી જણાવ્યું કે "બ્હેનો, તમે અત્રે આભુષણ અને ઝીણાં વસ્ત્રો સજી આવ્યાં છો તે ઠીક કર્યું નથી. તમારે આભુષણ સજવાં ન જોઇએ કારણ કે તમારામાં તે સાચવવાની શક્તિ નથી. તમારા વડીલોમાં પણ તમારૂં અને તેનું રક્ષણ કરવાની શક્તિ નથી. તેઓ નામર્દ બની ગયા છે. તમારે આથી બાહેરનાં પણ અંતરના સદગુણ, સેવા અને સંયમ જેવાં આભુષણ સજવાં જોઇએ."

આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે "આજે બધાને સેવા જોઇએ છે. કોઇને સેવા આપવી નથી પણ સેવા આપ્યા વિના સેવા મળતી નથી. મહાવીર સ્વામીએ સેવા કરવાની આજ્ઞા કરી છે અને ગાંધીજી પણ તેમજ કહે છે. તમે કીડી અને ચકલાં તરફ દયા કરો છો પણ માણસો તરફ દયા બતાવતા નથી. કીડીને મોર નાખો છો પણ ઘરમાં વિધવા હોય તો તે તમારે હાથે આવી નથી જણાતી તેને ખાવાનું પણ આપતા નથી. આથી તમારે માણસો પ્રત્યે પણ દયા બતાવવી જોઇએ." વળી તેમણે આગળ ચાલતા જણાવ્યું કે "આપણે જનસમુહના ઉદ્ધાર અને કલ્યાણ માટે ફંડ ભેગું કરવું જોઇએ."

તે પછી તેમણે અજમેરમાં પ્રાણીઓની સેવા માટેની પાંજરાપોળ જેવી સંસ્થા અને ઢોરોની હોસ્પીટલ દવાખાનાઓ અને યુરોપીયનો ચલાવે છે તે તરફ લક્ષ ખેંચી તેને મદદ કરવાની અપીલ કરી હતી અને તેનો જોત જોતામાં સારો જવાબ મળ્યો હતો આ સંસ્થા અજમેરની પોલીસના દવાખાની વડા હસ્તક છે અને આબુવાળા શ્રી શાંતિવીજયજી મહારાજે તે માટે રૂ. ૫૦૦૦૦ ભેગા કરાવી આપવાનું વચન આપ્યું હતું તેમાંના રૂ. ૪૦૦૦૦ તો ભરાઇ ગયા છે. આ સંસ્થા પાછળ માસીક રૂ. ૭૦૦ નો ખરચ છે અને અનેક યુરોપીયન બાનુઓ અને ગ્રહસ્થો તેમાં કામ કરી રહ્યા છે.

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ નં. ૩ માં છાપ્યું છે. અને
ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબાઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.